

જીવનવાટે

ચિત્રકાર - કનુ દેસાઈ

કુમાર

ભાદરવો

૧૯૯૧

તંત્રી : રવિશંકર રાવળ · સંપાદક : બચુભાઈ રાવત

અંક

૧૪૧



મુદ્રક: બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક: રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂ. ૬ (પરદેશ ૧૨ શિ.) છ માસિક લવાજમ રૂ ૩ (પરદેશ ૬ શિ.) છુટક ૦-૧૦-૦

મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



વખાનાં માર્યાં

ચિત્રકાર · કનુ દેસાઇ

વિરાટ પૂજન

·મિશ્રજાતિ·

અસ્તોદયે ઉદ્‌ભવતા પ્રકાશના
વાઘા વિભો! તારી વિરાટ મૂર્તિને
ધરું;—વળી ઇન્દ્રધનુની મેખલા.

પીસીપીસી કોટિક કાળી વાદળી
કોડે કરું કજ્જલ કૃષ્ણવર્ણી,
સળી લહી સોનલ દામિનીની
કીકી કરું મોહન! મોહિનીભરી.

શતાબ્દીઓના શતલક્ષ આંટે
ગૂંથેલ, ઉત્ક્રાન્તિની અપ્સરાએ
વિનાશ ને સર્જન મૌક્તિકે મઢ્યું
મહાકાળનું સંદિલ મસ્તકે ધરી,
અનંતદર્શી અવકાશ-આયને
તારું બતાવું પ્રતિબિંબ ઓ પ્રભુ!

ઉર્વી ઉરે પીયૂષ છાંટનારી
પાયે ધરું દ્વાદશ મેઘઝારી.
નૈઋત્યની મંદ સમીર-દોરીએ
તરંગની ફેનલ ઝૂલવાળા
સમુદ્રના ચંદરવા હિલોળીને
પંખા કરું ગંભીર ગાન ગાતા.

લૈ વ્યોમની વિશ્વવિરાટ થાળી
મધ્યે મૂકું સૂરજ ચંદ્ર દીવડા,
ઉતારતો વિશ્વસ્વરૂપ આરતી
ઘંટા બજાવું ઘનગર્જનો તણી.

ખોબે ભરી સુન્દર તારકો ને
વિભો! વધાવું નવલક્ષ અક્ષતે.
પ્રફુલ્લતા પંકજપુષ્પ શો હું
લોટી પડું લોચનપાંદડી મીંચી.

પડ્યો પડ્યો પાવન પાવલે પિતા!
તારી કૃપાના શતસિન્ધુ યાચું;
ના બિન્દુએ તાત! લગીર રાચું.

પૂજ્યો તને કૈં પૃથિવીપટેના
પુણ્યાત્મનોએ નિજ શક્ય સૌ કરી,
—નિજ લભ્ય સૌ ધરી;
તેં તો રીઝી દેવ! દરેકને દીધાં
કૃપા તણાં કેવળ કોડિયાં ભરી;
જે હોમતાંમાં જગકષ્ટ-જ્વાલે
ઊડી ગયાં છમ્ છમ થૈ સનાતને!

ને સૃષ્ટિને શીતલ શાન્તિનાં રહ્યાં
સ્વપ્નો જ; એ શાશ્વત પ્યાસ ના શમી,
એ આહ આ અંતર દાહતી રહી.

· · · · · ·

કંકાવટી કોમલ ઉરની કરી
ભાવાર્દ્ર આ કલ્પન-તર્જની ભરી
વિરાટનાં વિઘ્ન વિદારવાને
હું આદરું તારું વિરાટ પૂજન.

રમણિક અરાલવાળા

¶ વિરાટ જીવસૃષ્ટિનાં દુઃખો વિદારવાને પ્રભુને યાચવા માટે, છેલ્લી કડીમાં જણાવ્યા મુજબ, 'કોમળ ઉરની કંકાવટી કરીને તેમાંથી ભાવાર્દ્ર કલ્પનાતર્જની ભરી' જે વિરાટ પૂજન કવિ કરે છે તેના, પહેલી ૨૭ લીટીમાં કરેલા વર્ણનમાં વૈષ્ણવી પૂજના વિધિઓ (વાઘા, શણગાર, અંજન, મુકુટ, દર્શન, પંખો, આરતી વગેરે)નું આલેખન, સૃષ્ટિનાં વિરાટ તત્ત્વોના રૂપકથી જે કલ્પનાદોર વડે ગૂંથીને કર્યું છે એમાં આ કાવ્યની મધુરપ છે. તે પછીની યાચનામાં ભાવોદ્દીપન પણ છે કે 'જગતમાં ઘણા પુણ્યાત્મનોએ પોતાનું શક્ય સૌ કરી (તથા ધરી) ને તારી કૃપા યાચી તેમને તેં માત્ર કૃપાનાં કોડિયાં દીધાં જે જગતનાં દુઃખો ટાળવાને પૂરતાં ન હોઇ તેની કારમી જ્વાલાઓ પર છમછમ થઇ ઊડી ગયાં, અને સૃષ્ટિને શાન્તિની શાશ્વત પ્યાસ તો રહી જ. એટલે કૃપાનાં એવાં બિન્દુ નહિ પણ 'શતસિન્ધુ' માટે કવિની યાચના છે. અને એવી યાચના માટેનું પૂજન પણ આવું જ વિરાટ હોયને?

મારી નજરે


જીવનના સંકલ્પો

● એક તરફ આપણી નામદાર યુનિવર્સિટી દિવાળિયા અભ્યાસક્રમો પર મહોર મારી રહી છે, અને દેશ તમિયાઝાટક પાયમાલ થઇ જાય તોપણ આર્થિક, માનસિક કે શારીરિક બચાવનું એક પણ સફળ સાધન વિદ્યાર્થીને બતાવવા અશક્ત હોવા છતાં તેના પૂજારીઓ દેશના મહા માનવંતા નરો થઇ મહાલે છે તેના મુકાબલામાં ગામડામાં આજે ચાલી રહેલી મૂંગી પણ પ્રબળ સેવા આપનારા નરરત્નો તરફ માનનો અર્ઘ્ય આપ્યા વિના રહેવાતું નથી. પૂ. ગાંધીજી અને તેમનાથી પ્રેરિત સેવકગણના વૃત્તાંતો 'હરિજન'માં જેઓ વાંચતા હશે તેમની ખાત્રી થશે કે અમાપ ચારિત્ર્યબળ ને તપસ્વિતાવાળાં નરનારીઓ આપણી ભૂમિ ઉજ્જવલ કરી રહ્યાં છે ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ અને યુવાનોમાંથી જેઓ એ દળમાં જોડાયા છે તેમને માત્ર ધન્યવાદ આપવાથી જ આપણે ઊગરી જવાના નથી. એમના જેટલું ન બની શકે તેઓ એ દિશા સાંધી રાખીને પણ પોતાના પ્રદેશમાં બની શકે એટલું કર્તવ્ય બજાવવામાં તત્પરતા રાખે તો જ પ્રજાનો દુઃખદરિયો ઉલેચી શકાશે.

મેં ઘણા વિદ્યાર્થીઓ અને તરુણોને જોયા છે કે જેમણે નાનપણમાં સેવા અને સ્વાર્થત્યાગની મોટીમોટી વાતો કરી નાખેલી અને સંકલ્પો દાખવેલા; પણ મોટપણે ધારી પરિસ્થિતિ પ્રાપ્ત કર્યા પછી એ સંકલ્પો અને સ્વપ્નાંઓ જીવનમાં સાચાં કરી બતાવનારા કોક જ નીકળ્યા છે. 'આટલી ઉંમર પછી દેશસેવા જ કરીશું: આટલું કમાઇને નિવૃત્ત થઈ જઇશું: આટલા વ્યવહાર કર્યા પછી કોઈક સંસ્થાને જીવન અર્પી દેવું છે;–એવી મર્યાદા બાંધી જીવન શરૂ કરનારા ઘણા જણમાંથી એ મર્યાદા આગળ થંભીને જીવનની પુનર્ઘટના કરનારા બહુ જ થોડા જણાયા છે.

મોટામોટા અર્થશાસ્ત્રીઓ દેશનું દાળદર દૂર કરવાની ગણત્રીઓ અને આંકડાઓ જાહેર કર્યા કરે છે ત્યારે ગુજરાતના એક શ્રીમંત જામેલી દુકાન અને શ્રીમંતાઇને અવગણી ગામડાનું અર્થશાસ્ત્ર સુધારવા જાતે ગામડિયા બની ગયા છે; તેમની વાત ને તેમનું કામ સમજવાની તક લેવાની એકેએક બેકાર વિદ્યાર્થી અને જુવાનને હું ભલામણ કરું છું. અમરેલી પ્રાંતમાં છેલ્લાં ત્રણ ચાર વર્ષથી શેઠ રામજીભાઈ હંસરાજ એક એવું મથક જગાવી રહ્યા છે કે જ્યાં મોટા કેળવણીકારો ને શિક્ષકોને સૂઝ્યું નથી એવું સાચું શિક્ષણ અને જીવન ઘડાઈ રહ્યું છે. પંદર વર્ષનું ભણતર ભણનારા પરિણામે જે ફલસિદ્ધિની આશા રાખે તે તેમના પ્રયોગોથી ત્રણ કે ચાર વર્ષમાં કોઇ પણ ઉદ્યોગી ને મહેનતુ કુમાર મેળવી શકે એમની પુનર્ઘટના પ્રદર્શનની પત્રિકા જેમણે જોઇ કે વાંચી ન હોય તેમણે તે મંગાવીને જરૂર વાંચવા.

બીજું નજરે ચડેલું જે પાત્ર મને આકર્ષણ કરી રહ્યું છે તે મારા વિદ્યાર્થીજીવનના મિત્ર શેઠ વીરચંદ પાનાચંદનું. વિદ્યાર્થીજીવનમાં અનેક સંકટો ને ગરીબી વેઠી એ ગ્રૅજ્યુએટ થયા, વેપારમાં જોડાયા, આફ્રિકા ગયા, ઠીક પૈસો રળ્યા,



ઉપયોગિતાના દૂરબીન વડે જોતાં તાજો ગ્રૅજ્યુએટ કાંઇ કામનો જણાતો નથી એ જોઇને જગત વ્યગ્ર બને છે. (એક અમેરિકન કાર્ટૂનિસ્ટે દોરેલું ચિત્ર–'લિટરરી ડાઇજેસ્ટ'માંથી)

પણ જીવનના આદર્શો ન ભૂલ્યા. ભણતાં ભણતાં સંકલ્પ કરેલો કે અમુક વર્ષે તો માણસે દેશસેવામાં જોડાઇ જવું જ જોઇએ તે પ્રમાણે તે પોતાનાં ૪૫ વર્ષ પૂરાં થતાં પુત્રો અને પિત્રાઇ-ઓને ધંધો ભળાવી જામનગર તાબેના પોતાના ગામ સમઢિયાળાની પુનર્ઘટનાના કાર્યમાં ઝૂકી પડ્યા છે અને તેમાં પદરની રકમોનો મોટો ફાળો આપવા ઉપરાંત જાતમહેનત, દુરંદેશીપણા અને ચીવટથી એ કાર્યને સંગીન રૂપ આપ્યું છે, એટલું જ નહિ પણ આ યુગના અનેક પ્રકારના વિવિધ રાજકીય સૂરો વચ્ચે પણ પોતાની સેવામાં રાજ્ય, પ્રજા તેમજ ઇતર દેશજનો બધાંની સહાનુભૂતિ અને સહકાર એકાગ્ર કરી શક્યા છે. એમના જેવા વિદ્યાર્થીઓ દેશમાં પાકતા રહે તો સુખનો દિન દૂર નથી.

બે નવાં માસિકો

● અકસ્માતે બે નવાં માસિકપત્રો એકીસાથે મારા હાથમાં આવી ચડ્યાં છે. એક શિક્ષકો અને શિક્ષણનું માસિક છે. તેના તંત્રીઓ જાણીતા શિક્ષણપ્રણેતાઓ શ્રી હરભાઈ ત્રિવેદી અને શ્રી ચન્દ્રવદન શાહ છે. બીજું થાણા જિલ્લાના બોર્ડી ગામની સુનાબાઇ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓનું મુખપત્ર બાલસુધા છે આ બંને માસિકોના ઉદ્દેશો વચ્ચે કશું સામ્ય હોઇ ન જ શકે. એક પરિપક્વ બુદ્ધિના અને શિક્ષણના રહસ્યને જાણનારા વિદ્વાનોને હાથે તૈયાર થયું છે; બીજું હાઇસ્કૂલના ઉપલા ધોરણના વિદ્યાર્થીઓના લેખો રજુ કરે છે.

છતાં મને એ શિક્ષકોના માસિક ‘નૂતન શિક્ષણ’ કરતાં વિદ્યાર્થીઓના માસિકે વિશેષ આકર્ષણ અને સંસ્કારની છાપ પાડી છે. મહારાષ્ટ્રીય પ્રદેશમાં જન્મેલું હોવાથી તે પર મરાઠી ભાષાનું પૂંઠું અને તેમાં વિશેષપડતા મરાઠી લેખો છે; પણ સાથે જ ગુજરાતી વિદ્યાર્થીઓના લેખો પણ સરખી જ સુરુચિથી લખાએલા અને છપાએલા નજરે પડે છે. ખૂબી એ છે કે એકે લેખ બે પાનાંથી લાંબો થવા પામ્યો નથી; છતાં તેમાં વિષયનું સુયોગ્ય નિરૂપણ આવી જાય છે. વળી દરેક લેખ વિદ્યાર્થી-જીવનને શોભાવે એવી પસંદગીવાળો છે. પૂઠા ઉપર કે અંદરની બાજુએ ચીતરામણનો ડોળ કર્યા વિનાનું આ માસિક ખરેખર સુરુચિ અને સંસ્કારનો નમૂનો છે.

‘નૂતન શિક્ષણ’ના તંત્રીઓ અનુભવી હોવાથી તેના લેખોની કક્ષા તો બેશક અભ્યાસપૂર્ણ અને સંગીન લાગે છે, પણ મને એક વાતની હજુ સમજણ નથી પડતી કે શિક્ષણના વિધાયકો આકારના સંસ્કાર પર ઝીણવટથી કેમ જોતા નહિ હોય? એમણે ચીતરામણભર્યાં પૂઠા માટે શામાટે લોભ રાખ્યો? અને રાખ્યો તો તેના સ્વરૂપ અને સંસ્કારની ચીવટ કેમ ન રાખી?

ર. મ. શ.

> ગ્રૅજ્યુએટોમાં કેટલાક બેકાર છે જે કારકૂનની નોકરી સિવાય ખેતીવાડીનું કે બીજું કોઇપણ કામ સ્વીકારવા તૈયાર નથી . . . તેના કરતાં તો જે ધંધાઓમાં જરૂર છે તેવા ધંધાઓની તેમને તાલીમ મળે એમ કરવું જોઇએ. —મુંબાઇના ગવર્નર ના. બ્રેબન

આપણી નજરે

સંસારના સમાચાર

● તા. ચોથી સપ્ટેમ્બરે જીનીવામાં ઇટાલી-ઇથીઓપીઆ પ્રકરણની છણાવટ કરવા લીગ ઑફ નેશન્સની બેઠક મળી હતી. એકંદર સૌ આ બાબત સલુકાઈથી પતાવવા પ્રયત્ન કરી રહ્યા છે, પણ કેટલે અંશે ફળદાયી થશે તેની શંકા છે. બંને બાજુએ લડાઈની તૈયારી ખૂબ જોરથી ચાલુ છે. અમેરિકા હાલ વચ્ચે પડવા નથી માગતું એમ લાગે છે.

● પંડિત જવાહરલાલની સજા મુલતવી રાખી હિંદુસ્તાન સરકારે શ્રી કમલા નહેરૂ જે હાલ જર્મનીમાં સારવાર માટે ગયાં છે તેમને મળવાની રજા આપી છે. નિયમ પ્રમાણે પં. જવાહરલાલ ૧૯૩૬ના ફેબ્રુઆરી મહિનામાં છૂટનાર હતા, પણ શ્રીમતી કમળા નહેરૂ જે આરોગ્યનિવાસમાં છે ત્યાંના મુખ્ય ડૉક્ટરે ખુદ વાઇસરૉયને તાર કરી શ્રી કમળા નહેરૂની પ્રકૃતિ ચિંતાજનક છે એવા ખબર આપ્યા તે પર લાગણી બતાવી વાઇસરૉયે તેમને છૂટા કર્યા અને પંડિતજી એરોપ્લેનમાં ત્યાં પહોંચી ગયા. ત્યાર બાદ દરદીને રાહત મળી છે.

● વાઇસરૉય ક્વેટા ફંડની રકમ ૩૪ લાખ સુધી પહોંચી છે.

● વેનીસ ખાતે સીનેમાની કળાનું ત્રીજું આંતરરાષ્ટ્રીય પ્રદર્શન ભરાશે તે વખતે મુંબાઇની મોશન પીક્ચર સોસાએટીના સભાસદ મિ. અંરોરા પ્રતિનિધિ તરીકે ગયા છે. પ્રભાત ફિલ્મ કંપનીનું ‘અમૃતમંથન’ ચિત્રપટ એ પ્રદર્શનમાં બતાવવા માટે પ્રાથમિક પરીક્ષામાં પસાર થયું છે.

● ડૉ. પટ્ટાભી સીતારામય્યાએ લખેલો કૉંગ્રેસનો ઇતિહાસ કૉંગ્રેસના સુવર્ણ મહોત્સવ વેળા પ્રસિદ્ધ થનાર છે.

● યુનાઇટેડ સ્ટેટ્સ (અમેરિકા)ના લ્યુસીઆના પરગણાના ગવર્નર હુ લૉંગ તેમના રાજકારોબારી વિચારોથી હમણાં ખૂબ જાહેરમાં આવ્યા હતા અને એ દેશના હવે પછીના પ્રમુખપદે પણ તે આવે એવો સંભવ હતો. પણ હમણાં જ અચાનક તેમના વિરોધી પક્ષમાંના એક કટ્ટર દુશ્મને તેમને રાજસભામાં ગોળી મારવાથી તે અવસાન પામ્યા છે.

● અમદાવાદ વસાવનાર સુલતાન અહમદશાહના સમયના (ઇ.સ. ૧૪૧૧ થી ૧૪૪૧) કેટલાક રૂપાના તેમજ ત્રાંબાના સિક્કા મળી આવ્યા છે.

● ગુજરાતી સાહિત્યમાં અગત્યનું સ્થાન ભોગવે એવા બે સાહિત્ય ઇતિહાસ ગ્રંથો હમણાં બહાર પડ્યા: એક શ્રી કનૈયાલાલ મુનશી કૃત અંગ્રેજીમાં લખાએલો Gujarat and its Literature (પ્રકાશક લૉંગમૅન્સ ગ્રીન ઍન્ડ કં. મુંબાઇ. રૂા. ૬–૦–૦) અને બીજો ખંભાત રાજ્યે બહાર પાડેલો શ્રી રત્નમણિરાવ ભીમરાવ કૃત ‘ખંભાતનો ઇતિહાસ’ (જે ગુજરાત સાહિત્ય સભા–અમદાવાદ પાસેથી મળી શકશે).

● પૂનામાં ૧૦મી અને ૧૧મી ઑગસ્ટે મહારાષ્ટ્ર ચિત્રકાર સંમેલન મોટા સમારંભથી ભરાયું હતું. તેના અધ્યક્ષ પ્રસિદ્ધ શિલ્પકાર શ્રી વિનાયક કરમરકર હતા. તેમનું ભાષણ બહુ સમતોલ અને વિચારપૂર્ણ હતું. ચિત્રકાર મંડળે મહારાષ્ટ્રીય કળાનું સંશોધનકાર્ય કરવા એક સમિતિ નીમી છે.

● આડીસ અબાબામાં હિંદી જાનમાલનું રક્ષણ કરવા અને બ્રિટિશ થાણું સાચવવા પંજાબ રેજિમેંટના ૧૫૦ સિપાઇઓ રવાના કરવામાં આવ્યા છે.

● આણીસીનીઆમાં ૧૮ થી ૮૦ ઉમરના દરેક પુરુષ વૃદ્ધને જરૂર પડતાં લશ્કરને સાથ આપવા તૈયાર રહેવાની સૂચના થઈ છે. બલૂનોથી બૉમ્બનો મારો થવાની અગમચેતી આપવા ત્રણ તોપધડાકા થશે અને દેવળોની ઘંટા આપશે તેમજ સીસોટા ફુંકાશે. એ સાંભળતાં જ લોકો અહીંતહીં છુપાઈ જાય અને હુમલો બંધ થતાં છ ધડાકાથી ખબર મળતાં પાછા આવી જાય. આ બાબતની હમણાંથી તાલીમ આપવામાં આવે છે.

● કાલીકટમાં 'મલબાર બાઇ-ઇન્ડિયા-લીગ'ના ઉપક્રમથી આવતા ડિસેમ્બરની તા. ૧ થી ૧૦ મી સુધી ચોથું અખિલ ભારત ખાદી અને સ્વદેશી પ્રદર્શન ભરાવાનું છે. તેમાં એક માતબર કળા-વિભાગ અને ચિત્રપ્રદર્શનની પણ યોજના છે; જે જાણીતા કલાકોવિદ ડૉ. જેઇમ્સ એચ. કઝિન્સને હાથે ખુલ્લું મુકાશે.

● ભાવનગર શામળદાસ કૉલેજની આજની પ્રતિભા અને પ્રતિષ્ઠાના પાયા રોપનાર એ કૉલેજના પ્રિન્સિપાલ અને પ્રખર ગણિતશાસ્ત્રી કાવસજી જમશેદજી સંજાણા ગઇ નવમી તારીખે ૭૮ વરસની વયે અવસાન પામ્યા. જીવનભર અપરિણીત રહેલા એ વિદ્યાવ્યાસંગી ગણિતજ્ઞની કીર્તિ દેશભરમાં વિસ્તરેલી હતી, અને ૧૯૨૨માં લાંબી નોકરી બાદ નિવૃત્ત થયા પછી છેલ્લાં ૧૩ વરસથી બંને આંખોનું નૂર ખોઈ બેઠેલા છતાં 'ઇંટિગ્રલ કૅલક્યુલસ' નામના ગણિતશાસ્ત્રના અતિ કઠિન વિષય ઉપર એક પુસ્તક લખાવતા હતા.

● કેળવાએલા યુવાનોને છાપખાનાના ધંધાનું શિક્ષણ આપવા માટે મુંબાઇમાં 'ઍકૅડેમી ઑફ પ્રિન્ટિંગ' નામની સંસ્થા નીકળવાની છે. મૅટ્રિકની પરીક્ષામાં પસાર થએલાં યુવક-યુવતીઓને જ એમાં દાખલ કરવામાં આવશે નૉનમૅટ્રિકો માટે જુદો અભ્યાસક્રમ રહેશે. તેમને ઍકૅડેમીનો ડિપ્લોમા નહિ મળે, પણ સર્ટિફિકેટ મળશે. અભ્યાસક્રમ ત્રણ વરસનો રહેશે, જેમાં પહેલા વરસમાં કૉમ્પોઝ, બીજા વર્ષમાં યંત્રકામ બાઇન્ડિંગ અને વ્યાપારી શિક્ષણ તથા ત્રીજામાં વ્યવસ્થા સંબંધી કેળવણી અપાશે.

● ભાવનગર શામળદાસ કૉલેજમાંથી બી.એ.માં ઑનર્સ કોર્સના ગુજરાતીમાં પહેલા આવનારને સાહિત્યપરિષદના ફંડમાંથી દર વર્ષે એક 'સાહિત્ય પરિષદ સુવર્ણચન્દ્રક' આપવાનું ઠર્યું છે.

● મધ્યપ્રાન્તના તારા (તરનાર) રવીન્દ્ર ચેટરજીએ લાગટ ૮૮ કલાક ૧૧ મિનિટ પાણીમાં તરતા રહીને સમસ્ત જગતનો લાગટ તરવાનો રેકોર્ડ હમણાં અલ્લાહાબાદ ખાતે તોડ્યો છે.

● રાષ્ટ્રસંઘની ઍસેમ્બ્લીના અધ્યક્ષસ્થાન માટે ડી વેલેરા અને મિ. બેનસ ઉમેદવાર છે, જેમાં મિ. બેનસ નીમાવાની વકી છે.

કવિવર ટાગોરના

વિશ્વને ચરણે રવીન્દ્રનાથ જેવા કવિવર, અવની-ન્દ્રનાથ અને ગગનેન્દ્રનાથ જેવા સુવિખ્યાત કલાકારો, અને સ્વ. મહર્ષિ દેવેન્દ્રનાથ તથા બડાદાદા દ્વિજેન્દ્રનાથ જેવા પ્રખરતત્ત્વચિંતકો ધરનાર કલકત્તાના વિશાળ ટાગોર કુટુંબમાં અચાનક જ આ વર્ષે ૨૧મી જુલાઇએ સવારના ૧૧ વાગતામાં દિનેન્દ્રનાથનું અવસાન થયું.

કવિવર ટાગોરના સૌથી મોટાભાઇ બડાદાદા-દ્વિજેન્દ્રનાથના એ પૌત્ર અને દ્વીપેન્દ્રનાથના એ એકના એક પુત્ર હતા.

શ્રી દ્વારકાનાથ ટાગોરના ઐતિહાસિક પરિવારમાં ઇ.સ. ૧૮૮૩ના ડિસેમ્બરની બારમી તારીખે એટલે બાવન વર્ષ પહેલાં એમનો જન્મ થએલો. બાળપણથી જ એમની કેટલીક નૈસર્ગિક શક્તિઓને અનુકૂલતા મળી હતી. એ ટાગોર કુટુંબ કેટલાયે વિખ્યાત સંગીતકારોને આશ્રય અને પ્રોત્સાહન આપતું. સુપ્રસિદ્ધ ગાયક રાધિકાપ્રસાદ ગોસ્વામી અને સંગીતવિદ્ શ્યામસુંદર મિશ્રના એ પ્રિય શિષ્ય હતા. આ ઉપરાંત કવિવર ટાગોરને શાસ્ત્રીય હિંદુસ્તાની સંગીત શીખવનાર મસ્ત ગાયક જદુભટ્ટનો પણ એમને લાભ મળેલો, એટલે કિશોર વયમાં જ શાસ્ત્રીય સંગીતના ગાયક તરીકે એમણે સૌ વડીલોના અંતરને જીતી લીધું.

યુવાન થતાં ઇ.સ. ૧૯૦૮માં એમને ઍરિસ્ટર થઇ આવવા માટે વિલાયત મોકલવામાં આવ્યા; પણ ગળથૂથીમાં જ સંગીતના ઘૂંટ પીનારને કાયદાકાનૂનનાં પોથાં ઉથામવાનું ઝાઝું પસંદ ન પડ્યું. એમના અંતરને જીતી લેનાર સંગીતના સૂરોએ એમને પાશ્ચાત્યસંગીતના અભ્યાસ તરફ ખેંચી લીધા. એને પરિણામે, પરદેશમાં વીતાવેલા સમયનો મોટો ભાગ એમણે પાશ્ચાત્ય સંગીતનો ગહન અભ્યાસ કરવામાં તથા હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીત સાથે તેનો તુલનાત્મક અભ્યાસ કરવામાં જ ગાળ્યો.

વિલાયતથી પાછા ફરતાં દિનેન્દ્રનાથ એમના વડીલ રવીન્દ્રનાથના હાથમાં પડ્યા. દિનેન્દ્રનાથને પરિચિત વર્ગ 'દિનુબાબુ'ને નામે જ ઓળખતો. કવિવરે એમને પોતાની પાસે ખેંચી લઇને અખંડ કામમાં પરોવી રાખ્યા. પોતે કવિ રહ્યા એટલે ગમે ત્યારે નવાં ગીતો રચે, અને તરત જ પોતાની પાસે રાખેલા દિનુબાબુને હાકલ

કાવ્યસંગીતને એમની રચનાક્ષણોના મૂળ સૂરોમાં સૌ પહેલું ઝીલી સ્વરબદ્ધ કરનાર અને જગતને આપનાર, રવીન્દ્રનાથના

ગાનભાંડારી

દિનેન્દ્રનાથ ઠાકુર



કરે. એમની હાક સાંભળતાં જ એકાદ નાનું સરખું અસરાજ લઇ દિનુબાબુ કવિવર પાસે પહોંચે. નવા ગાનના સર્જનહારને કંઠેથી એ ગીત સાંભળતાં જ દિનુબાબુને કંઠસ્થ થઇ જતું. કવિવર તો ગીત રચી તે દિનુબાબુને શીખવીને રહી જાય; પણ તે પછીનું કવિવરે બેસાડેલા મૂળ સૂરોમાં જ એ સૌને પ્રાપ્ય કરી આપવાનું અતિ પરિશ્રમભર્યું કામ દિનુબાબુ કરતા. કવિવરનાં ગીતોમાંથી મોટા ભાગની સ્વરલિપિ(Notation) એમણે જ તૈયાર કરેલી છે, અને તેનાં તો કેટલાંક પુસ્તકો પણ પ્રકટ થયાં છે. ઘણી યે વાર નવું ગીત સાંભળતાંની સાથે જ કોઇપણ વાજીંત્રની સહાય વિના જ સ્વરલિપિ લખતા મેં દિનુબાબુને જોયા છે.

'ઉસ્તાદ' શબ્દ સાંભળતાં જે રૂઢિચુસ્ત ગવૈયાનો આપણને ખ્યાલ આવે, એ પ્રકારના 'ગવૈયા' દિનુબાબુ ન હોવા છતાં યે ગાંભીર્ય તેમજ માધુર્યભર્યા કંઠે પ્રચંડ કાયાધારી એ પુરુષને ગાતા સાંભળનારને તરત જ એમની પ્રખર સૂરસાધનાનો ખ્યાલ આવે તેમ હતું. સ્વદેશીની આગળના યુગમાં કવિવર ટાગોરનાં પ્રેરણાત્મક રાષ્ટ્રગીતોને દિનુબાબુના બુલંદ અવાજે સાંભળનાર લોકો મુગ્ધ થઈ જતા.

કવિવર ટાગોરનાં લગભગ બધાં જ નાટકો અભિનય યોગ્ય છે, અને એ બધાં નાટકોનાં નવીનતાભર્યાં ગીતો એમનું એક વિશિષ્ટ અંગ ગણી શકાય તેમ છે. એ નાટકો રંગભૂમિ પર ભજવાતાં જોનારને ખબર છે કે તેમાંનાં ગીતો રંગમંચની કોઇક બાજુએ ગોઠવાએલું ગાયકવૃંદ ગાતું હોય છે. સહગાન રૂપે ગવાતાં ગીતોના નેતૃપદે દિનુબાબુ જ રહેતા. પચ્ચીસત્રીસ જણ ગાતાં હોય તેમાંથી ભૂલને લીધે કોનો કંઠ બેસૂર થયો તે તરત પકડી કાઢનાર દિનુબાબુએ પાશ્ચાત્ય સંગીતની કેટલીક વિશિષ્ટતાઓને અપનાવી લઇને નવા પ્રયોગો કરી ઘણાં ગીતોને સફળતાપૂર્વક સુશ્રાવ્ય કર્યાં છે.

વિદેશી સંગીતરસિકોને હિંદુસ્તાની શાસ્ત્રીય સંગીતના સિદ્ધાંતો અને તેની વિશિષ્ટતાઓ સમજાવવાની એક પણ તક દિનુબાબુ ચૂકતા નહિ. વિદેશમાં ખ્યાતિ પામેલા સીલોનના પ્રસિદ્ધ ગાયક દેવર સૂર્યસેન અને ડચ ગાયક ડૉ. આર્નોલ્ડ બાકે તો દિનુબાબુના શિષ્ય થઇને શાંતિનિકેતનમાં આવી રહ્યા હતા.

બીરભૂમ જિલ્લાની મરુભૂમિ વચ્ચે વર્ષોથી ખીલતા શાંતિનિકેતનના સંગીતમય વાતાવરણના સ્રષ્ટા દિનુબાબુ જ હતા. ત્યાંના ઋતુઉત્સવો, સાહિત્યસભાઓ તથા સંગીતપ્રધાન કાર્યક્રમોમાં એમનો જ પ્રભાવ તરી આવતો. કવિવર ટાગોરનાં બંગાળી ગીતો તો પ્રાંતની દિવાલો ભેદીને મુંબાઇ, ગુજરાત, સિલોન અને સિંધ સુધી પહોંચ્યાં છે. મુંબાઇમાં અને અમદાવાદમાં તો રંગભૂમિ પર એમનાં ગીતો ગવાયાં છે અને એના સાથે નૃત્ય પણ થયાં છે, એટલે એ બધે સ્થળે સદ્‌ગત દિનુબાબુનું નામ સ્મરણીય છે.

શાંતિનિકેતનની ઉત્તર દિશામાં સુંદર નાનકડા બગીચાથી વીંટાએલી, કવિવરે 'સુરપુરી' કહેલી કુટિરના કોઇક ખંડમાં બેઠાબેઠા દિનુબાબુ કાં તો કોઇ ગીતની

(અનુસંધાન આગળ પૃ ૩૫૬મે)

શામ્વાનો શિકારી . . . જગતભરના શિકારીઓની

હ્યૂસર્ન સરોવરનો આસમાની વિસ્તાર જાણે એ બે મુસાફર—એક કૂતરો અને એક માણસ—ના પગ પાસે જ નીચે પથરાઇ રહ્યો હતો. સામે અને ચોતરફ બરફમાં ઢંકાએલી ગિરિમાળાઓ પરની પ્રભાતની લાલ સુરખી સરોવરના એ રંગને અજબ ઉઠાવ આપતી હતી. સ્વચ્છ સ્ફટિક જેવી હવા સોંસરવી નજર માઇલો સુધી જઇ શકતી હતી. આ બાજુ સરોવરના વાંકાચૂંકા કિનારે ચાલી જતી અને છેવટે એ હિમગિરિમાં અટવાઇ પડતી વનશ્રી એ રંગના સંગીતમાં મધુરા તાલ પૂરતી જતી હતી, અને પેલી તરફ પેલા ટેકરા પાસે ક્યાંક દ્રાક્ષના માંડવાઓ વચ્ચે ડૂબેલું, સ્વિસ જનતાના મુક્તિદાતા ટેલનું સ્મૃતિચિહ્ન અભણ ગામડિયાઓમાં પણ સ્વદેશપ્રેમ જગાડતું ગર્વભર્યું ઊભું હતું; અને અહીં નીચે, જાણે એ ગૌરવભર્યા ઇતિહાસને વર્તમાન સાથે જોડતી હોય એમ, પેલી વિહારનૌકાઓ લ્યૂસર્નના શાંત વિસ્તારમાં લહેરિયાં ઉપજાવતી અને એ એકસરખા રંગની ભૂમિકા પર ધુમાડાની આકૃતિઓ દોરતી ચાલી જતી હતી.

અચાનક પેલા માણસ મુસાફરે હાકલ કરી: 'રૉબર્ટ! એમ ક્યાં જાય છે? આજે મચ્છીનો વારો નથી. મારી પાસે ક્રૉસ બો છે એનો પણ તને ખ્યાલ ન રહ્યો?'

જાણે શરમાયો હોય એવી મુખમુદ્રા કરતો રૉબર્ટ પાછો ફર્યો અને પોતાના માલિક પાસે આવી પૂંછડી હલાવવા લાગ્યો. પીટરે એના મોઢા પર ધીમો તમાચો મારી હેતથી બોલ્યો: 'તું હમણાં ચક્રમ બની ગયો લાગે છે. બદમાશ, શામ્વા કરતાં મચ્છી વધુ મીઠી લાગે છે, કેમ?'

રૉબર્ટે પીટરનો હાથ ચાટી બચ્ચી લેવાનો અભિનય કર્યો, અને તરત પોતાને ફરમાવાએલા રસ્તે આગળ ચાલ્યો. પણ એમ જતાંજતાં એ મૂંગા પ્રાણીએ પીટર તરફ કાંઇક સૂચક દૃષ્ટિ કરી અકથ્ય ઠપકો આપ્યો. પીટર એની ભાષા સમજ્યો અને બોલ્યો: 'સાચી વાત, હં. મારી જ ભૂલ થઇ. હમણાં તો હું મચ્છીને પણ ક્રૉસ બોથી જ વીંધું છું એટલે તેં ગફલત ખાધી. પણ ભલા આદમી! મચ્છી તો છેવટ નસીબમાં છે જ ને? પણ આવો સુંદર દિવસ ક્યારે આવશે? વરસાદમાં કંઇ શામ્વાના શિકારે થોડું જવાશે? તું એમ કંટાળીશ તો આપણો આરો ક્યાંથી આવશે?'

પણ એ નિમકહલાલ પ્રાણીને આવા લાંબા ભાષણની જરૂર જ ન હતી, તેમ તે સાંભળવાનો તેને અવકાશ પણ ન હતો. તેની આગળ બરફથી છવાએલો રસ્તો પડ્યો હતો અને એ રસ્તાનો ઇંચેઇંચ તેને સૂંઘતા જવાનો હતો. જો એના સૂંઘવામાં જરાપણ ભૂલ થાય તો કાં તો પોતે રસ્તો ભૂલે, અથવા તો બરફથી ઢંકાએલા પોલાણ પર જઇ ચડે તો અંદર પટકાય. અને પોતાની એ જોખમદારી તે કાંઇક બુદ્ધિથી, કાંઇક અંતઃપ્રેરણાથી બરોબર સમજતો હતો.

અને એ જોખમદારીને પહોંચી વળે એવું સશક્ત એનું નાક હતું. બબ્બે માઇલથી તે શામ્વાને સૂંઘી શકતો અને પંદરવીસ ફૂટ જાડા બરફના થર નીચે પડેલી વસ્તુઓને પણ પામી જઇ શકતો. એક વખત એવી રીતે બરફના વરસાદનો ભોગ બનેલાં પીટરનાં ઘણાં બે ઘેટાંને એણે બરફ નીચે પડેલાં શોધી આપેલાં અને તેના ઇનામમાં એક ઘેટું મેળવેલું. અને તેની આંખ પણ ઓછી ચાલાક ન હતી. પીટર કેટલાક વખતથી પોતાની ધનુર્વિદ્યાના ગર્વમાં બાણથી મચ્છી મારવાની અજમાયશ કરતો ત્યારે એ રૉબર્ટ પણ એ બાણના જેવી જ ત્વરાથી એ મચ્છીઓને બહાર લાવી આપતો. અને આથી હમણાંહમણાં તેને મચ્છીનો એવો શૉખ થયો હતો કે આજ શામ્વાના શિકારનો વારો આવતાં તેને જરા અણગમતું થયું હતું.

પણ ગમતું કે અણગમતું, ગમે તે કામ આવી ચડે ત્યારે પછી તેને વધાવી લેવાના મતનો તે હતો; અને તેથી પોતાના શરીરની શક્તિઓને આંખ, કાન અને નાકમાં એકાગ્ર કરીને તે આગળ ને આગળ ચાલ્યો જતો હતો. તેઓ એક ટેકરી વટાવી ગયા. લ્યૂસર્ન અને તેનું વનસ્પતિજન્ય સૌંદર્ય એ ટેકરીની પાછળ ઢંકાઇ ગયાં અને હિમક્ષેત્રનું ઉજ્જ્વલ સૌંદર્ય તેઓની દૃષ્ટિએ પડ્યું બરફના એ આંજી નાખતા વિસ્તાર પર પ્રકાશનાં કિરણો લગભગ એકસરખો જ ખૂણો કરતાં હતાં, તેથી અંજાએલી આંખે નિશાન તાકવામાં મુશ્કેલી લાગવાથી પીટરે પોતાનાં રંગીન ચશ્માં આંખ પર ચડાવી લીધાં. રૉબર્ટની ખડતલ આંખો તો ગાઢ અંધકાર કે ઉજ્જ્વલ પ્રકાશ સાથે યુદ્ધ કરવા ટેવાએલી

ઝિંદાદિલી મૂર્ત કરતી સ્વિસ જીવનની વાર્તા

હતી જ; અને નહિતર પણ કૂતરાને કોણ ચશ્માં પહેરાવે?

એકાએક રૉબર્ટ ઊભો રહ્યો. થોડીવાર તેણે હવાને આમતેમ સૂંઘી ને પછી જે તરફથી હવા આવતી હતી તે તરફ નાક માંડ્યું. હાશ! કેવું સદ્‌ભાગ્ય કે પોતે હવાને હેઠવાસ હતા? નહિતર જેમ પોતે અત્યારે શામ્વાને સૂંઘી રહ્યો છે એમ જ તેઓ પણ તેની ગંધે ચેતી જાત ને? ઠીક થયું. નાકનું કામ તો પૂરૂં થયું. પણ હવે આંખે અને પગે ચાલાકી વાપરવાની હતી. તે આગળ વધ્યો. પીટર એને પગલે પગ માંડતો પાછળ ચાલ્યો.

પણ સબુર! વાસ પેલી જ ટેકરીની પાછળથી આવે છે અને શામ્વાની દૃષ્ટિ અને ઘ્રાણશક્તિ બંને કૂતરા કરતાં વધુ તીક્ષ્ણ હોય છે.

બંને શિકારી ચુપકીદીથી પગ મૂકતા એ ટેકરીની પાછળ છુપાઇ શકાય એટલે ઊંચે ગયા. અને આહ! કેવાં સુંદર આઠેક શામ્વા ત્યાં ચરી રહ્યાં હતાં! કદાચ માઇલોની મુસાફરી લેખે લાગે. પેલા નરની 'દાઢી' કેવી સુંદર હતી! એની પીઠ પર તે દાઢી કાળી ભમ્મરજેવી ઊભી હતી અને એના સફેદ છેડા પાછળના બરફના રંગ સાથે મળી જતા હતા. કાંઇ નહિ તો પણ પેલી અંગ્રેજ કે ફ્રેંચ લલનાઓ તેના ચામડાના આઠ દસ પાઉન્ડ તો આપી જ જાય. પણ પેલી બુઢ્ઢી શામ્વા ટેકરીના ઊંચામાં ઊંચા બિંદુ પર બેસી રહી ટેકરીની ચારે તરફની હવાને સૂંઘ્યા જ કરતી હતી, એ જ મોટી આફત હતી ને? આખા કુટુંબની સહીસલામતીનો આધાર એ બુઢ્ઢી પર હતો અને બીજાં તો નિશ્ચિંત ચરતાં હતાં; કેમકે એ પ્રાણીઓ કુદરતે બક્ષેલી અને ટેવે દૃઢ કરેલી કોઇ અગમ્ય પ્રેરણાથી સમજતાં હતાં કે પોતાનું કામ તે રક્ષક બિનચૂકે બજાવશે; માટે પોતે ચરાય એટલું બરફની છૂટીછવાઇ તરાડમાંથી મળી શકતું લીલું કુમળું ઘાસ ચરી લેવું. અને પેલાં નાનાં બચ્ચાં! એને તો જીવન જાણે એક ક્રીડાંગણ જ લાગતું હતું. જગતના ઝેરી પવનો હજુ એના પરથી વધારે પસાર થયા ન હતા. પોતાના કુટુંબના અનેક દુશ્મનોમાંથી હજુ થોડાને જ તેઓએ જોયા હતા, અને તેથી ઘડી કૂદતાં, ઘડી દોડતાં અને ઘડી પોતાની નાની શીંગડીઓ વડે કુસ્તી કરતાં તે બાલપણ સાર્થક કરી રહ્યાં હતાં.

પણ એવામાં એક નાનો અકસ્માત થઇ ગયો.



શામ્વા : યુરોપ અને પશ્ચિમ એશિયાનું વાસી, બકરાને મળતું એક પ્રકારનું અતિ ચપળ હરણ: એનું વૈજ્ઞાનિક નામ Rupicapra Tragus.

પીટર પોતાનું ક્રૉસ-બો તાકવાની ધમાલમાં હતો એવામાં એનો પગ નીચેના સુંવાળા બરફ પર લપસ્યો. એક સહેજ અવાજ થયો અને જે બે પથ્થરો વચ્ચેની તરાડમાંથી તે જોઇ રહ્યો હતો. તેની ઉપર તેના માથાનો થોડો ભાગ એક ક્ષણભર દેખાઇ ગયો. પેલી ચોકીદાર માદાના કાન થંભી ગયા. તેની ગરદનના સ્નાયુ કડક થયા. તીક્ષ્ણ નજરે તેણે ટેકરા તરફ જોયું. પણ એ પહેલાં તો પીટરે પાછું સ્વાસ્થ્ય મેળવી લીધું હતું, તેથી તે કાંઇ જોઇ ન શકી. છતાં તેના નાકે તેને ખબર આપ્યા કે એ ટેકરાની પાછળ ભય છુપાએલો છે. એ જ પળે એણે એક તીણી ચીસ નાખી. એકાએક બચ્ચાંની રમત અટકી પડી અને ચરતાં હતાં તે બધાં પણ ભેગાં થઇ ગયાં. બધાંએ એ ટેકરી તરફ નાક માંડ્યાં અને તુરત આખું ટોળું નાઠું.

અને આ બધું એવી ત્વરાથી થઇ ગયું કે પીટરને એ શામ્વા ઊભાં હતાં ત્યાં સુધીમાં બાણ સાંધવાનો સમય જ ન રહ્યો. જોકે પીટરના જીવનમાં આ નાસિપાસી પહેલવહેલી ન હતી. એવી રીતે તો કેટલા યે ફેરા નિષ્ફળ ગયા પછી માંડ તેને એકાદ શામ્વા હાથ

(અનુસંધાન આગળ પાન ૩૫૪મે)

પશ્ચિમ કંઠારનાં પ્રાચીન



કેવળ નામ વાંચીને જ આ લેખનાં પાનાં ઉથલાવી મારશો નહિ...
એમાં વહાણોના સુકા પરિચય કે ઇતિહાસના અળખામણા આંકડા નથી; પણ...
પ્રાચીન હિન્દનો માતબર ઈતિહાસ રચનાર આપણા બખ્તાવર વહાણવટાની રોમાંચકારી ગૌરવગાથા અને...
એ જ વહાણવટાની આજની ગળગળા બનાવી મૂકે એવી કરુણ અવદશા, સણસણતે હૃદયે લખાએલી 'સુકાની'ની રૂંવાં ઊભાં કરે એવી બાનીમાં ચીતરાઇ છે....
એ અચૂક વાંચજો, - ધ્યાનપૂર્વક વાંચજો...
અને અભ્યાસની ખેવના હોય તો સાથે આપેલાં ચિત્રો અને તેને લગતી વિગતો ઝીણવટથી તપાસી જજો.

આ લેખ સાથે (જુદાં પાનાં ઉપર) કેટલાંક ચિત્રો આપ્યાં છે. તેમાંનાં થોડાંક જૈન પુરાતત્ત્વ શોધનને પરિણામે મળ્યાં છે. એમાંથી પ્રાચીન વહાણો વિષે ઘણું જાણી શકાય એમ છે. ત્રણ નકશાઓ છે તે આજથી બરાબર ૧૦૨ વર્ષ ઉપર ૧૮૩૩ના જૂનમાં વિલાયતમાં છપાયા હતા. એ નકશાઓ ધાઉ, બગલો અને બતેલો દેખાડે છે. બાકીનાં ચિત્રો આજના વહાણવટાના પ્રતિનિધિ જેવાં શંભૂક, જમની, કોટિયા, બતેલા, ભૂમ, દંગી વગેરેનાં આબેહૂબ આલેખન છે.

એ ચિત્રો ઉપરથી વહાણોની જાત કેમ ઓળખાય, અને તે તે જાતની વિશેષતાઓ કઇ કઈ છે, એની સમજણરૂપે થોડુંક લખવાનો અસલ ઇરાદો હતો. એ ઇરાદો કાયમ છે, છતાં એ સમજણ પૂરતું જ લખવાથી બહુ જ ગંભીર ગેરસમજણ ઉત્પન્ન થાય એમ છે; એટલે એ નાનકડી સમજૂતીના પ્રવેશક રૂપે આ જરાક મોટી નોંધ લખવી પડે છે.

ખેડૂના ગાડાથી માંડીને ઘોડાની સગરામ સુધીનો ખુશ્કી વાહનોનો વિકાસક્રમ દેખાડનાર દેશી એવો દાવો કરે કે આ દેશમાં એક કાળે કલ્પનાની ગતિએ જ વિમાનો ઊડતાં હતાં, તો આજનો પરદેશી વૈમાનિક, જવાબમાં ફક્ત ઘોડાની સગરામ જ ચીંધી દેખાડે. એ સ્વાભાવિક છે.

ઈસુ પૂર્વે પણ ચીન, બલિ, જાવા, મિસર વગેરે દેશાન્તરો સાથે હિંદનો વ્યાપાર હિંદી વહાણો કરતાં હતાં, ઇટલી જર્મની વગેરે એક બાજુ અને દખણ અમેરિકા બીજી બાજુ એમ આજે જણાએલી સારી પૃથ્વી ઉપર હિંદી વહાણખેડૂઓ ફરી વળ્યા હતા, વગેરે વગેરે દાવો કરનાર, જો આજે દેખાય છે તેવાં, એ કોટિયા, બતેલા, ભૂમ વગેરે ચિત્રોમાં આપ્યાં છે તેવાં જ, ઘોડાની સગરામ જેવાં જ વહાણો દેખાડી શકે, તો આજની યૂરપા, બ્રેમેન, રેક્સ, ઇમ્પરેટર, નોરમન્ડી અને ક્વીન મેરીના બાંધનારાઓ અટ્ટહાસ્ય કરે એમાં નવાઇ નથી.

—અને એ તિરસ્કારના કઠોર પડઘા, સારાયે હિંદની સૂની કંઠારે આજ સૈકાઓ થયાં સંભળાઇ રહ્યા છે!

આ દેશી વહાણો આજે તો ગામઠીને નામે ઓળખાય છે. દફતરી ઇમારતમાં એને આજે 'કન્ટ્રીક્રાફ્ટ' કહે છે. થોડાંક વર્ષ પહેલાં એ 'નેટિવ ક્રાફ્ટ' કહેવાતાં.


આ વહાણોની દરિયાખેડ એટલી તો સંકડાઇ ગઇ છે કે એમની બોલીમાંથી પણ વિશાળ દરિયાની ઓળખાણ ભુલાઇ–ભુંસાઇ–ગઇ છે. કચ્છી અખાતમાંથી હર ઘોસે બહાર પડતા કોઈ પણ વહાણને પૂછી જુઓ કે હોકાના ચાંદામાં વાયવ્ય દિશને એની ભાષામાં શું કહે છે? જવાબ મળશે: બખાઇ લાલ—એટલે કે બસરા તરફની દિશા. તેમ જ કલિકટની દિશા તે

વહાણો

મલબારી લાલ. બસરાથી પાછાં વળતાં જે દિશામાં મકરાન આવે તે મકરાણી લાલ. અને અરબ્બી વહાણોમાં સફર કરનાર કે અરબ્બી ઇબારતમાં બોલનાર આ જ નામો જુદીજુદી દિશાને લગાડશે. જેને કલિકટ વાયવ્ય હોય તે ખારવા વાયવ્યને મલબારી લાલ કહેશે વગેરે. પણ મુદ્દાની વાત એ છે કે એક વાર દક્ષિણ સમુદ્રમાં ઘૂમતા જે બબ્બાવાર વહાણવટીઓ 'દક્ષિણ' માટે સધર્ન ક્રૉસ ઉપરથી 'ચોકી' શબ્દ વાપરતા હતા તેમના સંતાનોની સીમ આજે 'બખાઇ'ને 'મલબારી' વચ્ચે સંકડાઇ ગઇ છે !

* ઘુઘા પગીની સાહસભરી સાગર-ખેડનો બડાઇભર્યો સાર ખુદ એને મોંએ પણ એટલો જ છે: "તર્યે નઇ! બંગાળ 'ને મલબાર 'ને કાલીકોટની કંઇક ખેપું કરી છે મીંએ. આમ બસરા લગી જાઇ આવ્યો છું.' અને એ બખાઇ ઘોસ તો એટલી વસમી થઇ પડી હશે કે કચ્છમાંડવીની બખાઇ-બજારમાં એક કહેવત હજુ પણ ચાલે છે કે 'બખાઇના ખબર બખાઇ ભેરા.'

મુંબાઇના પડાવ બંદરમાં કે કરાચીની નેટિવ જેટ્ટી પાસેના ઘાસ બંદરમાં પડેલાં આપણા લૂટચા તૂટચા સરખા વહાણવટાનાં આ ખંડિયેરોમાં કોઇ પુરાતત્ત્વવિદ્ હજુ કેમ નહિ પહોંચ્યો હોય? સાત સાત દિલ્હીનાં ખંડિયેરોની કથાને ભુલાવી દે એટલી કરુણતા આ કંઠારે ભંડકભંડકમાં ઊભરાય છે, અને આ એકેકે એક ખુવો, અશોકના થંભ કરતાં વધારે જૂનો ઇતિહાસ કહી શકે એમ છે.



હોકાયંત્રની દિશાઓ માટે આપણા વહાણવટામાં આજે વપરાતાં નામો ઉપલા ચિત્રમાં આપ્યાં છે. એમાંનાં કેટલાંક કચ્છી છે, કેટલાંક અરબી છે. સાથેના લેખમાં આ સામેના જ પૅરેગ્રાફમાં જણાવ્યું છે તે પ્રમાણે આજે તો આપણી દરિયાખેડ એટલી તો સંકડાઈ ગઈ છે કે એમની બોલીમાંથી વિશાળ દરિયાની ઓળખાણ ભુંસાઇ ગઇ છે, અને જુદાંજુદાં બંદરોની દિશા ઉપર જ મોટે ભાગે નામ રાખે છે.

આજના આધુનિક વહાણવટીઓ તો દુનિયાભરના મુસાફર હોતાં કેવળ દિશાનાં જ નામ વાપરે છે, પણ ચાલુ વ્યવહારમાં તો ઉત્તરદક્ષિણ રેખાને બે પડખે ૧૮૦ અંશ ગણી કયે પડખે કેટલા અંશે મોરો રાખવો એટલું જ બોલે છે. આજના ટંડેલો દિશાનાં નામ નથી પુકારતા, પણ સુકાનીને 'course'-દિશા દેખાડવા અંશનો આંકડો જ બતાવે છે. જે અંશને એ 'ડિગ્રી' નથી કહેતા પણ points–પૉઇન્ટ્સ કહે છે. દાખલા તરીકે 'Set a course by 15 points East' એમ કહે છે. આથી દેશી નામોમાં જે માનીય ભેદ રહે છે તે એનાં નામોમાંથી સહેજે નીકળી ગયા છે.

આપણી દેશી ભાષાઓમાં ખૂણાઓનાં નામ આ પ્રમાણે છે: ૯૦° (ડિગ્રી)=કાટ-કાટખૂણે; ૪૫°=ખણ; ૨૨½ અધખણ; ૧૧¼=તીર; ઝીણી, અધતીર અથવા ૧ ડિગ્રી.

હવાની દિશા પણ કાંટા ઉપર બોલાય છે: જેમકે સાતેસરી, બગતરો, નાશી બગતરો વગેરે.

આ વહાણવટા વિષે ઉપરટપકી ભણતરિયા તપાસ કરનાર પણ જોશે કે એમાં નાખવાને બાર મહીને રૂ. ૩૦૦નો નાદર પગાર મળે છે! ખારવા-ઓને ૧૫૦થી ૨૫૦ સુધી મળે છે. ઉપરાંત જુવા-રના ભેળવાળા બાજરાના આટાનું પેટિયું પણ મળે છે! ખટારાને ભાવે માલ ઉપાડતી સ્ટીમરોનાં સસ્તામાં સસ્તાં નૂર પણ ન ખમી શકે એવો માલ એ વહા-

* ઝવેરચંદ મેઘાણી કૃત 'સોરઠને તીરેતીરે' પાનું ૧૨

ણોમાં ભરતી થાય છે. '"હીંડો ન હલ' ને કોઇ ન ચે હલ" એવાં ખાલોખમ બનેલાં આ વહાણોમાં કોઇ વાર બાવા વેરાગી કે એવાં જ મુફલિસ બડિયાં (ઉતારૂ) પણ સફર કરે છે. ધણિયાતાં વહાણો તો આખર સિવાયની ઋતુમાં ખરાબત ભરતી ગોળની બે ચાર ઘોસ કૂટી કહાડે છે; વસીલાદાર વછિયાતોવાળાં પણ જેમ તેમ નભી રહે છે; પણ ન ધણિયાતાં કે નબળાં ધણીનાં વહાણો ઉપર તો નાખવાની ને ખારવાઓની સ્થિતિ દયાજનક હોય છે. વળી આ વહાણોનું લોઢી હલકું એટલે એને સહુ ભાંડે એવી આજે સામાન્ય સ્થિતિ છે. વહાણધણીને આટલા સસ્તા ખલાસ[2] પણ ભારે પડે છે એટલે વહાણને તેલ ચોપડ ને ઘૂડ[3]ના પણ સાંસા રહે છે. પરિણામે માલ ભીંજાય તો નાખવો દીણાય છે. સમારકામના અભાવને લીધે નબળાં વહાણો મોજે ભેખડાય અને હલકાં થાવા વામણી કરે તો નાખવો દરાગી લેખાય છે. એવાં વહાણના વીમા પણ એકબે અપવાદ સિવાય કોઇ હાથ ધરતું નથી!

આ આજનાં કન્ટ્રી ક્રાફ્ટ—ગામઠી વહાણો—એ પ્રાચીન વહાણવટાના કલશ નથી, પણ એનાં પાયા-ઉખેડ ખંડિયેર છે એ વાત સમજ્યા પછી જ આવાં વહાણો વિષે પણ આપણું આજનું અજ્ઞાન એ કેટલું ગુનાહ ભરેલું છે એ સમજાશે; એ ખંડિયેરને પણ મરણ-તોલ ઘા કરનાર એ અજ્ઞાન જ છે એ સમજાશે; સાથે સાથે એ માતબર ઇતિહાસ રચનાર જબરદસ્ત વહાણવટું ભૂતકાળના દરિયાઓમાં શા માટે ગરક થઈ ગયું એનું કારણ પણ સમજાશે. આપણા ખુશ્કી સમાજમાં વહાણવટા વિષેનું અજ્ઞાન કોણ જાણે કેટ-લું યે પ્રાચીન હશે. પાતંજલ મહાભાષ્યમાં વિશેષણી ક સમજાવવા માટે 'અદૃષ્ટસમુદ્રક' એવો પ્રયોગ ઉદાહરણ રૂપે આપ્યો છે. એ મહર્ષિ ભાષ્યકારે તો એ વિશેષણ આયોધ્યિક (અયોધ્યાવાસી)ને લાગુ પાડ્યું છે. આજે એ વિશેષણ કંઠારે વસતી ઘણીખરી પ્રજાને પણ લાગુ પડે છે એ આપણી અધોગતિની અવધિ દેખાડે છે. ખુશ્કી એશઆરામના શોખ આપણને લગાડનારી આજની સંસ્કૃતિએ આ કંઠારે વસતી પ્રજાઓમાંથી પણ દરિયાઈ ખમીર ઓસાવી દીધું છે. પશ્ચિમ કંઠારે બી. બી. ઍન્ડ સી. આઇ.ની રેલવે છે; પૂર્વ કંઠારે બંગાલ નાગપુર અને એમ. એસ. એમ. છે અને બે હજાર કોસની ધીખતી કંઠાર ઉપરનાં બંદરોની કરપીણ કતલના પાયા ઉપર આ રેલવેઓ આજે દોડે છે. એ બંદરોનો નાશ થતાં એ બંદરોને ધીખતાં રાખનાર વહાણવટાનો નાશ થયો, અને એ વહાણવટા ભેળું જ સાગરબચ્ચાઓનું નખ્ખોદ નીકળી ગયું. જે બંદરો આજે પરદેશી અને એ સાથે અરસપરસની આયાત નિકાસ માટે તરતાં રહ્યાં છે તે બંદરો વચ્ચે પણ મોટે ભાગે પરદેશી વહાણવટું ચાલે છે. એમાં લાખો હિંદીઓ ખલાસી બની ચડે છે, પણ સ્ટીમર ઉપરના એ ખલાસીઓને સાગરવંશી કહેવા એ તો એરોપ્લેનમાં મુસાફરી કરનારને ગરુડવંશી કહેવા બરોબર છે!

પણ જ્યાં રડચાંખડચાં ગામઠી વહાણો ચાલે છે ત્યાં હજુ સાગરવંશ દેખાય છે. એ નાખવાઓની મેલી-ઘેલી ચીંથરેહાલ બંડી નીચે સાગરના અમોલ ખમીરે ઉકળતાં હૈયાં ધડકે છે એમાં શક નથી. આવાં તૂટયાં-ફૂટયાં વહાણોમાં, જરૂર પડ્યે ગમે તેવા દરિયાને પણ બરદાસ્ત કરી શકે એટલી તાકાદ આજે પણ મોજૂદ છે. એમને મધદરિયે મળતી અનેક આલેશાન સ્ટીમ-રોનાં તુતક ઉપરથી એમના ઉપર કિંમતી દૂરબીનો મંડાય છે. એ દૂરબીન માંડનાર પરદેશી કપતાનો આ નાચીઝ જેવા લાગતા ધંધા સાથીઓ ઉપર આફ્રીન હોય છે. આ બહાદર નાખવાઓ માટેની પ્રશસ્તિ આ તમારા 'સુકાની'એ અનેક તુતક ઉપરથી, અનેક પરદેશી કૅપ્ટનોને મોંએ અનેકવાર સાંભળી છે.

તક મળતાં આ નાખવાઓનું ખમીર દેખાઇ આવે છે. નાનાં વહાણ હોય કે મોટાં, સાજાં વહાણ હોય કે બિસમાર, સ્ટીમર હોય કે પવનના ઘોડા એનો એમને કશો હિસાબ જ નથી. દરિયાનો સામનો કરવાની તાકાત એ તો નાખવાના જિગરમાં હોય છે, વહાણોમાં નહિ! જે બેપાંચ ફૂટી નાખવાઓ આજે પણ પશ્ચિમ પંથારમાં મિસ્કીન પડ્યા છે તેમાં એ જિગર હજુ યે સાબદું પડ્યું છે! એ તણખામાં ફૂંક ભેળી પ્રચંડ જ્યોતિ ભડકી ઊઠે એમ છે. પણ એ ફૂંક ક્યાં?


---

૧ ભાંગેલાં, ખાલી અને કોઇ 'ચાલ ભાઇ' એમ ન કહે એવાં.

૨ ખલાસ=ઘોસ (Voyage), ખલાસીઓ (Crew)ના પગાર વગેરેનું ખરચ પત્રક (Portage Bill).

૩ ઘૂડ=બે પાટિયાંની વચ્ચેની સાંધોમાં કાથો, ડામર વગેરે કસણીને પૂરવી તે;—કૉકિંગ Caulking.

આજે પણ જ્યાં ગાગડી વહાણો ચાલે છે ત્યાંના આવા નાખવાઓમાં હજી પણ સાગરવંશ દેખાય છે એમની ગેલી-ઘેલી ચીંથરેહાલ બંડી નીચે સાગરના અગોલ ખમીરે ઊછળતાં હિયાં ધડકે છે. વાંચો સામેના પાનાના છેલ્લા બે પેરેગ્રાફ



આ હજુ તાજી જ વાત છે. કચ્છની ભૂખી કાંઠીના કોઇ લખા-ધિપતિ શેઠિયાઓને વહાણે ભવાન નાખવો ચડતો. શેઠિયાઓનાં વહાણ જંગબાર મુમ્બાસા સુધી ખેડ કરતાં. ભવાનની ઉમર કાચી હતી, પણ એ દરિયાલાલને પારણે જન્મ્યો'તો. દેશદેશાવરનો એ જોગી હતો.

ઇસ્વી ૧૯૧૫ની સાલ હતી. યુરોપનો મહાભારત જંગ જોરાતો થતો જતો હતો. એ વખતે ભવાનનો કોટિયો સીસલ (Seychelles)માં સલવાઇ રહ્યો હતો. લડાઇના હંગામે દરિયા જોખમી બની ગયા હતા. સીસલમાં જે થોડા ગોરા દરિયાઇ અફસરો હતા તે બધા એક યા બીજે કામે ચડવા માંડ્યા હતા. સીસલનાં સરકારી જહાજોના કામોદા ગોરાઓ ફોજી આરમારીમાં જોડાતાં, એ ટાપુઓના વહીવટમાં ખલેલ પડવા માંડી હતી. ખાસ તો ફોજી અસબાબ પૂરવ આફ્રિકામાં પહોંચાડવાનો હતો; દખણ આફ્રિકામાં પહોંચાડવાનો હતો—ત્યાંથી કિલ્લેબંધી માટે, નરી બંદોબસ્ત માટે, ગીસતના મેલાણ સરંજામ માટે, હજારો જણસ સીસલ લાવવાની હતી. અને એ મહાસાગરના ધોસ માટેનું જે ખાસ જહાજ તે અફસર વિનાનું બની ગયું હતું.

સીસલની સરકાર મુંઝાઇ અને લાચાર બની ત્યારે બારામાં પડેલાં સદનાં જહાજોને રોકવા માંડ્યાં. એમાં આરબ હતા, સોમાલી હતા, જર્મનિયા હતા, ઇરાની હતા અને એ પશ્ચિમધરાનો નાખવો ભવાન પણ હતો. ભવાનને હજુ મૂછો ફૂટવા માંડી હતી. સરકારી અફસરે બધાં વહાણો બાંધી લીધાં. એક સવારે ભવાનનું વહાણ બાંધવા ઍડમિરૅલ્ટીનો અફસર ભવાનને કોટિયે ચડ્યો. એના કોલ, ચોકી ધોસ વગેરે જોયાં. એનાં જન્તર-યન્ત્ર જોયાં. સાથે સાથે મોટી અજાયબી વચ્ચે એ નાખવા પાસે એણે નોરીના કોઠા જોયા, બાઉનની આલમનાક જોઇ, આઝીમુથનાં કોષ્ટક જોયાં, ઍડમિરેલ્ટી-ના ચાર્ટ જોયા અને એ અફસર વિચારમાં પડ્યો.

ચોથે દહાડે તો ભવાન નાખવો સરકારી સ્ટીમરના તુતકે સોળેકળાએ કપતાન નીમાયો! 'લડાઇ ચાલે ત્યાં સુધી' એને બોર્ડ ઑફ ટ્રેડની માસ્ટર્સ ટિકેટ કપતાનની 'નલી' મળી. કૅપ્ટન ભવાન ઇસ્ટ આફ્રિકા ગયો, સાઉથ આફ્રિકા ગયો, સીંગાપોર ગયો, રંગૂન ગયો, પણ લડાઇ પૂરી થતાં ફરી પાછો ભવાન નાખવો બની ગયો! ગોરાની ગરજ સરી રહી પછી કાળો તે તો કાળો જ! લડાઇ પછીનાં બેએક વર્ષ ભવાને કોટિયો ખેડ્યો. ડર્બનમાં રંગૂનના ચોખા એકબે ખેપ ઉતાર્યા. પછી તો એ કોટિયો બેકાર પડ્યો. ભવાન પણ ઘેર બેઠો. આ અરસામાં ભવાનને ફરી સ્ટીમરનું તુતક સાંભર્યું. એ તમારા આ 'સુકાની'ને શોધતો આવ્યો. 'સુકાની'એ એને છ મહિના ઘેર રાખ્યો. ભવાન અંગ્રેજી શીખ્યો; વાયર્લેસ વૉચરની પરીક્ષા પસાર કરી; ચોથા અફસરની નોકરી પણ ગોઠવાઇ; પણ કોઇ અનિવાર્ય સંજોગે એણે એ ન સ્વીકારી. ફરી એણે કોટિયાનું સુખાણ ધર્યું.

ઇસ્વી ૧૯૨૫માં, થોડાક દહાડાની ગેરહાજરી પછી 'સુકાની' એક વાર ઘેર આવ્યો. ઘરમાં જંગબારની નામચીન સાદડીઓ પડી હતી. મૉમ્બાસાથી આડમાર્ગે પાછા ફરતા ભવાન નાખવો જાતે આવી આ અમોલી ભેટ મૂકી ગયો હતો. એ ભેટ માટે ઉપકાર દર્શાવવા 'સુકાની'એ ભવાન ઉપર કાગળ લખ્યો. જવાબમાં

પૂર્વમાં છેક (મેકિસકો–ચીલી)થી માંડી પશ્ચિમમાં કેરો (મિસર) સુધી આર્ય સંસ્કૃતિને પ્રસરાવનાર જબરદસ્ત શક્તિ તે પ્રાચીન હિંદી વહાણવટું, એની આજની અવદશાનું આલેખન આ પાનાંઓ ઉપર ઉતાર્યું છે.

ગોડા ખબર આવ્યા. મૉમ્બાસાથી પાછા ફરતાં, ઘરના પાણીમાં, ઉબરની સીમમાં, કોઇ હડકયા ઘડા * ઉપર, ભવાન, કોટિયા સોત, લાસ ગયો હતો! ભાંગેલા કોટિયા ઉપરથી દરેકે દરેક ખારવાને જીવતો ઉતારી ભવાન નાખવો છેવટ સુધી ફરજ અદા કરતો ઊભો—અને સાગરના ખાંડા જેવા પોતાના પાલનમાં એણે સમદર સમાધ લીધી. 'રાતે બાર બજ્યા હસે. પીરોટણુ મૂકાને થોડોક આગર થયો ત્યાં ધરિયાલાલે પીંદમાં સમાવી લીધો' એના ડોસાએ 'સુકાની'ને રૂબરૂમાં કહ્યું. જગ આખાની, પ્રાચીન કે અર્વાચીન કોઇ પણ સાગરશૂરી મગરૂર મહાપ્રજામાં ભવાન પુણ્યશ્લોક બની રહેતે!

અને આ રડયાંખડયાં 'ગામડી' વહાણોમાં, આ ખજુર ને સાગવાન, સીમેન્ટ ને ગુણપાટ ભરતાં 'કન્ટ્રી ક્રાફ્ટ'માં હજુ યે અનેક ભવાનો જીવે છે. . . . છતાં આ પ્રશસ્તિ હાલ તો નિવાપાંજલિ જેવી જ છે.

ફરીવાર કહેવું જોઇએ છે કે આ લેખ સાથે આપેલાં આજનાં વહાણોનાં ચિત્રોને, આપણી હજારો વર્ષની પ્રાચીન વહાણબાંધણીના નિષ્કર્ષરૂપે કોઇ સમજશે તો તો ગંભીર ગેરસમજણુ જ થશે. જેની ખેડથી ભારતવર્ષ એક વેળા સારી દુનિયાની સંસ્કૃતિનું કેન્દ્ર બન્યું હતું, જેની ખેડથી એ આર્યાવર્તના આચારવિચાર મિસર, યુનાન, રૂમ અને તેની યે ઉપરના પરના તે કાળે જંગલી જેવા મુલકોમાં પ્રચાર પામતા થયા, જેની ખેડથી આર્યાવર્તનાં ચક્રવર્તી શસ્ત્રોનો ખણખણાટ ઠેઠ આજનાં દખણ અમેરિકા સુધી અનેકવાર પહોંચી રહ્યો, તે વહાણવટું ભારે માતબર હોવું જોઇએ એમાં શક નથી. પણ એ માતબર હતું તેના પુરાવા મંગાય છે. હિંદુસ્તાનના આજના ટીકાકારો પૂછે છે: એવા માતબર વહાણવટાના પરિણામે વિકસે એવાં માતબર વહાણો કયાં છે? એવું વહાણવટું ખેડનાર દરિયાઇ પ્રજાનો વંશ કયાં છે? આ બે પ્રશ્નના જવાબ આપવા મુશ્કેલ છે; કારણ એ જવાબ માટે જોઇતા પુરાવાઓનો અનેક સંજોગો વડે નાશ થયો છે.

અને જેમના હાથે એ પુરાવાઓનો નાશ થયો છે તેઓ જ હવે એ બે સવાલ જોરથી પૂછયા કરે છે!

આ રહ્યા થોડાક નમૂના. પ્રશ્ન પૂછનાર સરકારી કમિશન છે; જવાબ દેનાર પરદેશી અમલદારો, વેપારીઓ અને વહાણવટીઓ છે:

(૧)[૧]

પ્રશ્ન: તમારી કંપનીમાં હિંદી કમાનો રાખે છે?

ઉત્તર: કોઇપણ સ્ટીમરના કમાન માટેની લાયકાત સાથેનો હિંદી આજ સુધી મેં સાંભળ્યો નથી.

પ્રશ્ન: ૧૮૯૮માં નેગાપટમથી પીનાંગ વચ્ચેનાં વહાણોમાં હિંદી કમાનો ચડતા એનું શું?

ઉત્તર: એ મને ખબર નથી.

(૨)[૨]

ઉત્તર: છેલ્લાં ૫૦-૬૦ વર્ષ તરફ જોતાં, હું સદરાધાત વગર કહી શકું છું કે, હજારો હિંદી જવાનો બ્રિટન, અમેરિકા કે બીજા દેશોમાં, કોઇ ને કોઇ વિશિષ્ટ ઉદ્દેશે ગયા હશે; પછી કોઇ કાયદો ભણવા, કોઇ ડૉક્ટર બનવા, કોઇ વિજ્ઞાન શીખવા;---

—મને લાગે છે કે જો હિંદી જવાનોમાં દરિયો ખેડવાની તમન્ના હોત તો આ હજારો વિદ્યાર્થીઓમાંથી કોઇકે તો દરિયાઇ તાલીમ માટે પ્રયાસ કર્યો જ હોત.[૩] પણ એવો એકે સંભળાયો નથી.

પ્રશ્ન: તમને નથી લાગતું કે અંગ્રેજ વહાણવટીઓ જે દાનતથી હિંદુસ્તાનમાં કામ કરે છે તેને લઇને જ હિંદમાંથી દરિયાઇ ખેડ માટેનું ખમીર અસ્ત થયું છે?

ઉત્તર: નહિ, હું એ નથી માનતો; એવું ખમીર હિંદમાં કોઇપણ કાળે હોય એ જ હું તો નથી માનતો!!

---

* 'કુમાર'ના ૧૦૦મા અંકમાં આવેલી 'સુકાની'ની વાર્તા 'હડકી વારી આઇ'માં વર્ણવેલી જગ્યાવાળો આ પટ.

૧ ઇંડિયન મર્કન્ટાઇલ મરીન કમિટી જુબાની—પાનું ૩૧૧

૨ એ જ–પાનું ૩૧૩

૩ દરિયાઇ તાલીમનાં જહાજ ડૉફ્રેન, વૂસ્ટર, પાંગબૂર્ન હિંદીઓને બહુ મુશ્કેલીએ પણ લેતાં નથી એ વાત એ શેનો જણાવે?

રુદ્રમાળ પાસે ઊભા રહી પ્રાચીન ગૌરવ માટે બે આંસુ સારનારાં દેશદ્રવી હૃદયો તો આપણે જાણીએ છીએ. અર્વાચીન સંસ્કૃતિના ખડકે તારાજ થએલા આ સાયર-અવશેષો તો આંસુ પણ સૂકવી નાખે એવા છે.

ત્યાર પછી મુંબઈને કાંઠે ખારવાઈ તાલીમ માટે 'ડફરિન' જન્મ્યું. આજે એમાં જોઈએ તે કરતાં ત્રણગણા ઉમેદવારો દર વર્ષે નામ નોંધાવે છે. પરદેશી ટીકાકારોની પ્રામાણિકતા વિષે એ તાલીમખાનું સ્પષ્ટ અભિપ્રાય જેવું છે.

પરંતુ એ તાલીમ-જહાજમાં પણ એક ખામી છે, જે ખામી આ હતભાગી દેશમાં દરેકેદરેક તાલીમખાનામાં નજરે ચડે છે. એ જહાજમાં તાલીમ મેળવી શકાય તે પહેલાં દરેક ઉમેદવારે અંગ્રેજીનો સારો અભ્યાસ દેખાડવો પડે છે; એટલે જે સાગરવંશી ખારવાઓ છે તેઓ એ તાલીમથી વંચિત જ રહે છે.

સાગરને કોઈ પણ હિંદી ભાષા નહિ આવડતી હોય—અરબી સમુદ્ર, હિંદી મહાસાગર, બંગાળ સાગર બધા જ દરિયા અંગ્રેજી જ સમજતા હશે—એવી કંઈક માન્યતા હિંદી સરકારની હોય એમ લાગે છે!

આ તો વહાણખેડૂઓની આજની વાત થઈ. વહાણોની જાત વિષેની નોંધમાં વહાણખેડૂની વાત પણ આવશે; એટલે ઉપરનો ભાગ વિષયાન્તર લાગે તો યે એ અસંગત નથી એ સહેજે સમજાશે.

હવે વહાણની વાત. ખુદ હિંદુસ્તાનનો પ્રામાણિક અને પ્રમાણભૂત ઇતિહાસ હજુ લખાયો નથી એટલે બીજા સ્વતંત્ર દેશોના ઇતિહાસમાં હિંદી વહાણો વિષે જે ભાંગીતૂટી હકીકત હજુ સુધી મળી છે તે પર જ આધાર રાખીએ તો પણ એટલું તો પુરવાર કરી શકાય છે કે હિંદમાં એક કાળે જબરદસ્ત વહાણો બંધાતાં હતાં અને એ વહાણો દુનિયા સારીમાં ઘૂમી વળતાં હતાં. હિંદની વસ્તુઓ દુનિયાભરનાં બજારમાં એ વહાણો દ્વારા પહોંચતી હતી અને આખી દુનિયાની વસ્તુજાત આ દેશમાં નજરે પડતી હતી.

આ કથન માટે ભુજ્યુની વેદકથા કે બવેરૂજાતક ઉપર જ આધાર રાખવો પડે એમ નથી. હિંદી સંસ્કૃતિ પશ્ચિમમાં મિસર અને પૂર્વમાં મેક્સિકો—ચીલી સુધી પથરાઈ હતી. એ દેશોનાં ધર્મ, રીતભાત, સાહિત્ય, દંતકથા, રાજ્યવહીવટ, શાસ્ત્રીય મંતવ્યો સુદ્ધાં પ્રાચીન આર્ય સંસ્કૃતિના પડછાયા જેવાં જ હતાં એ દરેક પ્રામાણિક તવારીખનવેશ કબૂલ કરે છે. દખણ પાસિફિકના ટાપુઓમાંના દ્રવિડ ભાષા, દ્રવિડ સંપ્રદાય, દ્રવિડ રીતરિવાજો એ બધાં આજે પણ હિંદની પૂર્વ કંઠાર સાથે સામ્ય દેખાડી રહ્યાં છે. મેલેનેશિયા, મેક્રોનેશિયા, પોલિનેશિયા વગેરે દેશભાગમાં અથર્વવેદની ક્રિયાપ્રક્રિયાઓની પ્રતિચ્છાયા આજે પણ દેખાય છે. ફિલિપાઇન્સની વૃક્ષવાસી(Aoboriginal)પ્રજાઓના રીતરિવાજ આજે પણ કિષ્કિંધાના પૂર્વજોની પ્રણાલી દેખાડે છે,—એમની ભાષા પણ કુરંગીભાષા* મૂલ રૂપે સૂચવે છે.


આજે સુધરેલા દેશોમાં એક નવી કહેવત ચાલે છે: 'Transport is Civilisation'. સંસ્કૃતિ એટલે વહન, સંસ્કૃતિ એટલે રસ્તાઓ, સંસ્કૃતિ એટલે દેશદેશને જોડેની રેલવેઓ, સંસ્કૃતિ એટલે દરિયાપારનાં બંદરોને સાંકળી લેતી પાણીપંથાર, સંસ્કૃતિ એટલે વહાણવટું.

પેરૂથી કેરો સુધીમાં પ્રાચીન આર્ય સંસ્કૃતિને પ્રસરાવનાર જબરદસ્ત શક્તિ તે પ્રાચીન હિંદી વહાણવટું. એ ખેડનાર વહાણો પણ જબરાં જ હશે એમાં શક ન જ હોય.

આ ઉપરાંત અન્ય પુરાવાઓ જોઈએ. ઇશુ પૂર્વે અને તે પછીના તાજા સૈકાઓમાં હિંદી વહાણખેડુઓ ટયૂટન, ગૉથ (આજના જર્મની)ની કંઠારે દેખાયાં હતાં. કેટલીક હકીકતો એવી પણ મળે છે જે ઉપરથી લાગે છે કે ક્ષીરસાગર (White Sea, Arctic ocean)માં હિંદી વહાણો દેખાતાં હતાં.

ઇશુ પછીની પહેલી દસ સદીમાં તો ભારતવર્ષમાં સાહસ ચડતું જ રહ્યું હતું. તે કાળે વહાણવટું પણ જબ્બર હતું ત્યારપછી શરૂ થએલી અધોગતિને મધ્યાહ્ને એટલે ઇશુની ૧૬મી ૧૭મી સદીઓમાં પણ હિંદી વહાણો કેટલાં બખ્તાવર હશે તેનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. જોકે આ અરસામાં તો હિંદી વહાણવટું મલબારથી સિંધ સુધીમાં સંકોડાવા માંડયું હતું; છતાં નીચે આપેલી ટૂંકી હકીકતો વિચારવા જેવી છે.

* તામિલમાં કુરંગી એટલે વાનર



હિંદના ઇતિહાસના યુગો

આપણું આજનું ઇતિહાસનું શિક્ષણ હિંદમાંના મુસલમાની અને બ્રિટિશ હકૂમતના સમય તથા તે વેળા પ્રસરેલી સંસ્કૃતિ વિષેનો જે ખ્યાલ આપે છે તેને મુકાબલે હિંદુસ્તાનમાં હિંદુ રાજ્યકાળમાં કેટલા લાંબા સમય સુધી કેટલી ઊંચી પંક્તિની સંસ્કૃતિ પ્રસરી રહી હતી તેનો સપ્રમાણ ખ્યાલ મળતો નથી. ઉપરનો નકશો એ ત્રણે રાજ્યકાળના વર્ષોના ગાળા બતાવે છે. પ્લાસીના યુદ્ધથી તે આજ સુધીનો સમય આપણી સંસ્કૃતિના ઇતિહાસમાં સત્તરમે ભાગે છે; એટલેકે આપણી સંસ્કૃતિના એક કલાકના સમયમાં બ્રિટિશ અમલ સાડાત્રણ મિનિટ જેટલો હિસ્સો ધરાવે છે: અને મુસલમાની અમલ પાંચમો હિસ્સો એટલે બાર મિનિટ જેટલો સમય ધરાવે છે.

ઇસ્વી ૧૬૧૧માં એક અંગ્રેજ કપ્તાને એક હિંદી વહાણ માપ્યું. એની લંબાઇ ૧૫૩ ફીટ હતી, પહોળાઇ ૪૨ ફીટ હતી, ઊંડાઇ ૩૧ ફીટ હતી. 'આઇને અકબરી' કહે છે કે એ વખતે લારીબંદર (નગરઠઠ્ઠાથી બેટ શંખોદ્ધાર સુધી)માં ૪૦,૦૦૦ ચાળીસ હજાર નાનાંમોટાં જહાજો તૈયાર મળતાં. ગુજરાતના સુલતાનો સાગરના ઉમરાવ કહેવાતા. અમીર અલબહર[1]નો ખિતાબ એ એમનો સૌથી મગરૂર ખિતાબ હતો. એ કાળે કોઇ કોઇ શાહ સોદાગર પાસે ૪૦ જેટલાં વહાણો હતાં જે દરેક વહાણની કીમત ૧૫૦૦૦ સુવર્ણમુદ્રા જેટલી અંકાતી. એક જ વેપારી પાસે છ લાખ સુવર્ણમુદ્રાની કીમતની સોદાગરી આરમારી હોય એ આજે રૉકફેલર અને મૉગર્ન કરતાં પણ મોટો ગણી શકાય. તે કાળની ૧૫૦૦૦ સુવર્ણમુદ્રા તે આજે દસ લાખ પાઉંડ જેટલી લેખાય એમ નાણાંશાસ્ત્રીઓ કબૂલ કરશે; તો એક જ વેપારી, જો ફક્ત પોતાનો માલ આયાત નિકાસ કરવા માટે સાઠ કરોડ રૂપિયાનાં તો વહાણો રાખે તો એની માલદારી કેટલા કરોડની? નિકોલો કૉન્ટી નામનો મુસાફર કહે છે કે આવા 'જ્યુપન ઉપર ભેરી' બજાવનારા તો કેટલા યે વેપારી તે કાળે હિંદમાં હતા! અને તે વળી બંદરે બંદરે હતા! અને ૨૦૦૦ કોશની આ કંઠારે એવાં અગણિત બંદરો હતાં! એક આરબ મુસાફર અબ્દુલ રઝાક પંદરમી સદીમાં હિંદ આવ્યો અને જોયું કે 'વિજયનગરના રાજાને તાબે જ ૩૦૦ બંદરો ધીખતાં હતાં. જેમાંના દરેકનો મુકાબલો (તે કાળે માતબર કહેવાતા) કલિકટ સાથે થઇ શકે!'


પણ એ સોનાની દ્વારકા ક્યાં ગઇ? આજનાં કોટિયા, ભૂમ, ઘૂડ, દંગી જુઓ—અને આ પ્રશ્નના ઉત્તર રૂપે પથરાઇ રહેલી ક્રૂર નિરાશા સમજી શકાશે!


લારને મોજે મોજે સૈકાઓ થયાં, વીરના પાળિયા ભેખડાય છે. એ ભૂખી કંઠારે દશે દિશાથી વીંઝાતા વાવડા ભેગા દારુણ મરસિયા ધ્રૂસકે છે. જેના કાનોમાં પરદેશી તવારીખનું સીસું નથી ઢોળાયું તેનાં હૈયાં હજુ પણ એ સાંભળીને કંપી ઊઠે છે. એ કરોડો થાપના ઉથાપતા જગડૂને વર્ધમાન[2] ગયા, છત્રપતિ મહારાજા-


---

૧ જે શબ્દ ઉપરથી ઍડમિરલ શબ્દ બન્યો છે; જુઓ એ શબ્દ, અબ્રૂઅર્સ ગાઇડ ટુ ફ્રેઝીઝ ઍન્ડ ફેબલ્સ.

૨ મૂળ કચ્છ ભદ્રેસરના, પાછળથી હાલારના વર્ધમાનશા, ચીન







આજથી ૧૦૨ વર્ષ ઉપર, ઇ સ ૧૮૩૩ના જૂન માસમાં 'રૉયલ સોસાઅટી ઑફ આયર્લેંડ'ની એક સભામાં સર જૉન માલ્કમે એક નિબંધ વાંચ્યો હતો. તે સાથે કચ્છી બગલા, ધાઉ અને બતેલાની બાંધણીના નકશાઓ તૈયાર કરેલા એ આ ઉપર આપ્યા છે. એ ઉપરથી આપણી જૂની વહાણબાંધણીનો ખ્યાલ આવશે તે કાળે આ નકશાઓ ઇસ્ટ ઇન્ડિયા મૅન જહાજ માટે નમૂના રૂપે લેવાયા હતા.

ઓને મચક ન આપનાર સંદીક વહાણવટીઓ ગયા; પચાસ વાંસના ભારા વચ્ચે બાંધેલાં જાડાં ખેરિયાં સાંબેલાંને ખાંડાના એક જ ઝાટકે કાપી નાખનાર સિંધુરાજ શંખ પણ ગયા. બબ્બે હજાર નાખવાઓની તરી ગીસત લઇ શત્રુઓને રંજાડનાર રાજા નાયક[1] ગયા. વાસ્કો દ ગામાને દોઆબની ભૂશિરથી[2] ઝામોરિનના બંદર સુધી પહોંચાડી જનાર કાનજી માલમ ગયા, અને એવા તો અસંખ્ય મહાવીરોનાં નામોનિશાન પણ ગયાં!

—અને એના વંશજો આજે પડાવબંદર અને ઘાસબંદર ઉપર ચીંથરેહાલ સ્થિતિમાં ભટકી રહ્યા છે. એમને અંગ્રેજી નથી આવડતું એટલે એઓ અને એમનાં છોકરાંઓ ઇન્ડિયન મર્કન્ટાઇલ મરીન ટ્રેનિંગ શિપનાં જડબાંતોડ નામે ઓળખાતા ડફ્રીન માટે પણ નાલાયક ઠરી પડે છે!

આટલી લાંબી નોંધ પછી હવે વહાણોની ટૂંકી સમજૂતી. જુદીજુદી ખેડને લઇને, જુદાજુદા ખેડૂને લઇને, જુદીજુદી પંથારને લઇને અને જુદીજુદી ભરતીને લઇને તેમજ જુદીજુદી બાંધણીને લઇને વહાણોના જુદાજુદા પ્રકાર બન્યા હોય છે. પશ્ચિમ કંઠાર ઉપર ફરતાં વહાણોનાં નામ મોટે ભાગે અરબી ભાષામાંથી ઊતરેલાં દેખાય છે. છેલ્લા કેટલાક સૈકાઓ થયાં અરબી પાણીમાં જ આ વહાણોના ધોસ હોવાથી તેમજ અરબી ધંધાસાથીઓના સંગથી, અને તેરમી સદી પછી અરબી અને ફારસી રાજભાષા જેવી થઇ હોવાથી ખાસ કરી સિંધ, કચ્છ, ગુજરાત અને કેટલેક ભાગે મલબારના વહાણવટામાં અરબી ભાષા જ દેખાય છે.

સાથેસાથે એ પણ કહેવું જોઇએ કે આરબોને પણ પહેલાં વહાણવટું શીખવનાર આર્યાવર્ત જ હોવાથી એ અરબી મનાતા શબ્દોનાં મૂળ સંસ્કૃત સુધી પહોંચે છે. આ કંઇ શબ્દશાસ્ત્ર વિષેનો નિબંધ નથી, એટલે અહીં આ મુદ્દા ઉપર વિસ્તાર કરવો ઇષ્ટ નથી. એકબે ઉદાહરણ જ બસ થશે:


પોત, સંસ્કૃત; વર્ગસાવર્ણ્યથી બોત; ઉચ્ચારવૈષમ્યથી બોટ; લાઘવદર્શનાર્થે, બોટિલા, પોર્ચુગીઝ; અપભ્રંશ,

---

સાથે માતબર વેપાર ખેડતા. જગડૂશાએ પાંડવોનું બિરુદ સાચવી ચાર લાખ માણસને ધૂંવાબંધ મહીના સુધી જમાડ્યા.

૧ જેના સગા મકના નાયક ઉર્ફે 'ધુડાકિયા બાણુ'ને હવે 'કુમાર'ના વાચકો ઓળખતા થયા છે.

૨ Cape of Good Hope.



વહાણના ભાગ બતાવતું ઉપલું ચિત્ર, આ સાથે આપેલાં વિવિધ દેશી વહાણોનાં વર્ણન સમજવામાં મદદરૂપ થશે.

બતેલો, અરબ્બી; ભતેલો, કચ્છી.

સંસ્કૃત, સબુચી, અર્થ–પહોળા તલવાળું જહાજ; ચાનાઓના સંગથી ('સથયોસ્સાતણ્યંમ્' સંપાન=થંપાન) થબુચી; પાશ્ચિમાત્ય અપભ્રંશ ધબૂસી; આજે પહોળા તલવાળાં વહાણને અરબસ્તાન ને સોમાલી કાંઠો શંબૂક કહે છે અને પાછલા પહોળા તલને ધબૂસો કહે છે; જેનું બીજું નામ વાંઢાર, એ ભાણ્ડાગારનું અપભ્રષ્ટ રૂપ છે.

વહાણોની મુખ્ય જાતો આજે આ પ્રમાણે દેખાય છે. (૧) કોટિયા, ધાઉ, બગલા, ખચ્ચર, દંગી, ડેન્ગા. (૨) ભૂમ, ઘૂડ (૩) બેડો, ફત્તેમાર (૪) શંબૂક, જમની.

આમાંની મુખ્ય જાતોનું વર્ણન નીચે પ્રમાણે:

કોટિયા

બે જાતના જ આજે દેખાય છે. તેમાં એકને કચ્છી કોટિયો કહે છે. મુસલમાન નાખવામાં, જૂના જંગબારી સંબંધને લઇને કચ્છમાં વસેલા હબસીના વંશજ સીદીઓ, અને રણકંદારના ગિયાણાઓ તથા હિંદુ ખેડૂમાં માંડવાના ખારવાઓ વગેરે એ ખેડે છે. સામાન્ય રીતે બે ખુવા. તેમાં મોટો ખુવો વાંદાર (વહાણનો પાછલો ભાગ) ઢુકડો નાનો ખુવો મોરા (વહાણનો આગલો ભાગ) ઢુકડો, ખુવાથી કોઇવાર દોઢાં બમણાં લાંબાં પરમાણ અને તીખા ત્રિકોણિયા મોટા સઢ. કચ્છી કોટિયાને ત્રણ સુધી ખુવા હોય છે. સાધારણ કોઇવાર વધારે ખુવા પણ હોય છે; પણ મુખ્ય તો કલમી, ઘુસી ને વડો ખુવો. તીર ઘોરા પણ લગાડે છે. ખુવા વાંઢાર ઢળતા, આશરે ૧૨–૧૫ અંશનો ખણ રાખે, પણ સામે વાવડે હેરિયાં કરતા વધવું હોય તો (જુઓ ચિત્ર) મોરા તરફ ખુવા ઢાળે અને ૧૮–૨૦ અંશ સુધી પણ ઢાળે રાખે.

બગલો


કોટિયાની જ જાતનો, પણ વાંઢાર વધારે પહોળી. સઢ મોટા. મોરો વધારે ઊભો અને સથાની પહોળાઇ વધારે, પણ ઊંડાણ કોટિયા જેટલું જ આશરે ૧૧–૧૨ ફૂટ, એટલે પડખાંનો ભરાવ વધારે રાખે. આજથી ૧૦૨ વર્ષ ઉપર (જૂન ૧૮૩૩મા) રૉયલ સોસાએટી ઑફ આયર્લેંડમાં સર જૉન માલ્કમે બગલાનું વર્ણન કરતાં કહ્યું હતું કે 'બગલાની લંબાઈ આશરે ૭૪ ફીટ, પહોળાઈ ૨૫ ફીટ, ફાલકાની ઊંડાઇ ૧૧॥ ફીટ હોય છે. બગલા-



મહિયરની વિદાય

ચિત્રકાર • વ્રજલાલ ત્રિવેદી—ગૂજરાત કલાસંઘ ચિત્રશાળા

(મૂળ રંગચિત્ર શ્રી એમ સી. સેતલવાડના સંગ્રહમાં)




ભેડાઘાટે નર્મદાનાં નીર


ફોટો · નગીનદાસ નલાવાલા

કચ્છના અખાતમાંથી બહાર પડે છે; બગ્ગે તોપ રાખે છે અને છતેડી પાછલી ગોળાઇમાં પહોળી રાખે છે. પ્રમાણમાં વધારે પહોળા હોય છે. ઘાઉ અને બગલો જોરાતા વાવડામાં બહુ સારી રીતે ચાલે છે.' બગલાની જ ખચ્ચર થાય છે. ફરાસી (ઘરાની) નાખવાઓ એમાં ચડે છે. કાસમ, બંદર–અબ્બાસ, ચહબાર વગેરે હોરમઝી અખાતનાં બંદરેથી એ નીકળે છે.

ભૂમ




એ શુદ્ધ પરદેશી જાત કહેવાય. બગલો, બતેલો ને કોટિયો દેશી છે તેવો ભૂમ નથી. ખચ્ચરની માફક એ ફરાસી અખાતના જુઆસમી કે ફરાસી નાખવાઓ ચલાવે છે. સઢ બેડોળ હોય છે. મોરો કોટિયાથી પણ વધારે ઢળતો હોય છે અને વાંદાર પણ ઢળતું હોય છે; જોકે મોરા કરતું ઓછું ઢળે છે. એની પહોળાઇ ખૂવા પાછળ વધારે અને આગળ ઓછી હોય છે. જિન્નાર ઊંચી એટલે લાદણી ઘણી પોસાય છે. સામે



વાવડો (પવન) સામો હોય ત્યારે આગળ વધવા માટે સઢના ફેરબદલા કરીને જે યુક્તિથી પવનનો લાભ લઇ તેની મદદ વડે વહાણ હંકારવામાં આવે છે તેને હેરિયાં (અંગ્રેજીમાં tacking) કરવાં કહે છે. વહાણને બે પડખાં હોય છે. સાત્રી=જમણી બાજુ–ખબા બોરદ્ધ–starboard, ઘોડી=ડાબી બાજુ–ડાંયા બોરદ્ધ–larboard. ઉપરના ચિત્રમાં વહાણને સાત્રી ગોસ–જમણી બાજુની સફર (starboard tack) કરાવતાં હેરિયાં કરવાની પદ્ધતિ આપેલી છે. એમાં વાવડો પડખાતો પણ સામે છે. એ સ્થિતિમાં વીણો અને કાતરો કઇ રીતે વધઘટ કરતા જાય છે તે દરેક આકૃતિ પાસે જણાવીને શઢનું તે તે પ્રકારે આલેખન એ આકૃતિમાં બતાવવામાં આવ્યું છે. અભ્યાસની આકાંક્ષા વાળાને એમાં રસ પડશે.


ચિત્રની વચ્ચેના ચોરસમાં જે આલેખન છે તેમાં, વાવડો તમામ સામે હોય તે વેળાએ વહાણ હેરિયાં કરતું કઇ રીતે આગળ વધે તે ટપકાં વડે બતાવ્યું છે.

મુંઢાકડી અથવા ઉથામણી (wearing) કરવી હોય ત્યારે એથી ઊલટા ક્રમમાં વહાણ હંકારે.



પશ્ચિમ કંઠારનાં આજનાં વહાણો

મુંબાઇના પડાવ બંદરમાં કે કરાચીની નેટિવ જેટ્ટી પાસેના ઘાસ બંદરમાં પડેલાં, કન્ટ્રી ક્રાફ્ટ—ગામઠી વહાણો—ને નામે ઓળખાતાં




આપણાં આજનાં આ વહાણો એ આપણા સમૃદ્ધ પુરાતન વહાણવટાના કલશ નથી; પણ એનાં પાયાઉખેડ ખંડિયેર છે. આપણા લૂટયાતૂટયા સરખા વહાણવટાનાં એ ખંડિયેરોમાં સાતસાત દિલ્હીનાં ખંડિયેરોની કથાને ભુલાવી દે એટલી કરુણતા ઉભરાય છે; એનો એકેએક ખુણો અશોકના સ્થંભ કરતાં યે વધારે જૂનો ઇતિહાસ કહી શકે એમ છે.


(૩૫૨) યુરોપી બાંધણીનાં વિવિધ વહાણો

(૧) વ્હેરી; (૨) સ્કૂનર-બરછો; (૩) ચેનલ આઇલૅન્ડ બોટ; (૪) નૉર્મન 'ચૅસ્સે મારે' (૫) લગ રિગ્ડ સ્કૉચ હેરિંગ બોટ; (૬) ફુલ રિગ્ડ શિપ–કાટખૂણે પરમાણુ વધાવની આલાદવાળું જહાજ—જેને મિ. સ્ટૅન્લી રૉજર્સ જહાજમંડલનો રાજા કહે છે; (૭) ફ્રેન્ચ કટર; (૮) ડીલ ગૅલી; (૯) બ્રિગૅન્ટાઈન; (૧૦) સ્લૂપ રિગ્ડ બિલી-બૉય; (૧૧) બ્રિગ.



આજની શાસ્ત્રીય ભાષામાં કહીએ તો 'શ્રીપાળ રાસમાં'નાં ચિત્રોવાળાં વહાણો, ઉપર બતાવેલી પશ્ચિમી ઢબની 'બાર્ક' (barque) જેવાં છે. Sea Lore નામના પુસ્તકમાં મિ. સ્ટૅન્લી રૉજર્સ એ બાર્કને રાણીની ઉપમા આપે છે અને બાર્કેન્ટાઇનને કુંવારીની. (જુઓ નીચેનું ચિત્ર). આ કલ્પના પ્રમાણે શ્રીપાળ રાસનાં વહાણો સાગરરાણી જેવાં છે.





ક્લિપરની બાંધણીમાં પડેલો ફેર દર્શાવતા ઇ સ. ૧૮૫૦ પહેલાંના અને પછીના નકશા

વાવડે ધોસ નથી કરતું, પણ પૂઠોતરો વાવડો બહુ સહે છે. ભૂમની જાતનું જ ઘૂડ હોય છે.

• શંબૂક અને જમની

શુદ્ધ પરદેશી છે. સોમાલી કાંઠાનું શંબૂક અને યમન (અરબસ્તાન)ની જમની. જોકે રાતા સમુદ્ર પેઠે જ હોરમઝી અખાતમાં પણ આ જહાજ પાધરું છે. એનો મોરો લાબો પણ ઊભો અને વાંઢાર ઊભી, ઊંચી હોય છે જોકે લંબાઇમાં મોરા જેટલી નથી હોતી. પહોળાઇ ઓછી. ચાલ સારી. જમનીનો વાંઢાર ઢળતો હોય છે.

ઢંગી

બેય બાજુ તીખી; એટલે કે મોરો પણ લાંબો ને ઢળતો અને પછાત પણ લાંબી અને સહેજ ઢળતી. તળિયું સપાટ. ભરતી સાપણ નીચી એટલે માલ થોડો ઉપાડે. આજે કેટી બંદર અને શાહબંદરમાં છીછરાં પાણી થતાં ત્યાં એ ચાલે છે. જોકે મોટી ઢંગીઓ બગલા જેવડી લાંબી પહોળી હોય છે. સર જૉન માલ્કમ કહે છે કે ઢંગીની લંબાઇ ૭૦ ફીટ, પહોળાઇ ૨૦ ફીટ, ઊંડાઇ ૧૨ ફીટ હોય છે, જ્યારે પઠાણ ઉપરની પહોળાઇ સાત સાત ફૂટની હોય છે.

આજે જે વહાણબાંધણી જોવામાં આવે છે તેમાં વર્ણસંકરતા છે. બગલામાં ભૂમની વિશેષતાઓ હશે અને કોટિયામાં ઢંગીના ચાળા દેખાશે; છતાં મુખ્ય વિશેષતાઓથી અનુભવી આંખે જાત ઓળખાઇ જવી મુશ્કેલ નથી.

હવે શ્રીપાળ રાસમાંના ચિત્રો તરફ વળીએ. એ ચિત્રો ઓછામાં ઓછાં બસો વર્ષ પહેલાંની વહાણબાંધણીનો સારો ખ્યાલ આપે છે. આ વહાણો આજની શાસ્ત્રીય ભાષામા કહીએ તો 'બાર્ક' (Barque) જેવાં છે. એટલે એનામાં બરછા (સ્કૂનર, Schooner)ના ગુણ છે તેમજ Full Rigged Ship એટલે એક જ પ્રકારની કાટખૂણે પરમાણ વધાવતી આલાદવાળા જહાજના પણ ગુણ છે. જુઓ 'પશ્ચિમી બાંધણીના વહાણોના પ્રકાર' વાળા મોટા ચિત્રમાનું વચ્ચેનું નં. ૬નું ચિત્ર. આવા જહાજને એક દરિયાનો મિસ્કીન * જહાજમંડલનો રાજા કહે છે. બાર્કને એ રાણીની ઉપમા આપે છે. આ કલ્પનાને વિસ્તારી એ કહે

---


* 'Sea Lore', Stanley Rogers pages 13


છે કે બ્રિગ રાજકુમાર છે, બારકેન્ટાઇન કુંવરી છે, અને અમીર ઉમરાવ તે બ્રિગેન્ટાઇન, હર્મેફ્રોડિટ ('અર્ધનારીશ્વર') બ્રિગ, સ્કૂનર વગેરે છે. શ્રીપાળ રાસમાંનાં વહાણો આ વર્ણન પ્રમાણે સાગરરાણી જેવાં છે.


આ ચિત્રો આપણા વહાણવટાના ઇતિહાસમાં અમૂલ્ય લેખાવા જોઇએ. જે બખ્તાવર વહાણવટું સાત સાગરને સર કરતું તેનાં વહાણો આજે દેખાય છે તેવાં ન હોય; આ ચિત્રો જોવાથી સમજાશે કે એ કેવાં હોય.

આજનાં વહાણો કરતાં આમાં બહુ ઘણી વિશેષતાઓ દેખાય છે. એના સઢ ત્રિકોણિયા જ નથી. ત્રણ ખુવા ઉપર ચાર પાંચ ચોખંડિયા સઢ અને તીર, ઘોરા, અને પાછલા નાના ખુવા ઉપર ત્રિકોણિયા સઢ દેખાય છે. સઢનો આકાર અને સંખ્યા તેમજ ખુવા સાથે પરમાણના અંશખૂણા ઉપરથી બાર્ક, સ્કૂનર વગેરેના આજે ભેદ પડે છે, તે પ્રમાણે આવી સઢરચના બાર્કની છે માટે આ વહાણોને ઉપર બાર્ક જેવાં કહ્યાં છે. આ ભેદ સાથે આપેલાં ચિત્રોથી સમજાશે. બાર્કને ઓછામાં ઓછા ત્રણ ખુવા તો હોય જ. પરમાણ ઘોડી—અત્રી સતાણ હોય અને પાછલો નાનો ખુવો મોરા વાંઢાર સતાણ સઢ ચડાવે. તીર ઘોરા પણ તેમજ સઢ ચડાવે.


હવે એ કયા સમયની બાંધણી છે એ જોઇએ. એના ઘાટ ઉપરથી, જેને આજે 'કિલપર્સ' કહે છે તે પહેલાંના જમાનાનાં એ દેખાય છે. એ ભેદ પણ અહીં આપેલાં ચિત્રોથી સમજાશે. ઉપરાત એના વાંઢાર પાસે બંને પડખે ઝરૂખા કાઢ્યા છે તે સ્પૅનિશ ગૅલિયનમાં દેખાતા અને પાછળથી ન બંધાતા. એ રીતે સત્તરમી સદીમાં અસ્ત થએલા અવશેષ







(બાજુના કૉલમમાં:) શ્રી સારાભાઇ નવાબના સંગ્રહમાંની 'શ્રીપાળ રાસ'ની જૂની હસ્તલિખિત પ્રતમાંનાં પ્રાચીન વહાણોનાં ચિત્રો: (ઉપર) વડવહાણ: પ્રસંગ એવો છે કે દરિયા વચ્ચે થંભી ગએલા વહાણને રસ્તે પાડી આપવા માટે કુંવર શ્રીપાળને શેઠ વિનંતિ કરે છે; (વચ્ચે) કુંવર શ્રીપાળ પોતાની બંને સ્ત્રીઓ સાથે વહાણમાં બેઠા છે; (નીચે) ધવલ શેઠે કપટ કરી, કોઈ વિચિત્ર આઠ મોંનો મગર બતાવવાને બહાને કુંવર શ્રીપાળને માચડા ઉપર બોલાવ્યા, અને જેવા તે ત્યાં ચડી જોવા લાગ્યા કે શેઠ ઝટપટ નીચે ઊતરી ગયા અને બંને પાપી મિત્રોએ માચડાનાં આગળનાં દોરડાં કાપી નાખ્યાં.




શ્રી સારાભાઇ નવાબના સંગ્રહમાંની 'શ્રીપાળ રાસ' ની સચિત્ર પ્રતમાંનાં આ સાથે આપેલાં ચિત્રો તાજેતરમાં જ પ્રકટ થનાર એમના બહુમૂલ્ય અને અત્યંત ઉપયોગી અભ્યાસનીય ગ્રંથ 'જૈન ચિત્રકલ્પદ્રુમ'માંથી લીધેલાં છે. આ ઉપર બતાવ્યું તે વહાણનું નામ એમાં 'જુંગ' કહ્યું છે. પ્રસંગ મદનમંજૂષાને વળાવવા વહાણ સજ્જ કર્યું તે છે. વહાણનું વર્ણન કરતાં રાસમાં લખ્યું છે કે 'જેને જોતાં જ અચંબો થાય તેવું ચોસઠ કુવાથંભવાળું સાત માળનું અદ્વિતીય સુંદર શોભાવંત જુંગ વહાણ . . . . જેમાં સોનેરી શાહીથી ચીતરેલાં મનોહરણ ચીતરામણીવાળા ગોખ ઠેકાણેઠેકાણે જોવામાં આવે છે' વગેરે.

અહીં દેખાય છે. જે કાળે એ બાંધણી વખણાતી તે કાળનાં વહાણો આમાં દેખાડ્યાં છે, અથવા તો એ બાંધણીનો આ તરફનો ચાલુ પ્રચાર દેખાડ્યો છે. પોર્ટુગીઝ બતેલામાં આ ઝરૂખા બીજે રૂપે પરિણમ્યા, જે અહીં આપેલા નકશા ઉપરથી જણાશે; અને સ્પેન તથા પોર્ટુગલ વહાણોનો આ વહાણવટીઓને પૂરો પરિચય હતો એ તો આ ઝરૂખાઓ ઉપરથી લાગે છે. સ્પેનનું અને ઇંગ્લંડનું વહાણવટું પણ સોળમી સદીમાં જ ખીલ્યું, પણ હિંદી વહાણવટાનો તો ત્યારે સાયંકાળ નજદીક આવતો જતો'તો. એટલે અહીં આપેલી સરખામણીઓ કરતાં ધીરનારને ઉછીનું લેનારની મીમાંસા કરવી જ હોય તો હિંદી વહાણવટું શાહુકાર હતું એમ કહેવાની જરૂર નથી. એ ઝરૂખાની બાંધણી શુદ્ધ હિંદી દહેરાં–સ્થાપત્યનો નમૂનો છે.

આ વહાણોમાં વળી એક બીજી ખૂબી છે. ખુશ્કી સ્થાપત્યનો અવતાર ઝરૂખામાં કર્યો છે એટલું જ નહિ પણ સથા ઉપરની મેડીઓમાં હવેલીઓ ઉતારી છે. કોઈ કોઇ વહાણમાં સથા ઉપર ત્રણ મેડીઓ ચડાવી દેખાય છે. આ દેખાડે છે કે વહાણોની લાંબી સફર દરમિયાન શેઠિયાઓ માટે અને શેઠાણી માટે તરતી મો'લાત જેવાં આ વહાણો સજાવવામાં આવતાં, સોદાગરી વહાણમાં રંગમહેલની ભભક પુરાઇ છે, એટલું જ નહિ પણ સથા નીચે ત્રણ સુધી તુતક દેખાય છે. એ તુતકો વહાણની કિલ્લેબંધી જેવાં છે. આ તુતક અને કાવરાંગ મળીને તોપો માટેના ગાળિયાઓ ગણતાં દેખાશે કે સથો અને બે ગોલંદાજી તુતક મળી ૪૬ જેટલી તોપો એકેક વહાણ બરદાસ્ત કરી શકતું. આમાંનાં કોઇક વહાણો ખાસ લડાઈના હેતુથી જ બંધાયાં લાગે છે, કારણ સથા ઉપર એક જ નાનો માળ ચડાવ્યો છે. પણ એ વહાણની ઊંડાઇ સારી હશે.

ઉપર કહ્યું છે કે કોઇ દેશી વહાણ ૧૫૩ ફીટ લાંબું અને ૩૧ ફીટ ઊંડું ૧૭મા સૈકામાં જોએલું એક પરદેશીએ * નોંધ્યું છે. આ ચિત્રમાનાં વહાણોની ઊંડાઇ પણ મોટી હોવી જોઇએ એમ લાગે છે. ચિત્ર પ્રમાણ-

* Captain Saris



'શ્રીપાળ રાસ'માંનાં ચિત્રો: (ઉપર) મદનમંજૂષાને વળાવીને તેનાં સગાંવહાલાં પાછાં વળે છે અને શ્રીપાલ મદનમંજૂષા સાથે વહાણમાં બેઠા છે એ પ્રસંગ (ખંડ બીજો-ઢાળ આઠમી); (નીચે) શ્રીપાળની ઋદ્ધિ જોઇને ધવળ શેઠ બહુ અદેખાઇ કરે છે અને વિચારમાં પડ્યા છે તેમને તેમના મિત્રો ચિંતાનું કારણ પૂછે છે. (ખંડ ૩ ઢાળ ૧).

બદ્ધ નથી એ ધ્યાનમાં લેતાં પણ વહાણના ખલ ઉપરથી લાગે છે કે મોરા વાંદાર લંબાઈ અને કાવરાંગ પહાણ ઊંડાણ વચ્ચે વધારેમાં વધારે ચારથી પાંચ ગણો ફરક હશે. આજના ધંગી ધાઉ ને કોટિયા બગલામાં સાત આઠ ગણો ફરક રહે છે એ જોતાં આ પ્રાચીન વહાણોની મોટાં પાણી માટેની લાયકાતનો ખ્યાલ આવશે.

આ વહાણોમાં બેસી દેશદેશાવરની સફર ખેડતા શાહ સોદાગરોની જીવનચર્યાનો આ ચિત્રો રોમાંચક ખ્યાલ આપે છે. તે કાળના ચારણીયા ઇતિહાસમાં અનેક વાર જણાય છે કે લાંબી સફરે જતા શેઠની સાથે દરબારી 'વળાવિયા' રહેતા. વહાણોની કિલ્લેબંધી એ વળાવિયા કટકના ઉપયોગ માટે છે. વળી જુદાંજુદાં બંદરે માલ ભરતાં ઠલવતાં આ શેઠો વર્ષ વર્ષ તો સહેજે તરતાં વીતાવતા, એટલે એમનાં સુખચેન માટે આ વહાણો અમીરી 'પ્લેઝર યાટ'નો બધો સરંજામ વસાવી રાખતાં. સુખચેન ઉપરાંત રંગરાગનાં સાધનો પણ દેખાય છે. જોકે આ ચિત્રો 'ધારે ફરનાં' વહાણોનાં છે અને એમાં ચીતરેલા રંગરાગ સામૈયાના પ્રતિરૂપ છે એ દેખીતું છે, પણ બારબાર વર્ષ દેશાવર ખેડતા એ રંગીલા જવાનો દરિયાને ખોળે નીરસ જીવન ગુજારતા હતા એમ માનવાને ખાસ કંઇ કારણ નથી જ. કેટલાયે શાહ સોદાગર ક્યાંક્યાંથી રાજકુમારીઓ પરણીને ઘેર ફરતા એ રોમાંચક કહાણીઓ હજુ પણ નાનાં બાળકો (ડોશી ઘરમાં રાખી હોય તો) ડોશીઓને મોંએ જરૂર સાંભળતાં હશે.

સામૈયા માટે આવેલા નાના મછવા તરફ જુઓ. એના ચોખૂણિયા સઢ આજે પણ ચીન અને મિસરમાં દેખાય છે (જુઓ આ પહેલાંના અંકોમાં આવી ગએલાં ચિત્રો).

પાઘડીબંધું વહાણવટું ખેડી ઘેર પાછા ફરતા આ છપ્પન કોટિના કમાનાર સોદાગરો આજે ભાંગેલા હિંદના ઝગમગતા સિતારા જેવા ઝળકી રહ્યા છે.

અને એ બખ્તાવર સુખાણ ઉપર બેઠેલા નાખવાને જુઓ. * 'મલ્લ જેડા માલમ મછવે તે ધરિયા પાર કરન' એ આજે તો ગળાગળા બનાવતી બિરદાવલિમાંના એ માતબર દરિયાખેડૂઓનો ઇતિહાસ ચન્દ્રગુપ્ત અને

* કચ્છના રાષ્ટ્રીય ગીત જેવા બનેલા 'હલો અસાંજે વતન'માંની એક તુક

અશોકના ઇતિહાસ કરતાં જરા પણ ઓછો ઊતરે એમ નથી. ફરી એ ચિત્રો જુઓ. આ વહાણખેડૂઓ દરિયાના અનેક ચમત્કારી પ્રાણીઓના ભોંયા હતા એ એમાં દેખાય છે. જલઘોડા, જલસાવજ, રાક્ષસ જેવા અષ્ટપદ (ઑક્ટોપસ) વગેરે જલાસુરો એમાં દેખાય છે. એકાદને કોઇ કોઇ વહાણે ઘોડામાં ઉતાર્યું છે, તો વળી એક વહાણે સુંદર મોરનો ઘાટ બનાવ્યો છે. સરસ્વતીના સંપૂર્ણ કલાના વાહન જેવી, કલાધારી, ભારતવર્ષની એ પંખાળી રમણીયતાએ તો હજારો વર્ષ થયાં દુનિયાના કલારસિકોનાં ચિત્ત ચોરી લીધાં હતાં. પ્રાચીન ભારતમાંથી હજારો કલાધર મોર દુનિયાના દરેક ખંડમાં, તે વખતે. દરવર્ષે મોટી કીમતે મગાતા હતા અને હિંદનાં વહાણોમાં ચડાવીને દેરદેર મોકલાતા હતા.

એમ તો પ્રાચીન ભારતમાં બંધાએલાં વહાણો પણ પરદેશમાં આયાત થતાં હતાં. છતાં આજે ઇતિહાસકારો હિંદમાં વહાણવટું જ નો'તું એમ કહી શકે છે તેમાં દોષ ઇતિહાસનો નથી, પણ ઇતિહાસને હજુ આઝાદી નથી મળી એ હતભાગ્યનો જ છે!


અંતમાં એક વાત હજુ કહેવાની છે. જૈન કલ્પદ્રુમમાંનો ચિત્રિત ઇતિહાસ એ તો મધ્યગાળેનો કહેવાય. તે પૂર્વેનો ઇતિહાસ એથી યે બળિયો હશે—છે જ; પણ એના પુરાવા મળે ત્યારે ખરૂં. પરંતુ નામદાર જૉન કંપની બહાદરે જ્યારે હિંદમાં પગ મૂક્યો ત્યારે પણ હિંદની નિદાન પશ્ચિમ કંઠારે તો જબરૂં વહાણવટું મહાલી રહ્યું હતું. કંપની સરકારનાં વહાણોને દેશીઓ મારતા હતા, લૂંટી લેતા હતા, શિકસ્ત આપતા હતા, કોઇવાર કુમક પણ દેતા હતા વગેરે બાબૂબ વાતો વિલાયતમાં તે કાળે રોશન થતી હતી. આજે જે રૉયલ ઇંડિયન નેવી કહેવાય છે, જે વર્ષ પહેલાં રૉયલ ઇંડિયન મરીન કહેવાતી, તે પૂર્વે ઇંડિયન નેવીને નામે ઓળખાતી; એથી પણ પહેલાં તો એ ફક્ત બૉમ્બે મરીન્સને નામે ઓળખાતી. એ આરમારીનો ૧૮૭૪ સુધીનો, આસરે બે સદીનો ઇતિહાસ લખાય તો વિસાઈ જવા પહેલાં પણ હિંદી વહાણવટાનો ચેરાગ કેવો ઝળુકતો હતો તે ખબર પડે. એવો ઇતિહાસ લખાયો છે પણ ભાંગ્યોતૂટ્યો જ; કારણ ઇંડિયા ઑફિસે, ઇ.સ. ૧૮૬૪ આસરે આ આરમારીના ઇતિહાસનાં સાધનોનો નાશ કર્યો છે. આ કૃત્યને જંગલી કહેનાર અને ઍલૅક્ઝાંડ્રિયાના પુસ્તકભંડારનો નાશ કરનાર પણ આવું કૃત્ય ન કરે એમ કહેનાર, એક અંગ્રેજ આરમારી-અફસરે એ ભાંગ્યોતૂટ્યો ઇતિહાસ બે ભાગમાં લખ્યો પણ છે. પહેલા ભાગની પ્રસ્તાવનામાં ઇંડિયા ઑફિસના આ 'ઇતિહાસમેધ'ની યજ્ઞકથા એણે અફસોસ સાથે લખી છે.

છતાં એ વખતના હિંદી વહાણવટાના અનેક દુશ્મનો હતા. ફ્રાન્સ, હોલૅન્ડ, પોર્ટુગલ વગેરે દેશોના દફતરે હજુ એ ઇતિહાસ મોજૂદ છે. એથી પણ ઘણો જૂનો ઇતિહાસ ચીનના દફતરે મોજૂદ છે, અને એનાથી પણ પ્રાચીન ઇતિહાસ લંકાથી મેક્સિકોની અસંખ્ય જાતિઓની દંતકથામાં, સ્થાપત્યમાં, ભાષામાં, ક્રિયાકાંડમાં મોજૂદ છે.

વિધિનું ચક્ર હમેશાં ફરતું જ રહે છે. રામની અયોધ્યા આઉધ બની, કૃષ્ણની દ્વારિકા આડત્રા બની. કોઇ પણ દેશનો ઇતિહાસ એ ભૂતકાળની છબી નથી, પણ વર્તમાન આત્માની છબી છે. દરેક દેશને પોતાની વર્તમાન સ્થિતિને લાયક રાજશાસન મળે છે, વર્તમાન કર્મને લાયક ધર્મશાસન મળે છે અને વર્તમાન ભાવનાને લાયક ઇતિહાસ મળે છે. હિંદની આજની સ્થિતિ, એનું આજનું કર્મ, એની આજની ભાવના એ આઉધ અને આડત્રા માટે જ લાયક છે.

પણ વિધિનું ચક્ર ફર્યાં જ કરે છે. આઉધની અયોધ્યા બનાવવી અને આડત્રાની સુવર્ણપુરી દ્વારિકા બનાવવી એ હિંદના હાથની જ વાત છે. 'સરસામસ્મિ સાગરઃ' સુવર્ણની દ્વારિકાના દિવ્ય વિધાતાનો એ ગૂઢ સંદેશ ભારતવર્ષ ભૂલી જાય તો એની આજની અવદશા માટે એ બીજાને કેમ હીણી શકે?

'સુકાની'



જર્મનીનાં યુવકગૃહોમાં

ગયા અંકથી



અમારી ખાસ ટોળીમાં લંડનનાં કલાનાં વિદ્યાર્થિની અને શિક્ષક, માર્જોરી કોઇકોઇ વાર જોડાતાં. કોઇકોઇ વાર બહારનું પણ કોઇ આવતું. આ યુવકગૃહોની સફરમાં અમને લીડઝની એક અંગ્રેજ ટોળીનો સાથ થયો. તેમાંની એક યુવતી હોપ અમારા સાથમાં ફરતી. દિવસે અમે અમારે રસ્તે જુદાંજુદાં જતાં અને સાંજે ભેગાં મળતાં. અમે ત્રણ અને આ યુવતી, એમ ચાર જણની ટોળી, તરવા જતી, ડુંગરાઓ ચડતી, અશકય લાગતી ટોચો પર અને કિલ્લાઓ પર પહોંચી જતી. એની હિંમત કોઇ અજબ હતી. જ્યાં ક્યાંયથી બીલકુલ રસ્તો ન હોય એવી સીધી ડુંગરાઓની સપાટી ઉપર પણ ચડવાને એ તૈયાર રહેતી, અને દૂર આકાશ સાથે વાતો કરતો કોઇ કિલ્લો કે ગિરિશૃંગ એ જોતી કે તરત હાસ્ય કરી જાણે મજાકમાં કહેતી કે 'ચાલો, પેલા ડુંગર પર જઇએ.' અને પછી એક બે કલાકમાં તો તમે અમને જરૂર ત્યાં જુઓ જ. સૌથી આગળ એ અને પાછળ અમે ત્રણ. આમ કેટલાક દિવસ સુધી ચાલ્યું. આખરે ન રહેવાયું એટલે એ એની ટુકડીમાંથી છૂટી પડી અને છેલ્લો આખો દિવસ અમે ચારે જણ સાથે ફર્યાં. બીજે દિવસે અમે અમારે રસ્તે પડ્યા. અમને એ સ્ટેશન પર વળાવવા આવી અને અમે છૂટાં પડ્યાં.

અમારી ટુકડીમાં કોઇ કોઇ વખત બહારના યુવકો પણ જોડાતા. મૅન્ચેસ્ટરના બે યુવકો જર્મનીમાં પગરસ્તે એકલા ફરી રહ્યા હતા એ પણ કોઇ વાર અમારી સાથે ભળતા છેલ્લે છેલ્લે તો એ જાણે અમારી સોળ જણની પાર્ટીમાંના જ બની ગયા હતા.

સફરનું સ્મારક-સ્ટૉકનાલ

ગેમ્યુન્ડ (Gemund)નું યુવકગૃહ પણ ગામમાં સૌથી સરસ સ્થળ ઉપર આવેલું હતું. પાછળ ડુંગરાઓની અને વૃક્ષોની શાંતિ હતી અને સામે નાનકડી નદી વહી રહી'તી. અહીં રાત ગાળી, સવારે વહેલા ઊઠી યુવકગૃહના અને યુવકગૃહમાંના કૂતરાની છબી પાડી અમે ગામમાં નાનીનાની ખરીદીઓ કરવા ગયા. કોઇએ ગામનાં પહેરવાના માદળિયા જેવા નાનકડા લાકડાના જોડા લીધા અને કોઇએ નાનકડો લાકડાનો ચરખો ખરીદ્યો.(અમે દરેક ગામમાં કરતા તેમ અહીં પણ અમારી સૌની લાકડી પર આ ગામનું નાનું પતરાનું ચિત્ર (Stochnal) સ્ટૉકનાલ લગાડવા થોભ્યા. અમારા પ્રવાસને અંતે તો તરેહતરેહના 'સ્ટૉકનાલ'થી અમારી લાકડી ભરાઇ ગઇ. અને 'જો મારી લાકડી વધારે સરસ લાગે છે'-ને 'ના મારી'-એમ અમે નાનાં બાળકોની જેમ લડતા.

જર્મનીને ઝૂંપડેઝૂંપડે

ગૅમુન્ડથી મ્યુન્સ્ટર આઇફેલ (Munster eifal) જતાં રસ્તામાં 'કાલ' ગામમાં સહેજ તરસ છિપાવવા થોભ્યા, ત્યાં અમે એક નાના ખેડુતના ઝૂંપડામાં રેડિયો પર એક નાઝી નેતાનું ભાષણ સાંભળ્યું. અમે બહાર ઊભા'તા ત્યાંથી એણે અમને ઘરમાં બોલાવ્યા અને ત્યાં જ અમે પાણી પણ પીધું. એ નાના ઘરમાં પણ અમે હિટલરની છબી જોઈ. એ જ રેસ્ટોરાંમાં પોણાબાર વાગ્યે અમે સ્વર્ગવાસી હિન્ડનબુર્ગ પર હિટલરનું ભાષણ સાંભળ્યું. એક મિનિટની શાંતિ પછી હિટલરે શરૂ કર્યું. એના દરેક ભાષણની જેમ આ ભાષણ પણ ભાવનાપ્રધાન હતું. પણ એના ગંભીર, ઊંડા, powerful શબ્દોની અસર ગમે તેવા પુરુષ ઉપર થયા વિના ન રહે. He is one of the most powerful mob orators of the world. ભાષણ દરમિયાન બીલકુલ ચૂં કે ચાં સંભળાય નહિ અને બહારથી પ્રવેશ કરતાં પુરુષો પણ ચુપચુપ પ્રવેશતાં. ભાષણ વાયરલેસ પર હતું, છતાં જાણે એની સમક્ષ જ ન બેઠા હોઇએ એવું જ વાતાવરણ બધે લાગ્યું અને આ નેતા તરફ જર્મનીના અનેક પુરુષો કેટલા આદરભાવથી જુએ છે એ પણ અમને અહીં જણાયું. આખરે બહુ ઉશ્કેરાએલા અવાજે Reich President હિન્ડનબુર્ગ અને જર્મન પ્રજા વિષેનું એ ભાષણ એમણે રણકાર કરતા શબ્દોમાં પૂરું કર્યું: He was the protector of the German nation in its hour of rebirth (જર્મન પ્રજાના પુનર્જીવનકાળે એ જ એનો રક્ષણહાર હતો).

જર્મનીનું પુનર્જીવન

જર્મનીના પુનર્જીવનની વાતો બધે જ સંભળાય

જર્મનીના સૌંદર્યધામ—હ્રાઈન નદીના તીર પ્રાંતો—નાં વનજંગલો

છે. એના નેતાઓનાં ભાષણોમાં કે નાનાંનાનાં બાળકો અને યુવકો—Hitler Jeugend હિટલર-યુવકો અને Hitler-madchen (હિટલર મેડ્ચન) હિટલર યુવતીઓ—નાં ગીતોમાં જર્મની એક વખત મહાન દેશ હતો અને મહાન યુદ્ધ પછી શત્રુઓના હુમલા નીચે કચડાએલો એ દેશ વળી પાછો નૅાત્શીઝમ (નાઝીઝમ)ના ઝંડા હેઠળ પુનર્જીવન પ્રાપ્ત કરી રહ્યો છે એવી ભાવના ઠેકઠેકાણે દેખાય છે. કોઇકોઇ વખત એ ભાવના આક્રમણકારી સ્વરુપ લે છે, પણ જર્મની યુદ્ધ માટે તૈયાર નથી અને બીજું યુદ્ધ થાય તો જર્મની તદ્દન પાયમાલ થઇ જાય એમ એના નેતાઓ ને યુવકો બધા જ માનતા લાગે છે. એટલે એના aggressive સ્વદેશભાવનાવાળાં ગીતોમાં ફક્ત (reaction) 'ચક્રનેમિનો બીજો ક્રમ' જ મને તો દેખાય છે.

એક પ્રસંગ

એ aggressive સ્વદેશપ્રેમ (jingoism)નો પ્રથમ પરિચય અમને ઘણી dramatic રીતે થયો. અમે દેવદારના એક નાનકડા જંગલમાંથી પસાર થતા'તા. બધી પાર્ટી આગળ હતી. ફક્ત જૅાન— અમારો જર્મન નેતા— બિલ્લી અને હું ત્રણ જણ જ પાછળ હતા. એવામાં ઘટાની બીજી પાસથી સાઇકલ પર પસાર થતી બે હિટલર-યુવતીઓનો મધુરો સંગીતસ્વર સંભળાયો:

Fur heute gehorte uns Deutschland
(ફૅાર હૅાય્ટ ગૅહ્યુર્ટ ઉન્સ ડૅાઇચ્લૅાંડ)

તરત જ અમારા જર્મન મિત્રે આ પાસથી સાદ પૂર્યો:

Und morgen die ganze welt
(ઉન્ડ મૅાર્ગૅન ડિ ગાન્ઝે વેલ્ટ)

અને દૂરદૂર એ ગીતનો ધ્વનિ વિલીન થઇ ગયો.

અમારૂં જર્મન ભાષાનું જ્ઞાન આટલે સુધી પહોંચતું નહોતું, એટલે અમે એનો અર્થ પૂછ્યો. બહુ આનાકાની પછી જૅાને અમને એનો અર્થ કહ્યો:

For to-day Germany belongs to us
And-to-morrow the whole world.

(આજે તો અમે જર્મનીનું રાજ્ય ભોગવીએ છીએ; અને આવતી કાલે આખી દુનિયાનું).

સામ્રાજ્યવાદ?—

બહુ આગ્રહ છતાં આ ગીતની બીજી લીટીઓ અમને તરત ન મળી. પણ પછી તો આ ગીત એટલી વખત સાંભળ્યું અને ગાયું કે એના શબ્દો અને એનો રાગ મોઢે થઇ ગયાં. આ ગીત એટલું અર્વાચીન છે કે થોડા જ વખત ઉપર બહાર પડેલા ગીતોના સંગ્રહોમાં પણ આ ગીત નથી મળતું. અમે તો કેટલાં યે યુવકગૃહોમાં કેટલા યે યુવકોને મોઢે—ખાસ કરી હિટલર યુવકોને મોઢે—આ ગીત ઘણીવાર સાંભળ્યું. આલ્ટનાર (Altenahr) યુવકગૃહના યુવાન વડીલ તો બહુ જ ઉત્સાહી હિટલર-યુવક હતા. એ તો રોજ સવારે ધ્વજવંદન કરાવતા અને અમારે પણ બધા સાથે ઊભા રહેવું પડતું. ધ્વજવંદન વખતે સ્વસ્તિક ધ્વજ આગળ આ ગીત ગવાયું. વંદન પછી હું એમની પાસે ગયો અને આ ગીતના શબ્દો માગ્યા. મને એ એક હિટલર-યુવતીઓની ટોળી પાસે લઇ ગયા અને એનાં નેતાને કહ્યું કે' આ હિંદી યુવાનને આ ગીત લખી આપો'. મારી પાસે એ યુવતીના હસ્તાક્ષરમાં એ ગીત હજી છે. 'જર્મની બધી બાજુથી જકડાએલું છે, એના અનેક દૈષીઓ છે, પણ એ બધાને નવજર્મની પૂરૂં પડશે.' આ એનો ભાવાર્થ.

—નાં આશા મંત્ર

આ બે લીટીઓની આસપાસ અમારી ઘણીખરી ચર્ચાઓ ફરતી. રૂડેશાઇમ (Rudesheim)ના યુવકગૃહમાં રાત્રે મને એક જર્મન યુવાન સાથે નવજર્મની વિષે વિવાદ થયો. એમાં પહેલાં તો અમે જર્મન ભાષામાં જ શરૂ કર્યું, પણ બહુ ઊંડે ઊતર્યાં એટલે અંગ્રેજીમાં ચાલુ રાખ્યું. એ ભાઇ ધીમેધીમે પણ સારૂં અંગ્રેજી બોલતા'તા. અમે નવજર્મની અને એની યુદ્ધ માટેની તત્પરતા વિષે વાતો કરી. સવાલ એ હતો કે 'કાલે અમે આખી દુનિયા ઉપર રાજ્ય કરીશું'—એમ તેઓ કહેતા હોય તો હિંદનું શું થશે?— ઈંગ્લંડનું શું થશે?

એની વાતનો સાર એ હતો કે 'નવ જર્મની યુદ્ધ કરવા તત્પર નથી. આ તો ફક્ત નાસિપાસ યુવકોમાં કાંઇક જીવ પૂરવા માટેના પ્રયાસ છે. તદ્દન નિરાશ થએલી જર્મન પ્રજાને હિટલરે આશાના મંત્ર ભણાવ્યા અને એ માટે જર્મન પ્રજા—ખાસ કરી ઉત્સાહભર્યાં યુવકો—એને પૂજે છે. જર્મન પ્રજાને સામ્રાજ્યનો લોભ નથી. હિટલર આ ટોંકીટોંકીને કહે છે અને એ કહે છે તે શબ્દેશબ્દે સત્ય છે. જે માણસ જર્મન સામ્રાજ્યનાં

ખૂંદતાં વિવિધ પ્રજાઓની યુવકટોળીએ કરેલા પ્રવાસનું વર્ણન



હાઇનલૅન્ડનાં જંગલોમાં—ગેચ્યુન્ડ પાસે: પાછલા ત્રણ: હૅરૉલ્ડ, માર્જોરી, મૉન્ટી.

સ્વપ્નાં સેવતો તેને તો હિટલરે મ્યુનિચમાં ઠાર કર્યો છે.


રૂયૂગ (Rhoem)ના મૃત્યુ વિષે આ સાંભળી મેં એને સવાલ કર્યો: 'આમ મુકદ્દમો ચલાવ્યા વિના લોકોને ગોળીએ દેવામાં તમે માનો છો?' નૉત્શીઝમ સામે એક મોટી ફરિયાદ એ કરવામાં આવે છે કે એમાં વ્યક્તિસ્વાતંત્ર્યને સ્થાન નથી, અને લોકોને ન્યાય નથી મળતો. મારા સવાલનો મુદ્દો એ જ હતો, પણ એનો જવાબ સાંભળી હું ઠંડો થઇ ગયો. એ અગિયાર શબ્દોમાં મને જર્મન યુવકની હિટલરમાં અપૂર્વ શ્રદ્ધા બહુ જ તાદૃશ સ્વરૂપમાં દેખાઇ. 'When Hitler condemns a man, that is sufficient trial for him' (હિટલર કોઇને દોષિત ઠરાવે એ જ મુકદ્દમો એને માટે બસ છે.)

હિંદમાં શું કે જર્મનીમાં—આપણે વ્યક્તિપૂજાના જમાનામાં આવ્યા હોઇએ એમ લાગે છે!

જર્મનીનું કૃષિજીવન

કાલ (Kall) નામના નાના ગામમાં પણ Hitler Youth House માં હિન્ડનબુર્ગ ડે ઉજવાતો જોયો. પછી અમે 'ઝિન્ઝૅશાઇગ' નામને ગામડે થોભ્યા અને ત્યાં એક જણને ત્યાં જમ્યા. અમને બધાને લાગ્યું કે ખૂબ પેટ ભરીને જમ્યા છીએ; પણ ત્યાં ફળોના ઢગલાના ઢગલા અમારી આગળ મુકાયા. એ પુરા થાય તે પહેલાં તો બીજાં ફળ આવ્યાં. આખરે અમારી કોથળીમાં ભરતાં પણ બાકી વધ્યાં તે ત્યાં રહેવા દઇ અમે ચાલતી પકડી. એ જ ઘરમાં એક સુંદર બાળકને જોઇ એની છબી લીધી અને યુનિફૉર્મવાળા બે નૉત્શીઓ(નાઝી)નો ફોટો લીધો.

સાંજે અજાણે રસ્તે જતાં અમે જંગલમાં ભૂલા પડ્યા. પણ જૉનનો નકશો, મારી સલાહ અને ગિલી-નો Compass (હોકાયંત્ર) એ ત્રણેની મદદથી અમે Munster eifal (મ્યુન્સ્ટર આઇફેલ) પાસેનાં ખેતરો-



જર્મન યુવાનોની સાથે .... ર્હાઇનલૅન્ડમાં રખડપાટનાં દૃશ્યો

(૧) આલ્ટનારમાં યુવકગૃહ પાસે નદીમાં બાંધેલો તરવાનો હૉજ-સ્વિમિંગ બાથ; (૨) રૂડેશાઇમ યુવકગૃહમાં સવારનો નાસ્તો—ડાબી તરફથી: જેની પીઠ દેખાય છે તે મૉન્ટી, વાયોલેટ, જોન (અમારા જર્મન નેતા), ચિનાઇ યુવક વૂ, અને બિલી: (૩) આ પત્રોના લેખક (ચશ્માવાળા); (૪) બે બ્રાઉન શર્ટ્સ; (૫) બાખારખ ગામનો દરવાજો; (૬) મ્યુન્સ્ટર આઇફેલ ગામનો દરવાજો; (૭) જર્મન ખેડુત સ્ત્રી—લણણી ટાણે; મ્યુન્સ્ટર આઇફેલમાં.

માં જઇ પહોંચ્યા. ગીતો ગાતાં ખેતરોમાંથી પસાર થતાં, ખેડુતો સાથે વાતો કરતાં અને લણણીની મઝા માણતાં અમે રાત્રે આ પ્રાચીન શહેરમાં પ્રવેશ કર્યો.

આ નાના મધ્યકાલીન શહેરનું વાતાવરણ કાંઇ અનેરૂં જ હતું. કોટના બે દરવાજા વચ્ચે છુપાએલાં એનાં જૂનાં ઘરો અને સાંકડી શેરીઓમાં રાત્રે દરવાજા પરના લાલ દીપકના ઝાંખા પ્રકાશમાં અમે જે સૌંદર્ય નિહાળ્યું તે યુરપનાં શહેરોમાં કે હિંદનાં શહેરોમાં અમે નથી જોયું. એક ખૂણામા ડુંગરાની ટોચ પર શહેરનો જૂનો કિલ્લો દેખાતો હતો. શહેર બહાર દરવાજાની બીજી બાજુએ અમારૂં યુવકગૃહ આવ્યું હતું.

રાત્રે શહેરમાં ફરવા નીકળ્યા ત્યારે અમારી સાથે મોટું ટોળું નીકળ્યું. ગમે ત્યારે પણ કુતૂહલથી અમારી આસપાસ ભેગાં થતાં પુરુષો, સ્ત્રીઓ અને બાળકોને જોવાને અમે ટેવાઇ ગયા'તા; પણ આ રાત્રે તો મેં શેરવાની અને સુરવાલ પહેર્યાં'તાં એટલે પૂછવું જ શું? એક છોકરો તો હાથમાં સળગાવેલી તેલની મસાલ લઇ ચાલતો'તો. યુવકગૃહ આગળ પણ યુવાનો ભેગા થયા'તા. બધાં અમારી સાથે વાતો કરવાને આતુર હતાં. હું તો બધાના જેવા પોશાકમાં હોઉં, તોપણ મારી સાથે વાતો કરવાને હમેશાં બધા જ તત્પર લાગે છે. દુકાન પર કાંઇ લેવા જાઉં તો વેચનાનું બાજુએ મૂકી મને હસીને પહેલો સવાલ પૂછે, 'તમે ક્યાંથી આવો છો?' મ્યુઝીઅમમાં કે સ્ટેશન પર સ્ટાફનાં માણસો પોતાનું કામ બાજુએ મૂકી મારી સાથે વાતો કરવા તત્પર મેં જોયા છે. ઘણાખરા તો ધારી પણ લેતા કે હું હિંદથી આવું છું. કોઇકોઇવાર રસ્તામાં 'આ ગાંધી જાય!' એમ કહેતાં લોકોને મેં સાંભળ્યા છે, કેમકે હિંદીઓને માટે ગાંધી શબ્દ કેટલાક વાપરતા લાગે છે.

તરવાના શૉખીન

મ્યુન્સ્ટર આઇફેલ અમને ગમ્યું એનું બીજું કારણ એ કે ત્યાં અમને તરવાનું મળ્યું. ત્યાં પહોંચ્યા કે તરત જ અમને પેલી યુવતીએ કહ્યું કે અહીં એક સ્વિમિંગ બાથ છે. હું બે મિત્રો સાથે સાંજે જ ત્યાં ગયો. બીજે જ દિવસે સવારના પહોરમાં અમારા ચાર જણની ટોળી તરવા ગઇ. સારા યે પ્રવાસનો થાક ઊતરી ગયો; અને કેટલી મઝા પડી! પછી તો અમે તરવાનું મળે તો કદી ચૂકતા નહિ. આલ્ટનારમાં તો યુવકગૃહ પાસે જ નદીમાં તરવાની સગવડ હતી. જર્મન અને અંગ્રેજ યુવાનો તેમજ યુવતીઓને તરવાનો ઘણો શૉખ હોય એમ લાગે છે. મારા ઘણા ઓળખીતાઓને મેં તરવાના શૉખીન જાણ્યા છે. પણ અમારી પાર્ટીમાંથી અમારા ચાર જણની ટોળી અને બીજા એકબે જણ સિવાય કોઇ તરવાને આતુર હોય એમ જણાયું નહિ.

સંગીત

બુધવારે મ્યુન્સ્ટર આઇફેલથી આલ્ટના જતાં રસ્તામાં એક ખેતરમાં બેસી સાથે લીધેલી વસ્તુઓનો નાસ્તો કર્યો. અમારા જર્મન મિત્ર ગામમાંથી થોડું વધારે લાવવા ગયા અને ખૂબ રખડી આખરે ગમે ત્યાંથી કાંઇક લઇ આવ્યા. ત્યાંથી આગળ ચાલતાં સાંજે એક ગામ આગળ એક ચારણને ગીતો ગાતો સાંભળી ત્યાં થોભ્યા અને એનાં ગીતો સાંભળ્યાં. એ જ રીતે એક વેળા એક સ્થાને સહેજ આરામ લેવા અને તરસ છિપાવવા થોભ્યા'તા, ત્યાં એક ચારણે આવી વાયોલીનના સૂર સાથે ગીતો ગાએલાં. ટેબલની આસપાસ બધા બેઠા'તા અને એક જણના જર્મન ગીતોના પુસ્તકમાં ડોકિયું કરી બધા સાથે ગાતા'તા. એક પછી એક ગીતોની માગણી થતી ગઇ અને એક પછી એક સુંદર જર્મન ગીતો ગવાતાં ગયાં. પછી તો અમારા જર્મન મિત્ર જૉને વાયોલીન લીધું અને વગાડવા માંડ્યું અને એક કલાક સુધી ત્યાં જ ઝાડના શીતળ છાંયડામાં અમે મજલિસ જમાવી. રસ્તામાં કે યુવકગૃહમાં અમને મૅન્ડોલીન સાથે ગીતો ગાતા કેટલા યે જર્મન યુવકો મળતા. એ બધા પાસે ખૂબ ગીતો ગવડાવતા અને અમેય ગાતા. એક વખત તો રસ્તામાં એક યુવક-યુવતીઓની ટોળીને અમે ઊભી રાખી અને ત્યાં ઊભા ઊભા જ અમે સંગીતની મજલિસ જમાવી. એક ગીત તો અમે અનેક સ્વરૂપમાં ગાતાં.

Ich hab mein herz in Heidelburg verloren

(ઇશ હૅબ માઇન હેર્ટ્ઝ ઇન હાઇડલબર્ગ ફરલૉન)

(I have lost my heart in Heidelberg.)

નું માનીતું ગીત તો અનેક રૂપમાં ગવાતું. સ્થળેસ્થળે એનું રૂપ બદલાતું: Ich hab mein herz in Altenahr verloren. પછી બાખારાખ યુવકગૃહમાં હતા ત્યારે કેટલીક મસ્તીખોર છોકરીઓએ એ જ ગીતમાં બાખારાખનું નામ મૂકી એ ગીત ગાયું.

લાખાર ઝે (Lachaar See) યુવકગૃહ છોડ્યું ત્યારે તરત તેમણે એક સુંદર ગીત ઉપાડ્યું:

Wenn I komm, wenn I komm
Wenn I wieder wieder komm...

યુદ્ધમાં જતા લડવૈયાનું એ ગીત છે: 'હું જરૂર પાછો ફરીશ અને તને મળીશ' એ ભાવાર્થના આ વિદાયગીતમાં અગે કેટલાં યે જર્મન યુવકો અને યુવતીઓનાં હૃદયની હૂંફ અનુભવી છે.

મા

રૂડેશાઇમના યુવકગૃહમાં તો રસોડામાં પણ અમે ગીતોની મહેફિલ જમાવી'તી. એમ થયું કે કેટલાંક યુવકગૃહમાં વાસણો ધોવાનો અમારો વારો આવતો. રૂડેશાઇમમાં અમારી ટુકડી વાસણ ધોવા ગઇ; પણ સો બસો માણસોનાં વાસણો હતાં એટલે થોડુંક કામ કરી બધા ચાલ્યા ગયા. ફક્ત 'મા' (Hertserges Mutter) ની અને maids ની મદદથી મેં ધોવાનું ચાલુ રાખ્યું. થોડી વાર પછી બહાર ઓરડામાં મૅન્ડોલીન સાથે બેઠેલા બે યુવકોને જોઇ મેં મજાકમાં કહ્યું: 'ત્યાં શું બેઠા છો? અહીં આવી કામે લાગો!' એટલે એ લોકોએ આવી અમને કામમાં મદદ કરી અને ગીતો સંભળાવ્યાં. પછી ક્યાંકથી કાગળના steel helmet (Stahl-Helm-સ્ટાલ હેલ્મ) લઇ આવી નાઝી સ્ટાલ હેલ્મની જેમ એ પહેરી મદદ કરવા માંડી. મને પણ એક પહેરાવ્યું. બધું પૂરૂં થયું એટલે 'મા' મને કહે 'તને અહીં બહુ ગમે છે. તું અહીં જ રહે ને અમારી સાથે કામ કરવા લાગ'. મેં કહ્યું, 'શું પગાર આપશો?' તો કહે, 'કલાકના બે ફેનિંગ અને જમવાનું અમારૂં!' મેં કહ્યું, 'બે ફેનિંગમાં શું દિ' વળે? પહેલા કલાકની ચૉકલેટ, બીજા કલાકમાં બ્રેડ, ત્રીજા કલાકમાં માખણ અને ચોથા કલાકમાં એક સ્ટાલ હેલ્મ આપો તો રહું.' એમની પાસેથી એક જૂનું કાગળનું સ્ટીલ હૅલ્મટ અને બે ટૉફી મને ભેટ મળ્યાં! એમની એટલી બધી માયા લાગી'તી કે બીજે દિવસે એ યુવકગૃહ છોડ્યું ત્યારે હું જાઉં છું સાંભળી અંદરથી દોડતાં દોડતાં મને વિદાય આપવાને બહાર આવ્યાં. યુવકગૃહનાં સો દોઢસો વાસીઓ તો આ દૃશ્ય જોઇને આભાં જ બની ગયાં!

કોઇ કોઇ વાર યુવકગૃહના કાયદાઓ અમારે માટે ઢીલા પણ થઇ જતા. આલ્ટનાર યુવકગૃહમાં સાંજે તરી આવ્યા પછી ગામમાં ફરવા ગયા, અને અમે ત્રણ તથા પેલી અંગ્રેજ યુવતી એમ ચાર જણ કિલ્લો ચડવા ગયાં તેથી પાછા ફરતાં મોડું થયું. સાડા નવે પાછા ફરવું જોઇતું'તું પણ વીસ મિનીટ ઉપર થઇ ગઇ'તી; દરવાજા બંધ થઇ ગયા'તા. પણ કેટલાક યુવાનોએ અમારે માટે નાની બારી ઉઘાડી ને એમાંથી કૂદીને અમે અંદર ગયા!

આખો દિવસ પંદર વીસ માઇલ ચાલી થાક્યા પાક્યા આવીએ અને યુવકગૃહનું સાદું પણ પૌષ્ટિક જમણ જમી એના સાદા બિછાનાની હૂંફમાં સરસ નિદ્રા મેળવી સવારે ઊઠીએ ત્યારે પાછા તાજા થઈ ગયા હોઇએ. આલ્ટનારમાં સવારે સાડાપાંચ વાગ્યે ઊઠી અમે ચાર જણ એક ઊંચા ડુંગરાની ટોચ પર ચડ્યા. બીલકુલ રસ્તો પણ જ્યાં નહોતો એવા સીધા ડુંગર પર શી રીતે ચડ્યા તેનો અત્યારે ખ્યાલ કરીએ છીએ ત્યારે લાગે છે કે જાણે કાંઇ અશક્ય કામ અમે નહિ કર્યું હોય! આ બધું કરવાનો ઉત્સાહ હોય અને એમાંથી આનંદ મેળવવાની શક્તિ હોય તો આવા પ્રવાસમાં મજા કેમ ન આવે?

હીરાલાલ ગોદીવાળા

ન્યાયી નૌશેરવાન

ઈરાનનો ન્યાયપ્રિય બાદશાહ નૌશેરવાન એકવાર મૃગયા કરવા નીકળ્યો હતો. ત્યાં એને સારૂ રસોઇ બનતી હતી; પણ મીઠું નહોતું, એટલે એક નોકરને ગામમાંથી મીઠું આણવા મોકલ્યો, ને એને નૌશેરવાને કહ્યું, 'કિંમત આપીને મીઠું લઇ આવજે, જેથી કરીને ખોટા ચાલ ન પડે અને ગામ (દેહ)નો નાશ ન થાય.'

કોઇએ કહ્યું, 'મીઠા જેવી જણસ અમથી લીએ એમાં શું બગડી જાય?'

નૌશેરવાને જવાબ આપ્યો, 'પહેલાં જગતમાં અત્યાચારનું મૂળ એવું તુચ્છ જ હતું. પણ જે આવ્યો એણે એને પોષ્યો, એટલે એ હવે આટલો વિશાળ વિષવૃક્ષ જેવો થઈ ગયો છે.'

પ્રજાની વાડીમાંથી રાજા એક સફરજન ખાય, તો રાજપુરુષો વાડીને જડામૂળથી જ ઊખેડી નાખે.

(સાદીની ફૂલવાડી)

દેસાઇ વાલજી ગોવિન્દજી

ઊંટનું  વરધ

ગામડાને પાદર હું ઊભો હતો. પાદરમાં જ દરબારી દવાખાનું હતું; ત્યાંથી ગામડાના લોકો દવા લેતા. આવતાજતા વટેમાર્ગુ અને માલધારી વગેરે પણ દવા લઈ જતા.

રસ્તેથી બેચાર સંધી નીકળ્યા. તેમની સાથે થોડાં ઊંટ હતાં. ઊંટ થોડે દૂર હતાં. ઊંટ વેચવાનાં હતાં.

એક સંધીને પગે બે દિવસ પહેલાં કાંટો વાગ્યો હતો. કાંટો પૂરો નીકળ્યો નહિ ને પગ પાક્યો હતો. પગને જલદી રૂઝ આવી જાય એવી દવા મળે તો લેવા સંધી દવાખાના તરફ ગયો.

સંધી દવાખાનાને ઓટલે બેઠો. હું પણ જરા આરામ લેવા ઓટલા તરફ ગયો. મેં સંધી સાથે વાત કરવા માંડી.

મેં પૂછ્યું, 'ભાઈ, તમે આમ ક્યાંથી આવો છો?'

સંધીએ જવાબ આપ્યો, 'ગુજરાતમાંથી. ઊંટનું વરધ લઈને નીકળ્યા છીએ. રસ્તામાં કોઈને ઊંટ વેચાતું લેવું હોય તો વેચીએ ને કોઈને ઊંટ વેચી નાખવું હોય તો ખરીદી લઈએ. કાઠિયાવાડમાં થઈને હવે કચ્છ તરફ જશું; વળી પાછા કચ્છમાંથી ગુજરાતમાં ઊતરશું.'

'પણ એ ઊંટનું વરધ એટલે શું?'

'જેમ ગાયનું ધણ, ભેંસનું ખાડું, ઘેટાંબકરાંનું વાઘ, બળદનું બાળધું, એમ ઊંટનું વરધ કહેવાય.'

'તમે બારે માસ આમ ફર્યા જ કરો કે ક્યાંયે ઠરીઠામ રહો ખરા?'

'અમારે તો લગભગ બારે માસ આવું જ. ઊંટ વેચીએ, વેચાતાં રાખીએ, ઉઘરાણી વસુલ કરીએ, એમ કરતાં બેપાંચ વરસે દેશમાં જઈ આવીએ.'

'આ બાજુ કાઠિયાવાડમાં રેતીનાં રણ તો નથી; તો પછી અહીં ઊંટ કોણ વેચાતાં રાખે?'

'ઊંટ તો રેતીમાંયે હાલે, ને ધૂળમાં એ હાલે. લાંબી મુસાફરીમાં ઊંટ બહુ ઉપયોગી. ઘાંચીને પણ ઊંટ ઉપયોગી. ઊંટને ઝાઝો થાક ન લાગે; અને બળદ કરતાં ઊંટ હાલે પણ વધારે. ભરવાડ ને રબારી ઘેટાં-બકરાંનું વાઘ લઈને નીકળે તેમાં એકાદ બે ઊંટ સાથે રાખે જ. ઊંટ ઉપર છાલકાં ને ખાટલા નાખી તેમાં નાનાં છોકરાં, લવારાં, માંદલાં ઘેટાંબકરાં, સરસામાન વગેરે ગોઠવે. કોઈ રબારી ગધેડાં રાખે તો કોઈ ઊંટ રાખે. ગધેડાં જેમ ગમે ત્યાં ચરી ખાય, તેમ ઊંટ પણ હાલતાં ચાલતાં અડખે પડખેનાં ઝાડનાં પાંદડાં કાતરી ખાય.'

'ઊંટને રણનું જહાજ કેમ કહેતા હશે? રણમાં શું બીજાં પ્રાણીથી મુસાફરી ન થાય? ઊંટને બદલે ઘોડો ખૂબ દોડી શકે. એ જ્યાં પહોંચવું હોય ત્યાં જલદી પહોંચાડે. વળી નજીકમાં પાણી ન હોય તો દોડતે ઘોડે પાણી વાળે સ્થળે જલદી પહોંચાડે. છતાં રણમાં મુસાફરી માટે ઘોડાને બદલે ઊંટ જ કેમ?'

'રણની ગરમ હવા બીજા કોઈ પ્રાણીને સદે નહિ. એ હવા સહન કરવાની શક્તિ ઊંટમાં છે એટલી બીજાં પ્રાણીમાં નથી. વળી રણમાં પવનથી વંટોળ ચડે ત્યારે રેતી એટલી બધી ઊડે કે આસપાસ કાંઈ દેખાય જ નહિ. આંખ કાન અને મોઢામાં પણ રેતી ભરાઈ જાય. માણસ તો આંખ બંધ કરી દે કે માથે લૂગડું ઓઢી રેતીથી બચવા મહેનત કરે; પણ બીજાં જનાવર તો ગભરાઈ જ જાય અને કેટલીક વાર તો મુંઝાઈને મરી પણ જાય. પણ ઊંટમાં એવી શક્તિ છે કે તે આંખ બંધ ને નસકોરાં બંધ કરી દઈ શકે. એટલે તે તોફાનની આરપાર સલામત નીકળી જાય.

વળી ઊંટની યાદદાસ્ત પણ બહુ તેજ હોય છે. એક વાર એક રસ્તેથી નીકળે પછી એ કદિ ભૂલે નહિ.

ઊંટે એકવાર પાણી પીધું એટલે પછી તેને લાંબા વખત સુધી પાણી વગર ચાલે. ઊંટના પેટમાં કોથળી હોય છે તેમાં એ ઘણું પાણી ભરી રાખે છે. તરસ લાગે ત્યારે એ પાણી તેને કામ આવે છે. કેટલીકવાર મુસાફરો બહુ તરસ્યા થાય ત્યારે ઊંટને મારી નાખી તેની એ કોથળી કાઢી તેમાંનું પાણી વાપરે છે.'

'તમે તો બારે માસ ફર્યા કરો અને સાથે આખું વરધ હોય, એટલે એમાં કોઈ દૂઝણી સાંઢણી હોય કે કોઈ નાનાં બોતડાં હોય એ બધાંનું શું થાય? મોટામોટા સાંઢિયાની સાથે બોતડાં તો ચાલી ન શકે;



વાદળિયા તડકાને છાંયડે

હું તો દાઝું દાઝું ને ઠરી જાઉં રે,
વાદળિયા તડકાને છાંયડે.

આવે આવે શીળી આકાશે વાદળી,
તગતગતી તીખી સૂરજની આંખડી,
છાયા ને તેજ રમે અહીંઆં ભૂલામણી,
રમવા હું ભોમકામાં જાઉં રે,
વાદળિયા તડકાને છાંયડે.

પહેરી છે વાદળીએ પવનની પાવડી,
સૂરજ મહારાજ ત્યાં દોડે ઘોડે ચડી,
સૂરજ દઝાડે ને ઠારે રે વાદળી,
તડકા – છાયામાં મુંઝાઉં રે,
વાદળિયા તડકાને છાંયડે.

સૂરજ ને વાદળીની આ શી ચડાચડી,
હારે ઘડીકમાં ને જાળે બીજી ઘડી,
હું રે બાળક મારી કાયા હો કોમળી,
કોને શરણુ હરિ જાઉં રે
વાદળિયા તડકાને છાંયડે?

સુન્દરમ્

એટલે ખોતડાં પાછળ રહી ન જાય?'

'આખું વરઘ કાંઇ ઉતાવળે ન હાલે. અમે તો કોઇક વાર થાકી જઇએ તો જ ઊંટ ઉપર બેસીએ; બાકી તો પગપાળા જ ફરીએ. સાંજ પડે ત્યાં મુકામ કરીએ. અમારે ક્યાં મુસાફરી ઝટ પૂરી કરવી હોય? અમે તો સાંઢિયા વેચતા જઇએ, જૂની ઉઘરાણી પતાવતા જઇએ, કાંઇ ખરીદી કરવી હોય તે કરતા જઇએ, ને એમ ધીમેધીમે આગળ વધતા જઇએ.'

'તમારી સાથે વરઘમાં દૂઝણી સાંઢણી હોય તે દૂધ આપે એટલે દૂધ તો તમારે વેચાતું લેવું નહિ પડતું હોય. કોઇવાર વધારે દૂધ હોય તો તે વેચીને પૈસા પણ કરતા હશો, ખરું ને?'

'અમારાથી દૂધ વેચાય નહિ. ઊંટનું દૂધ વેચીએ તો પાપમાં પડીએ; અમને અમારી માતાની મનાઇ છે. અમે પોતે એ ખાવામાં વાપરીએ ખરા, કોઇને જરૂર પડયે આપીએ પણ ખરા, પણ તે વગર પૈસે.'

'સાંઢણીનું દૂધ કેવું લાગે?'

'બહુ સારૂં. ભેંસના દૂધ કરતાં પણ જાડું. સ્વાદે જરા હરમું લાગે. માણસ માંદો પડીને ઊઠયો હોય તેને તાકાત લાવવા માટે તો આ દૂધ બહુ જ સારૂં. એની ચા બહુ સારી થાય; અને એને વલોવીએ તો માખણ પણ બહુ ઊતરે. પણ અમારાથી વલોણું કરાય જ નહિ. સાંઢણીના દૂધને વલોવવાની પણ અમારામાં મના છે. અમે જો છાશ વલોવીએ તો છાશમાં જીવાત પડે અને લોહી વલોવાય; અને જો દૂધ વેચીએ તો ઊંટ મરી જાય.'

'ઊંટ મરી જાય કે છાશ વલોવતાં લોહી વલોવાય એ બધા તો વહેમ હશે. એવા વહેમમાં તો તમે લોકો માનો; અમે ન માનીએ. તમારી પાસેથી થોડું દૂધ લઇ અમે તેની છાશ કરીએ તો શું એમાં છાશને બદલે લોહી વલોવાય?'

'અમે તો જૂના કાળથી ચાલ્યું આવ્યું હોય એ માનીએ. બહુ જૂની એક વાત છે કે અમારા ગામને પાદર એક માતા હતી. અમે બધા દૂધનો વેપાર કરતા. ઘી ને છાશ પણ વેચતા. એમાં અમારાથી કાંઇક ભૂલ થઇ તે માતાએ શરાપ દીધો કે સાંઢણીનું દૂધ વેચશે તેની સાંઢણી મરી જશે. જે છાશ વલોવશે તેની છાશમાં કીડા પડશે ને લોહી થઇ જશે. બાકી તમે શહેરનાં માનવી ઊંટનાં દૂધની છાશ કરો તો સારી ન થાય; ખાવા જેવી ન રહે. ઊંટનું દૂધ વધારે વખત રહે તો બગડી જાય. અમે ઊંટના દૂધનો વેપાર કરવા માંડીએ તો અમારી દાનત બગડે ને દૂધનો વેપાર કરી વધુ પૈસા રળવાના લોભમાં પડીએ. એના કરતાં ખોતડાંને ધાવવું હોય તેટલું ધાવવા દઇએ ને અમારે જરૂર પૂરતું દોહી લઇએ તો ખોતડાં મોટાં થયે નબળાં ન રહે. આટલા માટે તો અમારી કોમમાં રસનો વેપાર કરવાની પહેલેથી જ મના રાખી છે.'

'એ વાત સાચી કહી. વારૂ, ઊંટ તો બહુ ઊંચાં હોય ને ઊંચું જોઇને જ ચાલે; એટલે રસ્તામાં કોઇ એરૂ–ઝાંઝરૂં પડયું હોય તે તો એ ન દેખે, ને એરૂ



ઝડપી સંદેશા પહોંચાડનારા સાંઢણીસવાર

કરડે તો ઊંટ મરી ન જાય ?'

'એરૂ કરડયે ઊંટ ન મરે. "ઊંટ મેલે આકડો ને બકરી મેલે કાંકરો" એ કહેવત પ્રમાણે ઊંટ તો બધી જાતનો પાલો ચરે. એટલે એના ચારામાં એવી જાતનો પાલો પણ આવી જાય કે જેથી એરૂનું ઝેર ન ચડે. વળી છેટેથી ઊંટ આવતું હોય તેની ગંધથી જ કચરાઇ જવાની બીકે એરૂ આઘો ભાગી જાય. હા; ઊંટ સરપથી ન મરે પણ વીંછી કરડે તો ઊંટ મરી જાય ખરૂં !'

'ઊંટના વાળ તમે કાતરો ખરા કે નહિ ? એના વાળ તો બહુ ગરમ, ખરૂં ?'

'બહુ વધી જાય તો કાતરી નાખીએ. એ વાળ અમે કાંતીએ ને પછી વેચી નાખીએ એના કામળા બહુ ગરમ. એનાથી ટાઢ ન વાય. આપણા દેશમાં એવા કામળા બહુ નથી બનતા. બાકી ઇરાન–અરબસ્તાન તરફના ઊંટના વાળના કામળા ને જાજમ બહુ કિંમતી ને સારાં થાય છે.'


'ઇરાન અને અરબસ્તાન તરફ તો લશ્કરમાં પણ ઘોડાની માફક ઊંટનો જ ઉપયોગ થતો હશે ને ?'

'હા; અને આપણે ત્યાં પણ સાંઢિયા સવારની ટુકડી અગાઉના જમાનામાં ઘણાં રાજમાં રહેતી. આજે પણ એવી આથેનાં ગામે સંદેશો પહોંચાડવા માટે સાંઢણીસવારો કેટલાક રાજમાં હોય છે. સાંઢિયા કરતાં સાંઢણી વળી વધારે ઝડપી. સિંધ અને ઇરાન–અરબસ્તાન તરફ તો લોકો ઊંટગાડીમાં પણ મુસાફરી કરે છે. અગાઉ લડાઇ થતી ત્યારે કિલ્લાના બંધ દરવાજા તોડવા માટે દરવાજા આડો ઊંટ ઊભો રાખતા અને પછી હાથી ઊંટને ધક્કો મારી દરવાજા તોડી નાખતા. દરવાજાનાં કમાડમાં અણીવાળાં ભાલાં હોય તેની સામે જો હાથી ભીંસ કરે તો હાથીનાં કપાળમાં એ ભાલાં વાગે; આથી હાથીને બચાવવા વચ્ચે ઊંટ રાખતા; કારણ કે ઊંટ કરતાં હાથીનું મૂલ વધારે ! ઊંટ તો રણમાં ઘણાં મળે, ને હાથી તો ફક્ત હિંદુસ્તાન કે આફ્રિકાનાં જંગલમાંથી આવે, એટલે મોંઘા પડે.

રાજદરબારમાં જેમ હાથી હોય તેમ સારામારા જાતવાન ઊંટ પણ ઘણાં રાજ રાખે છે. સવારી નીકળે તેમાં સૌથી પાછળ સાંઢિયા નગારૂં આવે. હાથીનગારાં ને ઘોડાનગારાં આગળ હોય, પણ સાંઢિયાનગારૂં સૌથી પાછળ આવે.'

આમ અમારી વાતો ચાલતી હતી ત્યાં દાક્તર આવ્યા. દાક્તરે માલધારીને પગે દવા ચોપડી કાંટો કાઢી નાખ્યો ને પાટો બાંધી આપ્યો.

માલધારીએ દાક્તરને દુવા દીધી ને પોતાને રસ્તે પડ્યો. હું પણ તેને રામરામ કરી મારે રસ્તે પડ્યો. **વેણીલાલ બૂચ**



રણમાં
ઊંટની મુસાફરી

શામ્વાનો શિકારી (અનુસંધાન પૃ. ૩૨૭થી)

લાગતું. પણ તે મળતું ત્યારે એના બધા ફેરાની કિંમત ચૂકવી આપતું. અને તેથી, જે પળે એ શામ્વા નાઠાં તે જ પળે પીટરના ક્રૉસબોમાંથી બાણ છૂટયું, અને સાથેસાથ એ બાણ જેવા જ વેગથી અને લગભગ એવા જ આકારનો બની જતો રૉબર્ટ છૂટયો. બાણ પેલા નરની પીઠમાં જ ખૂંચી ગયું હતું. પણ તે તેની પરવા કર્યા વિના દોડયો જતો હતો અને રૉબર્ટ પણ એને જ લક્ષમાં રાખીને દોડતો હતો. અને એ બધાંની પાછળ, કુદરતે માણસને એવી ગતિ નથી આપી તેથી તેને શાપ દેતો, અને છતાં કુદરતની એ અનિચ્છનીય યોજનાને નિષ્ફળ કરવા મથતો પીટર દોડતો હતો.

આ બાણને બદલે પિસ્તોલનો ઘા હોત તો આમ એ નર છટકી શકત ખરો? પીટરે આ ઋતુમાં આ સ્થળે પિસ્તોલ ફોડવાની મના કરનારા કાયદાને અનેક ગાળો આપી. આવા સ્વતંત્ર દેશમાં આવો ગુલામી કાયદો! કાયદો પ્રજાના રક્ષણ માટે હતો તેથી શું? લપસણા બરફના થરો પર તોળાઇ રહેલા બરફના રાક્ષસી પહાડો, જે એક સાધારણ ઘંટડીના અવાજથી પણ ઘણી વાર ધ્રસ્કી પડે છે, તે બંદુકના અવાજે કદાચ થરથરી ઊઠે અને પહેલાં મુસાફરને પોતાને અને પછી નીચેનાં ગામડાંને ચાટી જાય, એ સાચી વાત. પણ તો પછી એવી મોતની બીકવાળા પોચા શા માટે અહીં રહેતા હશે! જો પીટરના હાથમાં રાજ્યસત્તા હોય તો જગતભરમાંથી મરણીઆઓને જ વીણીવીણીને સ્વિટ્ઝરલૅન્ડમાં વસાવે, અને પછી ભર શિયાળે પણ બંદુકોના બહારથી તેઓ ડુંગરાઓને ગજાવી મૂકે! અને પેલા પોચાઓને તો તેઓ પકડીપકડીને પારસલમાં પૅક કરી ઇટાલીના બગીચાઓમાં કવિતા કરવા કે ફ્રાન્સના માંડવાઓમાં દ્રાક્ષનો અને પ્રેમનો રેચ લેવા ડુંગરપરથી જ ગબડાવી મૂકે.... પણ ઓહ! પેલાં શામ્વા!

બે ફર્લાંગ સુધી તો રસ્તો સારો હતો. બે ટેકરી વચ્ચેની ખીણમાં, નદીના પાણીની માફક પણ અત્યંત ધીમી ગતિથી, વહેતા ઘન બરફનો પ્રવાહ પોતાના ચિત્રવિચિત્ર આકારો સહિત આવી રહ્યો હતો. એ હિમપ્રવાહનું તળિયું નક્કર જ હોય એમ પીટરને ખાત્રી હતી. અને એ ઓળંગી ગયા પછી રૉબર્ટે ચાલેલા રસ્તે જ તે દોડયો જતો હતો; કેમકે રૉબર્ટ પોતે પોતાની ભયંકર દોડ વચ્ચે પણ ગંધનો દોર ચૂકતો ન હતો.

'વાહ બહાદુર! દોસ્ત રૉબર્ટ!' પીટરે ખૂબ દોડી રહેલા રૉબર્ટને વધુ દોડાવવા ઉત્સાહ આપતાં બૂમ મારી; અને એ પ્રેમભર્યા શબ્દો સાંભળતાં રૉબર્ટમાં નવું ચેતન આવ્યું. નાક, કાન, આંખ બધું તે ઘડીભર ભૂલી ગયો. જાણે તે પગવાળું જ કોઈ યંત્ર હોય એમ એના પગ ગતિ કાપવા લાગ્યા. અરે અરે! ઊડતી માખીની પાંખની જેમ એના પગ હવામાં અદૃશ્ય થઇ જતા હતા. એનું શરીર જ જાણે અશ્યાસ્ત્રની માફક હવામાં તરતું જતું હતું. અને તો ય પેલા ઘાયલ થએલ શામ્વા જેટલી જ ઝડપ રૉબર્ટ માંડ કરી શકતો હતો. બીજાં તો ક્યારનાં નજર વટાવી ગયાં હતાં. બસ, હવે તો બંને વચ્ચે એકાદ ફર્લાંગનું જ અંતર રહ્યું. હવે એક જ ઝડપી દોડની જરૂર હતી. 'શાબાશ, બેટા રૉબર્ટ! હોશિયાર!' ફરીથી શ્વાસધમણ થઇ રહેલા પીટરે પડકાર કર્યો.

બરાબર એ જ વખતે એ ઘાયલ શામ્વા એક ખડક પરથી દૂર આવેલા બીજા એક ખડક પર કૂદ્યું. એ બંને ખડકની વચ્ચે ઊંડો ખાડો હતો. અને ખડક વચ્ચે અંતર ઘણું હતું. એટલું કૂદવામાં એ શામ્વાની છેવટની શક્તિ ખર્ચાઇ ગઇ. એના પગ એ સામેના ખડક પર કમાનની માફક નહિ પણ લાકડાની માફક પડ્યા, અને ત્યાંથી થોડે દૂર જતાં તે ઢળી પડ્યું.

પણ રૉબર્ટ એની એટલો બધો નજીક પગલે પગલું દાબતો આવતો હતો કે આ બધું જોવાનો તેને અવકાશ ન રહ્યો. એ ઊંચા ખડકની કિનારી પાસે તે આવ્યો. વચ્ચેનું અંતર કૂદવા માટેની પોતાની શક્તિનો વિચાર કરવાનો સમય જ હવે ન હતો. તેણે છલંગ મારી; પણ એ સુંવાળા બરફમાં જોઇએ એટલી ચોટ ન લાગી, અને સામેના ખડકની ઉપર પડવાને બદલે તે તેની સામે જોરથી અફળાયો. કારમી ચીસ નાખતો તે નીચે પડ્યો, અને થોડાંક તરફડીઆં મારી છેલ્લા શ્વાસ લેવા લાગ્યો.

પીટર ઘણો પાછળ રહી ગયો હતો. રૉબર્ટને તોપના ગોળાની પેઠે એ ખડક સાથે અથડાઇ નીચે પડતો તો તેણે જોયો, પણ ઘણી વાર સુધી તેને ફરી ઉપર આવતો તે ન જોઈ શક્યો ત્યારે તેને થયું કે જરૂર તેને કાંઇક બન્યું હશે. પોતાનો થાક તે સદંતર ભૂલી ગયો અને કદાચ મરતા રૉબર્ટને છેલ્લું ચુંબન લેવા અને તેને વિદાય દેવા વખતસર પહોંચવા તે પૂરપાટ દોડ્યો. પેલા શામ્વાને પણ તેણે પડતો જોએલો; પણ એ વિષય હવે ગૌણ બની ગયો હતો.

'મેરા રૉબર્ટ!' તેણે રૉબર્ટને ખોળામાં લઇ, માથે હાથ ફેરવીને તેને ચુંબન લેતાં કહ્યું. રૉબર્ટની શિથિલ થતી જતી નાડીમાં જરા ચેતન આવ્યું. તેણે આંખો ખોલી. એ આંખોમાં જોવાની શક્તિ તો હશે કે નહિ તે કોણ જાણે, પણ એ મરતા પ્રાણીએ એ શક્તિ લાવવા એક છેલ્લો પ્રયાસ કર્યો. એના ગળામાંથી ધીમો ઘુર્ર્ર્ર્' અવાજ આવ્યો અને તેનું ડોકું નિશ્ચેષ્ટ થઇ પીટરના ખોળામાં ઢળી પડયું.

'રૉબર્ટ! પ્યારા રૉબર્ટ! મારા દિલોજાન રૉબર્ટ! આપણે બંનેને એક જ કબરમાં સૂવાની શરત હતી ને? તેં કેમ ઉતાવળ કરી?' કહેતાં એ પાગલ શિકારીએ એ શબને ફરીથી ચૂમ્યું અને એમ ઘણી યે પળો સુધી એ ઘાતકી ગણાતો શિકારી એ નિર્જીવ પ્રાણી સામે આંસુભરી આંખે જોઈ રહ્યો. છેવટ તે બબડયો: 'કોઇ ફિકર નહિ, રૉબર્ટ; તને હું મારા ખેતરમાં જ દફનાવીશ. અને હું મરીશ ત્યારે પાછળનાંને કહેતો જઇશ કે તારી પાસે જ મારી કબર પણ ખોદે. ચાલ મારી સાથે.'

એટલું કહી તેણે નમીને એ શબને ઉપાડયું અને ખભે નાખ્યું અને તેને લઇ એ ખાડની ઉપર આવ્યો. પણ શિકારીનું હૃદય મરેલા શામ્વાનો મોહ પણ કેમ જતો કરી શકે? એ શબને ત્યાં રાખી એ વળી નીચે ઊતર્યો, પછી સામે કાંઠે ચડી પેલા શામ્વાના શબને પણ ત્યાં લઇ આવ્યો અને તેને રૉબર્ટના શબ પાસે મૂકયું.

કેડે હાથ મૂકી કેટલી યે મિનિટો સુધી તે એ બંને શબને નિહાળી રહ્યો. દોડીને પોતે લોથ થઇ ગયો હતો અને આગળ પડેલો પહાડોનો રસ્તો તેને નાહિંમત કરતો હતો. એક પ્રાણીને ઉપાડી શકવા જેટલી શક્તિ પણ એનામાં ભાગ્યે જ હતી, ત્યાં આ બેવડો બોજો શી રીતે ઘર ભેગો કરવો? અને નહિતર કયું એક લઇ જવું? એક એનો પ્યારો દોસ્ત હતો, બીજું એની આજીવિકાનું અને એનાં બાળકોનાં ઉદરપોષણનું સાધન હતું. તરત તેને એક વિચાર આવ્યો: 'ધારો કે હું એ શામ્વા મારી શકયો હોત તો આ વિચાર કરવા ઊભો રહેત?' એ જ ઘડીએ એને પોતાના માનસમાં છૂપેલી નબળાઇ સમજાઇ અને બીજી જ પળે એણે નીચા નમી એ બંને શબને આગલા પગથી પકડી એકેક ખભા પર નાખી દીધાં. છેવટે બંને તરફ સરખું વજન હતું એ પણ આ લપસણા રસ્તા પર એક આશ્વાસન હતું.


ઘણી જ મુશ્કેલીથી પગ માંડતો તે આગળ ને આગળ વધતો જતો હતો; પણ પોતે ગમે તેવો ચાલાક છતાં રૉબર્ટની ખોટ તેને દર પગલે જણાતી હતી. રૉબર્ટ એને આંધળાની લાકડી જેવો હતો. એના વિના સાચો રસ્તો કોણ બતાવે? અને છતાં શિકારીની ચાલાક નજરથી તે એ અજાણી ભૂમિને માપતો આગળ ચાલ્યો જતો હતો.

પણ પગ નીચે ઓચિંતો આ ધ્રૂજારો! ભલા ભગવાન! ઓહ! કડડભૂસ કરતી બરફની પોપડી તૂટી અને ત્રીસ ફૂટ ઊંડી બરફમય ખાઈમાં તે જઇ પડયો. શિયાળાની સખત ઠંડીને લીધે હવામાંનો ભેજ ખાઇના મોઢા પર બરફની આછી પતરીરૂપે પ્રથમ બંધાઇ ગએલો અને તેના પર વધારે ને વધારે બરફ જમા થતાં તે દળદાર થઇ ગએલો. જો રૉબર્ટ જીવતો રહ્યો હોત તો સૂંઘીને એ પોપડીની નીચેનું પોલાણ જાણી શકત, અથવા છેવટે પીટરનો એક હાથ છૂટો હોત તો પોતાનું ક્રૉસ-બો પછાડીને અવાજ પરથી પણ તે પારખી શકત.

પણ શિકારીના જીવનમાં આવા સાદા અકસ્માતો તો થયા જ કરે અને તેથી એટલી ઊંચાઇથી પડેલા પીટરની મૂર્છા પાછી ન જ વળે . . . ન જ વળે તોપણ શું? માથા નીચે મખમલથી પણ મુલાયમ શરીરવાળું શામ્વા અને છાતી ઉપર પ્રાણથી પણ પ્યારો કૂતરો એવી કબર તો કોઇ પણ શિકારીને ઇર્ષ્યા જ કરાવે ને?

હરિકૃષ્ણ વ્યાસ

(ભૌગોલિક વિગતોને આધારે રચેલી મૌલિક નવલિકા)



દિનેન્દ્રનાથ ઠાકુર (અનુસંધાન પૃ. ૩૨પથી)

સ્વરલિપિ લખતા હોય કે પછી અર્વાચીન સાહિત્યનું કોઇ અંગ્રેજી કે બંગાળી પુસ્તક એકાગ્ર ચિત્તે વાંચતા હોય. એવે વખતે પણ એમની પાસેથી ગીત શીખનાર મંડળી કે એમાંનું કોઇ કંઇ પૂછવા જાય તો દિનુબાબુ સદા તત્પર રહેતા. શિષ્યો પ્રતિનો એમનો વાત્સલ્યભાવ મને અજોડ લાગ્યો છે. ભરબપોરે ઉનાળામાં અમે એમની પાસે ગીત શીખવા જતા ત્યારે અમને આગ્રહ કરીને એ ઠંડું શરબત પીવડાવતા. એમનો વિનોદી અને આનંદપ્રિય સ્વભાવ અને એમની sports man જેવી મનોવૃત્તિથી એમના પ્રથમ પરિચયમાં આવનારને એમના પ્રતિ સન્માનની લાગણી થતી. મહર્ષિદેવેન્દ્રનાથ, બડાદાદા, અને કવિવરનો બાલ્યકાલથી સહવાસ હોવાને લીધે એમના જીવનપ્રસંગો સાંભળતાં કેટલી યે વાર સંગીત પછીના વર્ગોમાં ગેરહાજર રહ્યાનું મને યાદ છે.

આ ઉપરાંત દિનુબાબુ એક કુશળ અભિનયકાર અને નેપથ્યવિધાયક પણ હતા. કવિવર ટાગોર પોતે ઘણી યે વાર ટાગોર કુટુંબના અને શાંતિનિકેતન-વાસીઓના સહકારથી પોતાનાં નાટકો ભજવે છે. પોતે પણ તેમાં રસપૂર્વક ભાગ લે છે. એમના 'વિસર્જન' –Sacrifice–નાટકમાં 'રઘુપતિ' નો પાઠ ભજવતા દિનુબાબુને જોનારા એમની ઉચ્ચ કોટિની અભિનય-કલાની હજી યે પ્રશંસા કરે છે. 'તપતી' નાટકમાં રાજાનો મુખ્ય પાઠ કવિવરે પોતાની શ્વેત દાઢીને શ્યામ રંગીને ભજવેલો ત્યારે તેમની સાથે રાજસખા દેવદત્તનો પાઠ દિનુબાબુએ કર્યો હતો. બદામી રંગનું કેડિયું ને ઉપવસ્ત્ર તથા માથે સાફો બાંધેલી દિનુબાબુની પ્રભાવ પ્રસારતી મૂર્તિ હજી યે મારી નજરે છે. 'હે ભૈરવ ! શક્તિ દાઓ' એ ગીત ગાતા વૃન્દને અગ્રપદે રંગભૂમિ પર એમની મૂર્તિ આવતાં જ શ્રોતાવર્ગમાં શાંતિ ફેલાઇ જતી.

'ફાલ્ગુની'–Cycle of Spring–નાટકના ઉપ-હારપૃષ્ઠ ઉપર કવિવરે દિનુબાબુનો યથાર્થ પરિચય કરાવતાં એમને પોતાનાં 'સકલ ગાનેર ભાંડારી' અને 'સકલ નાટેર કાંડારી' (સુકાની) કહ્યા છે.

દિનુબાબુ એક રસજ્ઞ સમાલોચક અને ઉચ્ચ કોટિના કવિ પણ હતા. અંગ્રેજી અને બંગાળી સાહિત્યધારા સાથે એમનો નિકટનો પરિચય હતો. ફ્રેંચ ભાષાનું પણ એમને જ્ઞાન હતું. પચાસ વર્ષની ઉમરે પણ ફારસી શીખીને મૌલાના ઝીઆઉદ્દીન પાસે એ તત્ત્વચિંતક હાફિઝનાં લખાણો વાંચતા. એમણે પોતે રચેલાં ગીત-કાવ્યો સ્વરલિપિ સાથે કલકત્તાના 'મુક્તધારા' નામક માસિકમાં પ્રકટ થતાં. 'સંગીત-વિજ્ઞાન'નામના વિખ્યાત માસિકના એ એક મુખ્ય તંત્રી હતા. રવીન્દ્ર-સંગીતના વર્ગમાં અમારા આગ્રહથી દિનુબાબુ કોઇ વખત એમનાં પોતાનાં ગીતો શીખવતા. કલકત્તા તથા અન્ય સ્થળોએ પણ ગાયનવાદનની અનેક હરીફાઇઓમાં દિનુબાબુને ન્યાયાધીશ થવું પડતું.

એમની કલાપ્રિયતાનું તો 'સુરપુરી'માં પ્રવેશ કર-નારને તરત જ ભાન થતું. એમના કામ કરવાના ખંડમાં કલાકારો પાસે દોરાવેલાં સુંદર ભીંતચિત્રો, ટેબલની બાજુએ પડેલો વિખ્યાત ચિત્રકારોનાં ચિત્રોનો સંગ્રહ અને ઘરનાં પડદા-ચાદર એ બધું, પોતાની મોટરમાં નીકળી પડીને અજન્ટાની ગુફાઓ જોઇ આવનાર એ કલારસિકનો પરિચય કરાવવા માટે બસ હતું. કા-ઠિયાવાડમાં મળતા ભરવાડના રંગબેરંગી કિનારવાળા ઊની કામળા પણ એમણે ખાસ મંગાવેલા એ મને યાદ છે.

એમના બધા યે શિષ્યો એમને દિનદા (=દિનુદાદા) કહીને બોલાવતા. જ્યાંજ્યાં રવીન્દ્ર-સંગીતનો કાર્યક્રમ હોય ત્યાં દિનુબાબુ જ નેતૃત્વપદે હોય તેથી, તેમના શિષ્યોને એ આધારે જ ચાલવાની પડી ગએલી ટેવને તે પોતે અનિષ્ટ ગણતા; એટલે કેટલાક પ્રસંગોને વખતે એમણે નિવૃત્તિ લીધી હતી. તે વખતે જણાએલું કે તેમણે અથાગ પરિશ્રમ લઇને કેળવેલાં છાત્રછાત્રીઓમાં પણ નેતૃત્વ લઇ શકે તેવાં છે. થોડા જ વખત ઉપર શિશુવયથી શાંતિનિકેતનમાં રહીને રવીન્દ્ર-સંગીતમાં નિષ્ણાત થએલાં કલાકાર શ્રી સુરેન કારનાં પત્ની રમાદેવીનું અકાળ અવસાન થયું. એ ખબર દેતા પત્રમાં દિનુબાબુએ મને લખેલું: 'It ts a great personal blow and irreparable loss'.

બે વર્ષ પહેલાં એમના પચાસમા જન્મોત્સવ વખતે શાંતિનિકેતનમાં એમને અભિનંદન અર્પવા સભા મળેલી. અગત્યના કામે કલકત્તા ગએલા હોવાથી કવિવર ઉપ-સ્થિત રહી ન શકયા તેથી તેમણે એક આશીર્વાદ-કાવ્ય પાઠવ્યું હતું. એ કાવ્યમાં દિનુબાબુના 'ઉદાર-દાન'ની મુક્ત કંઠે પ્રશંસા કરતાં કવિવરે લખ્યું છે:

'રવિર સંપદ હોતો નિરર્થક તુમિ જદિ ના'રે
ના લઇતે આપનાર કરિ' જદિના દિતે સબારે.'

(રવિ (રવીન્દ્રનાથ)ની સંપત્તિને જો તમે અપનાવી

લઇને સૌને અર્પણ ન કરી હોત તો એ નિરર્થક જાત.)

શનિવારે–૨૦ જુલાઈ–રાતના છેક દસ વાગ્યા સુધી તો રમતોના શોખીન દિનુબાબુ વિનોદ કરતા એમના કુટુંબજનો સાથે પત્તાં રમતા હતા ત્યારે કોને ખબર હતી કે એમની એ શેષ રાત્રિ હતી? રવિવારે સવારે જ એમને અચાનક apoplexyનું અસાધ્ય દરદ થઈ આવ્યું. કલકત્તાના સુવિખ્યાત ડૉક્ટરોના અનેક પ્રયત્નોથી પણ એમને આરામ ન લાગ્યો અને અગિયાર વાગ્યે તો એકાએક સૌને સૂનાં મૂકી દિનુબાબુ પરલોક પધાર્યા. એમનો સૂનો સંસાર શોભાવનાર એમની પાછળ એકલાં પડેલાં એમનાં પત્ની કમલાદેવીને માટે આ આઘાત અતિ કઠોર અને અસહ્ય છે.

સદ્‌ગત દિનુબાબુનો આત્મા શાંતિ પામો.

પિનાકિન્ ત્રિવેદી

અશક્ય વૈર

એક વખત નીર અને કમલપત્રો વચ્ચે મોટો વિખવાદ થયો.

નીરે કહ્યું: 'તમે અહીંથી ચાલ્યાં જાઓ; અમારી વચ્ચે રહેવા છતાં તમે અમારાથી અલિપ્ત રહી અમને અપમાન આપો છો.'

'પણ અમે તો તમારાં બાળક છીએ, અમારાથી જ તમારી શોભા; અમને કાઢતાં તમને બહુ હરકત પડશે.' કમલપત્રોએ આજીજીથી કહ્યું.

'તો પછી તમે અમારા સ્પર્શથી ભીંજાતાં કેમ નથી?–એટલી ભિન્નતા રાખો અને વિરૂધ્ધ થઇને રહો તે શોભા ગણાય ખરી કે?' નીરે ઉગ્રતાથી કહ્યું.

'તે તો અમારી એક બાલહઠ છે, કોઈ વિરોધ નથી.' પત્રોએ સમજાવ્યું.

'ના, પણ એમ તો નહિ જ ચાલે. તમારે જો અહીં રહેવું હોય તો ભિંજાવું તો પડશે જ'. નીરે સંભળાવ્યું.

'એ ના બને. તમે એમ અમારી બાલહઠ તો નહિ જ છોડાવી શકો. પત્રોએ મક્કમતાથી કહ્યું.

'તમારે તે છોડવી જ પડશે;–નહિતર અમે તમારી હસ્તી જ મિટાવી દઇશું.' નીરે સખ્તાઈથી કહ્યું.

'પણ તમારાથી તે બની જ શકવાનું નથી.' પત્રોએ ખુમારીથી કહ્યું.

'કારણ?' નીરે ચિડાઇને પૂછ્યું.

'કારણ કોઈ સમય પર કહીશું.' પત્રોએ ગંભીરતાથી કહ્યું.

પણ નીર અત્યંત ગુસ્સે થયું હતું. તેણે તેમને દૂર કરવાનો નિશ્ચય જ કરી લીધો. હવે તેમને શી રીતે અળગાં કરવાં તેનો વિચાર તે કરવા લાગ્યું. બીજો કશો રસ્તો નહોતો, માત્ર તેમને સુકાવી દેવાય તો જ તેમની હસ્તી મટે તેમ હતું.

તે માટેની તૈયારી પર તે આવ્યું; અને ત્યારે જ તેને પોતાની મુસ્કેલી સમજાઇ કે તેમને સૂકવવા માટે તેને પોતાને જ પહેલું સુકાઇ જવું પડે તેમ હતું.

તે પસ્તાયું અને તેમને હેતથી મનાવી લીધાં.

થોડો સમય વીત્યો, અને ઉનાળાનો પ્રખર તાપ પડવા લાગ્યો; દિનપ્રતિદિન નીર સુકાતું જતું હતું.

સાથેસાથે પોલાં કમલપત્રો પણ સૂકાતાં ચાલ્યાં.

થોડા વખતમાં નીર સાવ સુકાઇ જવા આવ્યું; કમલપત્રો પણ છેલ્લા શ્વાસ લઇ રહ્યાં હતાં.

પાણીનું છેલ્લામાં છેલ્લું બિંદુ સુકાઇ જવાની તૈયારીમાં હતું, ચીમળાઇ ગએલાં કમલપત્રો મરતાંમરતાં પણ પોતાની છાયાંથી તેનું રક્ષણ કરી રહ્યાં હતાં.

જ્યારે તે છેવટના બિંદુનો પણ છેલ્લો અવશેષ સુકાવા આવ્યો, ત્યારે કમલપત્રોએ તેને રડતાંરડતાં કહ્યું: 'પેલું કારણ સમજાવવાનો સમય અત્યારે જ આવી પહોંચ્યો છે, કારણ કે થોડી ક્ષણ પછી તમે અને અમે એક સાથે મૃત્યુ પામીશું.'

'સમજાવો તો'. નીરે છેલ્લી વિદાય લેતાં કહ્યું.

'તમારા મૃત્યુ પછી જે જીવી શકે તેમ નહોતાં, તેને તમે જીવતાં–જીવન મિટાવી શકો તેમ નહોતાં.'

અને આટલું કહેતાં તેમણે મૃત્યુ પામતા નીરના છેલ્લા અવશેષનો સથવારો કર્યો.

પરમાનન્દ ગાંડાલાલ ત્રવાડી

સ્મરણયાત્રા

ગણપતિનો પ્રસાદ



છેક નાનપણની વાત છે.

ભાદ્રપદનો મહીનો આવ્યો. ગણપતિ બાપા મોરયા ઘરમાં પધાર્યા. ટેબલ પર એક સુંદર કીમતી બનુસ પાથરેલું હતું. એના પર લાખી રંગનો પાટલો. પાટલા પર કુંકુમ મિશ્રિત અક્ષત અને એના ઉપર ગજાનન મહારાજ વિરાજમાન હતા. ટેબલ આગળ જમીન પર ત્રાંબાના મોટા તરભાણામાં હળદર અને ચૂનાથી બનેલું લાલ પાણી ભરેલું હતું. એ પાણીમાં ગણપતિનું જે ઊંધું પ્રતિબિમ્બ પડે એ જોવાથી વધારે પુણ્ય મળે છે એવી એ વખતની માન્યતા. આજની ભાષામાં કહું તો પાણીમાં પડેલું પ્રતિબિમ્બ મૂળ બિમ્બ કરતાં વધારે કાવ્યમય હોય છે.

ગણપતિની પૂજા થઇ. ગણપતિની બે બાજુ પર બેઠેલી ગૌરીઓની પણ પૂજા થઇ. આ ગૌરીઓ તે ગણપતિની માતાઓ. એક ગૌરી એક નાનકડા માટલા પર માટીનો કોડિયો કે તાંસળી ઊંધી મૂકીને બનાવવામાં આવે છે. એ ગૌરીના પેટમાં ચોખા, હળદરનો ગાંઠીઓ, સોપારી અને પંચરત્ન મૂકવામાં આવે છે. ગળામાં મંગળસૂત્ર. ઢાંકણા ઉપર નાક, કાન, આંખો અને માથા પરના વાળ બરાબર ચીતરેલા હોય છે. આ ગૌરીની પૂજા આખો શ્રાવણ મહીનો થાય છે. બીજી ગૌરી એ વનશ્રીની શોભા હોય છે. એકવીસ જાતનાં પાંદડાં ભેગાં કરી એની મોટી પૂળી બાંધવામાં આવે છે, અને એની આસપાસ બે પારણાં વચ્ચે બેઠેલી ગૌરીના ચિત્રવાળો કાગળ વીંટળાએલો હોય છે.

આવા ગણપતિની અને એની બે માતાઓની વિધિસર પૂજા થઇ. અમે તાળીઓ વગાડતાં વગાડતાં આરતી પૂરી કરી અને ગણપતિના પ્રસાદના મોદક ભક્ષણ કરી રમવા ગયા.

ઘરમાં કોઇ સામાન્ય મહેમાન આવે તો યે અમને બાળકોને આનંદ થતો; તો પછી તહેવારને દિવસે ગણપતિ જેવા દેવ પધારે ત્યારે તો પૂછવું જ શું? અમારી સ્વાગતસમિતિએ બેત્રણ દિવસ કસીને મહેનત કરી હતી અને ગણપતિની આસપાસ સરસ શોભા સજાવી હતી. સાંજે ચંદ્રદર્શન કરાય નહિ એટલા માટે અમે રમત જલદી પૂરી કરી અને ઘેર આવ્યા. તે દિવસે બપોરે પડોશના એક ભાઇએ મને ટચલી આંગળી જેટલી જાડી અગરબત્તી આપી હતી. અમારા ઘરમાં તો અગરબત્તીઓ બધી પાતળી જ રહેતી. મને અનુમાન થયું કે જાડી અગરબત્તી કીમતી હોવી જ જોઇએ. એની સુગંધપણ વધારે સારી હોવી જોઇએ. અગરબત્તી લઇને ઘરમાં ઘૂસ્યો, ત્યાં ગજાનન મહારાજ જોયા. મનમાં ભક્તિનો ઊભરો ઉદ્ભવ્યો. આટલી સરસ અગરબત્તી તો ગણપતિને જ અપાય. ફરીવાર મનમાં થયું કે સાંજરે ફટાકા ફોડતી વખતે જાડી અગરબત્તી કેટલી કામમાં આવશે! રાતના ફટાકા અને સન્મુખ બેઠેલા ગણપતિ વચ્ચે મનમાં લાંબા વખત સુધી સ્વયંવર ચાલ્યો. આખરે દુન્યવી ડહાપણે માંડવાળનો રસ્તો સુઝાડ્યો. અરધો ભાગ ગણપતિને આપીએ અને અરધો ફટાકા માટે રાખીએ. આટલી લાંબી અગરબત્તી તોડતાં પ્રથમ તો જીવ ન ચાલ્યો. આખરે બે કકડા કર્યા. પણ અંદરની વાંસની સળી કંઈ એમ ને એમ તૂટે? બીજું કશું સાધન ન હોય તો યે ઇશ્વરે દાંત અને નખ તો આપ્યા જ છે, એમનો ઉપયોગ કર્યો અને અગરબત્તીનો અરધો ભાગ સળગાવી, ટેબલને અડી ન જવાય એની સાવચેતી રાખી, સળગતો છેડો ખુલ્લો રહે એવી રીતે અગરબત્તી બનુસ ઉપર અદ્ધરથી મૂકી દીધી. દાંત વાપરીને અગરબત્તી એંઠી કરી એનો ખટકો મનમાં સહેજ આવ્યો, પણ એને ત્યાં જ દાબી દીધો અને ફટાકા ફોડવા મેડા પર ચાલ્યો ગયો.

આ વખતે અમે કારવારમાં રામજી શેઠ તેલી નામના કચ્છી વેપારીના ઘરમાં ભાડે રહેતા હતા. રામજીશેઠ પાસે જઇ મેં વાર્તાની ઉઘરાણી કરી. એમણે પણ, એક રાજાએ જંગલમાં સરસ દૂધ પાનાર ભરવાડ પર ખુશ થઇને એને એક પાંદડા પર બક્ષિસપત્ર કરી આપેલાં ૩૬૦ ગામ એની બકરી એ પાંદડા સાથે

ખાઇ ગઇ તેની રમૂજી વાર્તા કહી દીધી. બીચારો ભરવાડ રોવા લાગ્યો. 'कहुं कुछ कहुं कुछ कहा न जावे ..वकरी ३६० गाम खा कर गई और भूखी की भूखी.' નાનપણના એ શબ્દો જેવા ને તેવા હજી બરાબર યાદ છે, એ ભાષા ગુજરાતી છે કે કચ્છી છે કે મારવાડી તેનું સંશોધન હજી મેં નથી કર્યું.

વાર્તા સાંભળીને ઘરમાં પાછો આવ્યો તો ત્યાં ટેબલ પરનું બનુસ ટેબલ પર ન હતું. પિતાશ્રીના હાથમાં હતું અને એમાં બળી જઇને ખાસ્સું કરેણના પાંદડા જેટલું કાણું પડી ગયું હતું! તહેવારને દિવસે સરસ બનુસ બગડી ગયું અને અપશુકન જેવું તો ખરું જ, એટલે પિતાશ્રી ચીડાયા હતા. એમણે મને પૂછ્યું 'આ કોણે કર્યું છે?' મારી અગરબત્તીનો પ્રતાપ હું તરત જ ઓળખી શક્યો, એટલે ડરતાં ડરતાં મેં કહ્યું 'મેં જ.' તરત જ મારા લમણા પર ફટાકો ફૂટ્યો અને બીજો વાંસે. હું ત્યાંથી રોતો રોતો નાઠો.


આઇ સાથે વાતચીત કરવાની નવરાશ મળી ત્યારે મેં ડુસકાં ભરતાં કહ્યું કે બનુસ બળી જશે તેનો ખ્યાલ મને ક્યાંથી આવે? મેં તો ભક્તિથી અગરબત્તીનો એક કકડો સળગાવી મૂક્યો હતો. પણ ગણપતિ રાજી ન થયા.

મારી વાત જાણ્યા પછી પિતાશ્રીને પણ માઠું લાગ્યું કે નાહક તહેવારને દિવસે આપણે દત્તુને માર્યો. મને આટલેથી જ સંતોષ થયો.


અગરબત્તીનો બીજો કકડો સળગાવી જોયો ત્યારે એમાં જરા યે સુગંધ ન મળે. પછી તો એ અગરબત્તી પર હું ખૂબ ચીડાયો. સાચે જ એ અગરબત્તી માત્ર ફટાકા ફોડવાના જ કામની હતી.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

નવાં પુસ્તકોની નોંધ



અથડાતાં હૈયાં: લેખક–ઐયુબખાન ખલીલ, પ્રકાશક–બે ઘડી મોજ કાર્યાલય ૭૪ ઓલ્ડ કસ્ટમ હાઉસ રોડ, કોટ મુંબાઇ–૧, ૩–૮–૦; **ઘૂમો પારેવડાં:** લેખક અને પ્રકાશક–પ્રાણશંકર મયારામ ઉપાધ્યાય (યોગી), ભગવતપુરા ગોંડલ, ૦–૦–૩; **બાળસંવાદો તથા નાટકો:** લેખક પ્રકાશક–વિઠ્ઠલરાય યજ્ઞેશ્વર આવસત્થી ભાવનગર, ૦–૧૦–૦; **राजस्थानरा दुहा (भाग पहलडो):** પિલાણી રાજસ્થાની ગ્રંથમાળાનું બીજું પુસ્તક, મહામહોપાધ્યાય રાય બહાદુર શ્રી ગૌરીશંકર હીરાચંદ ઓઝા દ્વારા લિખિત પ્રવચન સહિત–સંગ્રહકાર અને સંપાદક–શ્રી નરોત્તમદાસ સ્વામી, એમ. એ. વિશારદ, પ્રકાશક–નવયુગ–સાહિત્ય–મન્દિર, પોસ્ટ બૉકસ નં ૭૮ દિલ્હી, ૨–૦–૦; **ગોપિકા:** લેખક-પ્રકાશક—ન્હાનાલાલ દલપતરામ કવિ, ૧–૮–૦; **આંસુનું જીવન:** લેખક–યશવન્ત મ. દેસાઇ, પ્રકાશક સી. જમનાદાસની કં. મુંબાઇ–૨, ૧–૮–૦; **સ્મરણમંજરી:** (એક શ્રેયાર્થીનું ચરિત્ર અને સંસ્મરણો) લેખક સંપાદક અને પ્રકાશક–રતુભાઈ દેસાઇ, રવિભવન પાર્કરોડ વીલેપારલે, ૦–૫–૦; **કર્મયોગી રાજેશ્વર:** ('પ્રજાબંધુ'નું ૧૯૩૫નું ભેટ-પુસ્તક) લેખક–ચુનીલાલ વર્ધમાન શાહ, પ્રકાશક–ઈન્દ્રવદન ઠાકોર, પ્રજાબંધુ ઑફિસ ખાડિયા અમદાવાદ, ૧–૧૨–૦; **આરતી:** લેખક–સુરેશ ગાંધી, પ્રકાશક–નવચેતન કાર્યાલય, ૧૦ પૉલૉક સ્ટ્રીટ કલકત્તા, ૧–૪–૦; **જીવનસંગીત:** લેખક–ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ, પ્રકાશક–ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધીરોડ અમદાવાદ, ૨–૦–૦; **વિજ્ઞાનિકા:** લેખક–નટુભાઇ, **ફળકથા** ૧ અને ૨: લેખક–રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ, **જાપાનિકા:** લેખકો–કસનજી દેશાઈ અને જીવરામ જોશી, ગાંડીવ બાલોદ્યાન માળાનાં પુસ્તકો, પ્રકાશક ગાંડીવ સાહિત્ય મંદિર ભાગા તળાવ સુરત, કિંમત અનુક્રમે ૦–૩–૦, ૦–૪–૦, ૦–૩–૦ અને ૦–૪–૦; **ગોરીલાનો પ્રેમ** અને બીજી કુમાર કથાઓ: ગાંડીવ કુમાર માલાનું પહેલું પુસ્તક, લેખક–દીનુભાઇ જોશી, પ્રકાશક ઉપર પ્રમાણે, ૦–૮–૦; **તવારીખની તેજછાયા:** જગત-ઇતિહાસનો પરિચય કરાવતા જવાહરલાલ નહેરૂના વિખ્યાત પુસ્તકનો અનુવાદ, પ્રકાશક–સૌરાષ્ટ્ર કાર્યાલય, રાણપુર; **આદર્શ ગૃહસ્થાશ્રમ:** લેખક–મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી, પ્રકાશક–લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી, મંત્રી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર, સાબરમતી, ૦–૧૦–૦; Gujarat & Its Literature: by K. M. Munshi, Longmans Green & Co Ltd., 53 Nicol Road, Bombay 1, Rs. 6–0–0.



ડાબી બાજુથી (૧) 'તલ્લીન'–રતિલાલ ગાંધી (અમદાવાદ): બીજું ઇનામ: (૨) 'ડિઝાઇન'–એમ પી. સોની (ભાવનગર): ત્રીજું ઇનામ: (૩) 'બગભગત'–મહેન્દ્ર સી. પટેલ (મુંબાઇ): પહેલું ઇનામ.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ માસની હરીફાઈમાં શરૂઆતમાં એક વાત તરફ હરીફોનું ધ્યાન ખેંચીએ છીએ. ઘણા હરીફ અના એ ફોટોગ્રાફ ફરી ફરી હરીફાઇમાં મોકલે છે. એ કૃત્યની પાછળની મનોભાવના એવી જણાય છે કે તેમના ફોટોગ્રાફ સરતચુકથી ઈનામ મેળવતા રહી ગયા હશે; એટલે ઇનામની આશાએ બીજી તક લે છે. આ ખ્યાલ ભૂલભરેલો છે. હરીફાઇમાં મળતો દરેક ફોટોગ્રાફ કાળજીપૂર્વક જોવાય છે. એટલે ગુણવાળા ફોટોગ્રાફ બાજુએ રહી જવાનો જરા પણ સંભવ નથી એ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

ફોટોગ્રાફીના એક સારા નમૂના રૂપ 'બગભગત' નામનું મહેન્દ્ર સી. પટેલ (મુંબાઇ)નું ચિત્ર પહેલા ઇનામને પાત્ર ઠર્યું છે. નદી કાંઠે એક પગે ઊભા રહેલા પંખીની એકાગ્રતા વિષયનું સ્વરૂપ સાચવે છે રેશમ જેવાં સુંવાળાં પીંછાંની મુલાયમતા ચિત્રવર્ણનમાં આબાદ ઊતરી છે. ચિત્ર વિષયમાં હજુ વધારે ઉઠાવ લાવવા નીચેના કિનારથી ૩/૮ ઇંચ પ્રિન્ટ કાપવાની આવશ્યકતા છે તેમ કરીને બાકીના ભાગનું સારૂં એન્લાર્જમેન્ટ કરી, બૅકગ્રાઉન્ડમાં દૂરદૂર દેખાતાં આઉટ ઑફ ફોકસ પક્ષીઓના ધોળાં ધાબાં પેન્સિલની ભૂકી અગર ચારકોલ વાપરી સફાઈથી પૂરી દેવાથી વધુ આકર્ષક ચિત્ર ઉપજાવી શકાય.

બીજું ઇનામ 'તલ્લીન' નામના ચિત્ર માટે રતિલાલ ગાંધી (અમદાવાદ)ને મળે છે. રોજના બજારૂ વ્યવહારમાં અનેક ચિત્રમય દશ્યો અને પાત્રો મળે છે; તેને તેના કાર્યપરાયણ સ્વરૂપમાં ઉતારવામાં દૃષ્ટિબિંદુ સાચવવાની જરૂર છે ધંધાફેરી કરનાર આ પરદેશી સરાણિયો એક આકર્ષક પાત્ર છે. ભાઈ ગાંધીએ નમૂનેદાર માણસ શોધ્યો છે. તેની પાસે ધાર કઢાવવા ઊભેલો ગામડિયો પણ ક્રિયાના બિંદુ તરફ નજર સ્થિર કરાવે છે. આ ચિત્રમાંથી દૂરનાં માણસોવાળો ભાગ કાઢી નાખતાં મુખ્ય પાત્ર વધુ ખૂણીદાર લાગશે.

ત્રીજું ઇનામ, વેલગૂંથણીમાં મોરપોપટ કોતરેલી જાળીની 'ડીઝાઈન' માટે ભાઈ એમ પી. સોની (ભાવનગર)ને મળે છે. શિલ્પ અને કળાની સુંદર કૃતિઓની કદર કરવા—કરાવવાનું કાર્ય કૅમેરા મારફતે બહુ સરળતાપૂર્વક કરી શકાય. એક દેશના સુંદર વસ્તુ કૅમેરાની કરામતથી પૃથ્વીને છેડે આવેલા બીજા મુલકમાં બતાવી શકાય છે અને તેનો આનંદ આપી શકાય છે. પણ કૅમેરા પાછળ કદર કરનારી આંખ જોઇએ ભાઈ સોનીએ ભાવનગરને કોઇ ખૂણે રહેલી આ સુંદર કૃતિ સફળતાપૂર્વક રજુ કરી છે. તેનું કદ સમજી શકાય એવી વસ્તુરચનાની જરૂર રહી ગઇ છે હવે પછી કોઇ યોગ્ય પાત્રને રચનાનું કેન્દ્ર બનાવી પાછલા ભાગમાં આ જાળીનો અંદરથી દેખાવ લેવા પ્રયત્ન કરશે તો નવી ખૂબીવાળું છાયાચિત્ર બનશે. યોજના અને છાયા પ્રકાશનો ખ્યાલ આગળથી કરવાથી કામ સરળ બનશે.

આ બંને ચિત્રો મોકલનારાઓએ યોગ્ય નામકરણ કર્યું નથી. 'તલ્લીન' જેવો સંસ્કારી શબ્દ બજારૂ ધંધામાં શોભતો નથી; તેમજ 'ડિઝાઇન' જેવો અંગ્રેજી શબ્દ અસલ હીંદી કારીગરીની જાળીને નામે મૂકવો ઠીક નથી.

પ્રભાશંકર ત્રિવેદી (ઝાંઝીબાર)નું 'ચિંતન' અને રવિ ગાંધીનું 'લીંબડીનો ટાવર' પ્રશંસનીય ચિત્રો છે. બંનેમાં ચિત્તાકર્ષણ કરે એવાં તત્ત્વો ખૂટે છે

ભાઇ મહેન્દ્ર પટેલનું 'પનિહારીઓ' સરસ ચિત્રવિષય છે, પણ વસ્તુગૂંથણી સચવાઇ નથી. પરંતુ તેમણે લીધેલી છબી સરસ છે, એટલે તેના જુદા ખંડ કરી લેવાથી બેત્રણ ચિત્રો સાધી શકાશે.

આગળથી સાવચેત રહો નવરાત્ર અને દીવાળીના તહેવારો ફોટોગ્રાફી માટે અનેક પ્રસંગોથી ભરેલા હોય છે. પૂજા, ઘરમાંની કામગરીઓ, શોભાઓ, બાળકોની રમતો વગેરેમાંથી ચતુર કૅમેરાબાજ ઘણાં ચિત્રો કરી શકે. **બલવન્ત ભટ્ટ**